શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર
એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કક્ષ • વર્ષ-૮ • અંક-૩ • ફેબ્રુઆરી-માર્ચ-૧૩

## વ્યવસાયલક્ષી વિશેષાંક

### કારકિર્દીના વિવિધ ક્ષેત્રો

- ખાન-પાન ક્ષેત્ર
- શિક્ષણ ક્ષેત્ર
- મેડીકલ
- સાયન્સ
- કલા
- નર્સિંગ
- ફાર્મસી
- એન્જીનીયરીંગ
- કોમર્સ
- કાયદા ક્ષેત્ર
- કોમ્પ્યુટર
- જેમ્સ એન્ડ જ્વેલરી
- પરંપરાગત કારીગરી

## ઉદ્યોગો માટે સરકારશ્રીની પ્રોત્સાહક યોજનાઓ

વિવિધ જ્ઞાતિ કાર્યક્રમોનું આયોજન : અંજાર, ભુજ, ગઢશીશા, વિથોણ

Maganlal Barmeda
+ 91 94077 54596

Praful M. Barmeda
+ 91 93022 20888
+ 91 94242 26637

Paresh M. Barmeda
+ 91 94255 13684
+ 91 93297 73777

ASIAN
PVC & Plastics
Manufacturer & Trader Of
All Type PVC & Plastic Pipes

AARYAN
Colonizers & Developers Pvt. Ltd.

Off. : 107-1st Floor, Arihant Complex, Station Road, Raipur (C.G.)
Fac : Urkura Industrial Area, Rawabhata, Raipur (C.G.)
Email : asian_plast@hotmail.com, aaryan_dev@hotmal.com

With Best Compliment From ....

Jayesh B. Pomal +91-9424225067, +91-9329599889
Shobhna J. Pomal +91-9300445567
Rishabh J. Pomal +91-9039103302
Chirag J. Pomal +91-9424233586, +91-9302155574

JRC STEEL

JRC STEEL INDIA PVT. LTD.
Deal : Joints, Channels, Angles, TMT Bars

Office :
36/ 588, "POMAL WINGS"
Fawwara Chowk, Byron Bazar,
Raipur (C.G.)
Tele fax : 0771-4068987

E-mail : jrcsteelraipur@yahoo.com

Site :
Tendua - Sondongri Road,
Tendua, Raipur (C.G.)

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૮ ● અંક : ૩
ફેબ્રુઆરી'૧૩ - માર્ચ'૧૩

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**વ્યવસ્થાપક સમિતિ**
***ચેરમેન***
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
***માનદ્ સંયોજક***
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
***મુદ્રણ આયોજન***
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩
***વેબસાઈટ***
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧
***નાણાકીય આયોજન***
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(ફુલપ્રેસવાળા)
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
● **કોઠારા**
કાંતિલાલ દામજી પોમલ ૯૯૭૯૭ ૯૮૬૨૧
**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



'જેટ' અને 'નેટ' યુગમાં માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્રે, વિવિધ માધ્યમો મારફત મૂશળધાર માહિતી વરસે છે. તેમાં પણ શિક્ષણનું વ્યાપારીકરણ થતાં ઉચ્ચ અને વ્યવસાયલક્ષી શિક્ષણ ક્ષેત્રે, 'પ્રચાર પ્રચૂર માહિતી વિસ્ફોટ' જેવી સ્થિતી છે. જેમાંથી વ્યક્તિગત ઉપયોગી માહિતીનું ચયન **'રજ'** માંથી **'રજત'** કાઢવા જેટલું કઠિન છે.

સોળ સત્તર વર્ષની તરૂણ વયે, બારમું ધોરણ પાસ કર્યા પછી છાત્રોને એમની રસ રૂચિ અને ક્ષમતા અનુસાર, વ્યવસાય અથવા એને લગતા અભ્યાસક્રમ પસંદ કરવામાં થોડું મદદરૂપ થવાનો, 'સેતુ'ના આ અંકનો પ્રયાસ છે. આશા છે, વાંચકો યોગ્ય પ્રતિસાદ આપશે.

'સેતુ' આપણા સમાજમાં પરસ્પર 'સંવાદ' અને 'સમજ' વધારવા પ્રતિબદ્ધ છે. અમારી આ ભાવનાને કર્તવ્ય રૂપે વ્યક્ત કરવા અમે ગત અંકથી સેતુ વધુ વાસ્તવદર્શી બને તે માટે, **'વિકેન્દ્રીત સંપાદન'**નો અનોખો પ્રયોગ હાથ ધર્યો છે. 'વડીલ વંદના વિશેષાંક'નું સફળ સંપાદન ભુજના શ્રી પી. જી. સોનીએ સંભાળ્યું હતું. આ અંક માટે ઉપયોગી સામગ્રીનું ચયન સંકલન અને સંપાદન અમદાવાદના શ્રી તુલસીદાસભાઈ એ કર્યુ છે. આના પછીના અંકમાં મહિલા 'સશક્તિકરણ' અંગે આપણા સમાજની મહિલાઓના વિચારો અને અનુભવો પ્રસ્તુત થશે, જેનું સંપાદન શ્રીમતી લત્તાબેન સોલંકી, કુ. એકતા કટ્ટા અને શ્રીમતી રોહિણી બુદ્ધભટ્ટી સંભાળશે. ઓગષ્ટ અંક 'સેતુ' નો દશાબ્દી અંક હશે. આ અંકમાં શ્રી અતુલ સોની 'સેતુ' માં પ્રકાશીત જ્ઞાતિમંડળોની મહત્વની કાલાતીત માહિતી તેમજ 'સેતુ'ના અનુભવોની ખટમીઠી પ્રસ્તુત કરશે. તે પછીના અંકો વિભિન્ન જ્ઞાતિ મંડળ વિશેષ અંક (દા.ત. ભુજ વિશેષાંક) પ્રકાશીત કરવા પ્રયાસ થશે. આશા છે આ અંકોના સંપાદનમાં જ્ઞાતિ મંડળોના પીઢ અને પ્રબુદ્ધ નેતૃત્વનું માર્ગદર્શન અને યુવા પ્રગતિશીલ કાર્યકરોનો સક્રિય સહયોગ મળશે.

— અસ્તુ

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

**આ અંકના અતિથિ સંપાદક શ્રી તુલસીદાસ કંસારા-અમદાવાદ**

# જ્ઞાતિ સેતુ વ્યવસાયલક્ષી વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ

## અખિલ ભારતીય કંસારા સોની જ્ઞાતિ મહામંડળ-ભુજના પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી સોની, વ્યવસાયલક્ષી વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ



મને એજ જાણીને હર્ષ થાય છે કે જ્ઞાતિસેતુનો આગામી અંક વ્યવસાયલક્ષી શિક્ષણ સંબંધી ઉપયોગી માહિતી આપતો વિશેષાંક છે.

આપણી જ્ઞાતિમાં હવે શિક્ષણ પ્રત્યે ખૂબ જ જાગૃતિ આવી ગઈ છે ત્યારે આવી માહિતી છાત્રોને ખૂબ જ ઉપયોગી નિવડી શકે છે. આજની નવી પેઢી પાસે અઢળક માહિતી તો હોય છે. પરંતુ એમાંથી એમને શું અને કેટલી માહિતી ઉપયોગી થશે તેનું માર્ગદર્શન આવશ્યક છે. જે ‘સેતુ’ દ્વારા તેમને મળશે.

‘સેતુ’ના આ પ્રયાસ બદલ હું એમની સરાહના કરું છું અને અભિનંદન પાઠવું છું.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-ભુજના પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણી, વ્યવસાયલક્ષી વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ



ટેલિફોન પર વાતચીત કરતાં ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીએ વ્યવસાયલક્ષી વિશેષાંક વિશે જાણીને આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે આજે કેળવણીનું પ્રમાણ વધી રહ્યું છે અને કેટલાક નવયુવાનો ભણી લીધા પછી દ્વિધા અનુભવતા હોય છે એ તબક્કે આ બાબતમાં સલાહ સૂચનો મળી રહે તેવા વિષયને લઈને વિશેષાંકનો જ્ઞાતિસેતુના તંત્રીમંડળનો પ્રયત્ન આવકાર્ય છે અને મને ખાતરી છે કે તેને કારણે અનેક યુવાનોને માર્ગદર્શન મળી રહેશે.

આ વ્યવસાય વિશેષાંકને હું મારા તરફથી અને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ ભુજ તરફથી સફળતા અને શુભકામનાઓ પાઠવું છું.

## જોધપુરના સફળ ઉદ્યોગપતિ શ્રી નવરતનભાઈ કંસારાનો વ્યવસાયલક્ષી વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ



*Dear Atul bhai,*

*Thanks a lot for your call for message for special issue of Gyatisetu. As discussed, please find attached herewith our family overview to give you some insight about our family and business .My message is as under;*

“I am happy to know that a special issue of ‘Gyatisetu’ is being published focused on which is the most important aspect of life. At young age, selecting the careear is a challenging task because it determine the course of whole life. Every careear has opportunities but please take note that no opportunity comes without challenges, so be prepared for challenges. Ask your heart, which careear will fulfill your dreams and give you happiness, adopt it and money will follow. Doing analysis before adopting any careear is a good thing but please don’t do over analysis.

Postmortem, it leads to only disappointment. The golden rule is **“Just Do It”**. My sincere wishes for grand success of this issue and believe that its contents will help our young people in selecting right careear.”

*Please express my regards to Shri Hansraj Bhai and all your team.*

*Thanks & Regards,*

***Nav Ratan Kansara***

***Managing Director - Kansara Bearings Ltd.***

તુલસીદાસ કંસારા-અમદાવાદ

તમે આજે ભણી લીધેલ છે અથવા ભણવાના છેલ્લા તબક્કામાં છો અને વિચારો આવે છે કે હવે મારે શું કરવાનું છે ? આવા વિચારો આવવા સ્વાભાવિક છે. આજનો સમય નવરા બેસી રહેવું પોષાય તેમ નથી, તો પોતાની ખિસ્સા ખર્ચી નીકળે તેટલા રૂપિયા પણ, આ મોંઘવારીના જમાનામાં, ઘર માંડ ચાલતું હોય ત્યાં શા માટે ઘરમાંથી લેવા ? કેમ ના જાત કમાઈ કરવી... ? આવા વિચારો પણ સ્વાભાવિક જ છે. આપણા સમાજના આવા જીંદગીને ચો-રાહે ઉભેલ યુવા-ધનને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ચર્ચામાં આવ્યો **વ્યવસાયલક્ષી વિશેષાંક**નો પ્રસ્તાવ, જે તંત્રીમંડળના દરેક સભ્યોને ગમી ગયો અને તેના સંકલનની જવાબદારી નિભાવવાની આવી મારે શીરે. થોડા મિત્રો અને જ્ઞાતિસેતુમાં અવાર-નવાર લખતા લેખકોને આમંત્રિત કર્યા અને એ રીતે તૈયાર થયો આ વિશેષાંક. અહીં તમને મળશે 'કાબેલિયત વધારો - તક્ક આપોઆપ મળશે' નું સૂચન કરતા હરનિશ કંસારા, તો વકીલના વ્યવસાય વિશે અધિકારની રૂએ ફી લીધા વિના સાચી સલાહ આપતા ઈન્દુભાઈ સોલંકી અને બહેનો માટે સ્વરોજગાર વિશે વાત કરતા લતાબેન. તો તબીબીક્ષેત્રે ડોક્ટરી સિવાય પણ અનેક તકોની વાત કરતી યેશા પોમલ, જે પોતે પણ અમદાવાદમાં નર્સીંગનું એજ્યુકેશન લઈ રહેલ છે.

એક આડવાત, દેશની બધી અદાલતો મળીને ૩ કરોડ ખટલાનો ભરાવો થયેલ છે. ન્યાયાધીશોની સંખ્યા માત્ર ૧૯૦૦૦ની આસપાસ છે તેથી સરેરાશ એક ન્યાયાધીશ પાસે કેટલા ખટલા થયા, ત્રિરાશી માંડીને ગણત્રી કરી લો. ૨૦૨૦ સુધીમાં પંદર કરોડ કેશો થવાની સંભાવના છે. ન્યાયાધીશોની સંખ્યામાં ત્રણ ગણો વધારો થશે પરંતુ ખટલામાં પાંચ ગણો વધારો થવાનો છે તો આ ન્યાયના ક્ષેત્રમાં રોજગારીની કેટલી બધી ઉજળી તકો છે તે સમજીને મન કરતું હોય તો લો કોલેજનો રસ્તો પકડવા જેવો છે. વળી આ વ્યવસાયમાં તો સમસ્ત કંસારા સમાજ અમદાવાદના પ્રમુખ ભરતભાઈ કહે છે તેમ શાન પણ છે અને શૌકત પણ છે... સાથે સાથે સખત મજુરી પણ છે હોં ! તો સેતુના સહતંત્રી અતુલ સોની ખાનપાન ક્ષેત્રે અને રાજકારણ મોંકા નહીં એ પણ એક વ્યવસાય છે - જેની વાત આપણને જશુબેન કહે છે. વ્યવસાયની વિપુલ તકો રહે સૂચવે છે અને શિક્ષણ પોતે જ એક ઉચ્ચ કક્ષાનો વ્યવસાય છે તે આપણને સુરતના રૂપાબેન કહે છે.

એન્જીનીયરીંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છા યુવા મિત્રોને સૂચનો આપતો લેખ નિરમા યુનિવર્સીટીના પ્રાધ્યાપક પ્રશાંતભાઈનો નાનો લેખ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, જે અત્યારે નોકરી-ધંધા માટે એવરગ્રીન ક્ષેત્ર છે. તે વિશે આપને 'કમ્પ્યુટરની દુનિયામાં...' જાણવા મળશે. શિક્ષણ ક્ષેત્રની વાતો કરતા સુરતના રૂમાબેન અંજારીયા તેમજ માણસાના કનુભાઈના વિચારો જાણવા દરેક જીજ્ઞાસુઓ માટે પણ રસપ્રદ બની રહેશે. જો તમને ચિત્ર કે સંગીતમાં રસ હોય અને તે ક્ષેત્રમાં કેરિયર બનાવવા માંગતો હોય તો, લલિતકળા બાબતમાં માર્ગદર્શન આપતો સી.એન. વિદ્યાલયના નિવૃત્ત પ્રિન્સીપાલ શ્રી ચંદ્રકાંતભાઈનો લેખ એક દિવાદાંડી સમાન છે. આ સિવાય પૈસા અને પાવર જ્યાં છે તે રાજકારણની દુનિયામાં પગ મૂકતા પહેલા જશુબેને મહેસાણાથી મોકલાવેલ 'રાજકારણ વિશે થોડુંક...' લેખ વાંચી જવો સલાહ ભરેલું રહેશે.

આઝાદી બાદ નોકરીઓની તકો વધતી ચાલી અને જે જે ઘરોમાં ભણતર ને મહત્વ આપવામાં આવ્યું ત્યાં યુવાપેઢીનું ચણતર સારું થયું અને આજે સારી એવી સંખ્યામાં તે પેઢીના યુવાનો પોતાના ભણતર અને બુદ્ધિમત્તાને કારણે નોકરી કરીને ઉચ્ચપદો સુધી પહોંચેલ. જેમાં કચ્છ-સૌરાષ્ટ્રના મારૂ કંસારાઓમાં દામોદર કંસારા, ટી. ડી. કંસારા, જેઓ બેંક ઓફ ઈન્ડિયામાં ચેરમેનના પદ સુધી પહોંચ્યા અને અનેક કંસારાઓ તેમની સદ્‌ભાવનાને કારણે તે બેંકમાં નોકરીએ લાગેલ, તેથી જ તેમનું નામ આજે આદર સાથે લેવામાં આવે છે. તો, કચ્છમાં સરકારી ક્ષેત્રે બંદરોના વહીવટકર્તા તરીકે શ્રી આર. કે. બુદ્ધભટ્ટીનું નામ બધાને સુવિદીત છે. ન્યાયક્ષેત્રની વાત કરીએ તો અંજારના શ્રી ઠાકરશીભાઈ ન્યાયાધીશનું નામ ત્યારે પણ આદર સાથે લેવાતું હતું અને આજે પણ સમસ્ત કચ્છના લોકો એમને આદરપૂર્વક યાદ કરે છે.

આજના જમાનામાં આવી નોકરીઓમાં આગળ વધેલ અનેક કુટુંબોના યુવાનો અને યુવતીઓ વિદેશની ભૂમી ઉપર પોતાના દેશમાં મેળવેલ જ્ઞાનનો લાભ ત્યાંના વેપાર- વાણિજ્યને આપી રહેલ છે. એરોપ્લેનના પાયલોટ બનવાની મહત્વાકાંક્ષા ધરાવતી બહેનો અને ભાઈઓ માટે તે જમાનામાં ચંદાબેન બુદ્ધભટ્ટી અને વર્તમાનમાં જેટ એરવેયસ્‌ના તોતીંગ પ્લેનો ઉડાવતા ભરતભાઈ આર. બુદ્ધભટ્ટી પ્રેરણા સમાન છે.


અને છેલ્લે, કાંતિ ભટ્ટ તેમના સુવર્ણમાર્ગ નામક લેખમાં યુવાપેઢી માટે રોજગારી વધારવાની વાત કરતાં છેલ્લે લખે છે કે સૌરાષ્ટ્ર આજે સેલ્ફ એમ્પલ્યોડ યુવા વર્ગ ધરાવતો પ્રથમ નંબરનો પ્રદેશ છે. તો આપણે વિચારીએ કે તેની બાજુમાં જ આવેલ કચ્છ કેમ પાછળ રહી શકે ? આજે કચ્છમાં મોટા મોટા ઉદ્યોગો આવી રહેલ છે, ત્યારે તેની સામે નોકરીઓ માટે ન જોતાં તેમને જરૂરી નાની નાની વસ્તુઓનું ઉત્પાદન કરીને તેમને પહોંચાડવાનું કામકાજ જેને એન્સીલીયરી ઈન્ડસ્ટ્રીઝ કહેવાય છે તેમાં સ્વરોજગારની અનેક તકો મળી શકે છે અને તમે કદાચ આવી નાની મોટી ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરવાનું વિચારતા હો તો ગાંધીધામના શ્રી અરૂણભાઈ તમને અહીં વિસ્તારથી તબક્કાવાર સલાહ-સૂચનો આપે છે.

અનેક થોડા વ્યવસાયો, થોડી નોકરીઓ અને સ્વરોજગારીની તકો માહિતીથી ભરપૂર આ વિશેષાંક આપને ચોક્કસ ઉપયોગી સાબિત થશે તેવી શુભકામનાઓ સાથે...

# શિવજી એક પ્રતિક અનેક શિવરાત્રી

લત્તા કે હેડાઉ-નાગલપુર (માંડવી)

શિવ થઈને શિવની ઉપાસના કરવી જોઈએ. શિવ દર્શનમાંથી જ શિવ બનવાનું માર્ગદર્શન સાંપડી રહે છે. શિવએ જ્ઞાનના દેવ છે. તેમના મસ્તકમાંથી જ્ઞાન ગંગા વહે છે. શિવજીનો ઉપાસક પણ જ્ઞાન પિપાસુ હોવો જોઈએ. જ્ઞાની માણસ વિચારનો વિદ્વાન અને આચારનો સજ્જન હોવો જોઈએ. વળી કૈલાસના ઉત્તુંગ શિખર પર બેઠેલા શિવજી આપણને સમજાવે છે કે શિવ અર્થાત્ કલ્યાણને પામવા માટે જીવનની ચોખ્ખી ઊંચી ઉડાન ભરવી જોઈએ. શિવજીએ ત્રિલોચન છે. ત્રીજી આંખ ખોલીને તેમણે કામ દહન કર્યું. પુરુષ દંત કવિ શિવ મહિમ્નમાં લખ્યું છે કે ભગવાન વિષ્ણુ શિવજીની પૂજા કરતા હતા. એક હજાર કમળ ભગવાન શિવને ચડાવતા હતા. પણ એક દિવસ એક કમળ ઓછું થયું તો વિષ્ણુ ભગવાને પોતાનું નેત્ર (આંખ) કમળ ચડાવી દીધું. ભગવાન શિવજી દિગંબર છે. અર્થાત્ તેમણે દિશાઓના વસ્ત્રો ધારણ કર્યા છે. વિશ્વનાથ હોવા છતાં વિરક્ત રહી દેખાડનાર ભગવાન શિવજી આપણી સમક્ષ 'સાદુ જીવન' અને 'ઉચ્ચ વિચાર' નું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રસ્તુત કરે છે.




ભગવાન શિવજીના હાથમાં રહેલું ત્રિશુલ સજ્જનોના આશ્વસ્ત અને દુર્જનોને ભય ગ્રસ્ત બનાવે છે. સજ્જનોની રક્ષા અને દુર્જનોને સજા કરવા માટે શિવજી સદૈવ કટિબદ્ધ છે. ત્રિશુલ એ સંહારનું પ્રતિક છે. તો તેમના હાથમાં ડમરું એ સંગીતનું પ્રતિક છે. વળી ડમરું એ જ્ઞાનનું પણ ઉદ્‌ગાતા છે. મહર્ષિપાણિનીને બીજ મંત્રો ડમરું ૨૦ ના અવાજમાંથી સાંપડ્યા હતા. એવી પણ દંતકથા છે.

ભગવાન શિવજી સર્પોના હાર ને પોતાના ગળાનું ઘરેણું બનાવ્યું કેમ કે ઝેરી દાંત પાડી નાખેલો સાપ જેમ હાનિકારક નથી તેમ નિર્વિષ વિષયો પણ નુકશાન કર્તા નથી. ભગવાન શિવજી નિલકંઠ કહેવાયા. શિવનું અર્થાત્ કલ્યાણનું કામ કરવા ઈચ્છતાં માનવે સતત કડવા ઘુંટણા પીવાની ઝેર પચાવવાની તૈયારી રાખવી જોઈએ. સમુદ્ર મંથનમાંથી રત્નો નીકળ્યા તો સર્વ લીધા અમૃત મળ્યું તો બધાએ પીધું. પરંતુ ઝેર નીકળ્યું તો બધા ભાગ્યા. તે વખતે સૃષ્ટિના કલ્યાણ કાજે એ ઝેર ભગવાન શિવજી એ પીધું. અમૃત પીએ તે 'દેવ' અને ઝેર પીએ તે 'મહાદેવ' કહેવાયા.

ભગવાન શિવજી એ બીજના ચંદ્રને મસ્તક પર ધારણ કર્યો છે. બીજાના ગુણોને આ રીતે માથે ચડાવવાની ઉદારતા જ્ઞાનીને મહાનતા અર્પે છે. વળી બીજનો ચંદ્ર એ કર્મ યોગનું પ્રતિક છે. અમાસે કલાક્ષીણ થયેલો. ચંદ્ર બીજથી પાછો કલાઓ પ્રાપ્ત કરવા કર્મયોગ આદરે છે. શિવ મંદિરમાં પ્રવેશ કરતી વખતે પહેલા નંદી અને કાચબા ને નમસ્કાર કરવાના હોય છે. નંદી શિવને વહન કરે છે. તે રીતે આપણે પણ સાચા જ્ઞાનના વાહક બનીએ તો નંદીની જેમ આપણું પણ વિશ્વમાં ગૌરવ થાય. પ્રભુનો બને તો નંદી પણ પૂજાય. કર્મ (કાચબો) એ ઈન્દ્રિય નિગ્રહ અને સંયમનું પ્રતિક છે. શિવોપાસના કરવી હોય તો જીવન સંયમી હોવું જોઈએ. ભગવાન શિવજી પર રહેલી જલધારી અને તેમાંથી ટીપુ ટીપુ ટપકતું પાણી ભક્તની સાધનામાં સાતત્ય અને ભાવની ભિનાશનું મહત્વ સૂચવે છે. શિવ નિર્માલ્યને ઓળંગવાથી માણસ શક્તિહિન બને છે. એ વાતની પાછળ રહેલું રહસ્ય પણ સમજવા જેવું છે. ઈશ સમર્પિત જીવન શિવ નિર્માલ્ય ગણાય. આવા ભક્તની અવગણના કરવી એ શિવ નિર્માલ્યનું ઉલ્લંઘન ગણાય. અને પાપ કરનારો માણસ ગમે તેટલો મોટો ગણાય તો પણ થોડા સમયમાં જ શક્તિહિન અને નિસ્તેજ બની જાય છે.

જેમના મસ્તકમાંથી જ્ઞાન ગંગા વહે છે. ચારિત્ર્યના ઉત્તુંગ શિખર પર બેઠેલા સદાશિવ વિભૂતિને જે વૈભવ સમજે છે. સજ્જનોનું સંરક્ષણ અને દુર્જનોના સંહાર એ જેમનું જીવન વ્રત છે. કામનાના બીજને તેમજ વાસનાના વિષને બાળનાર કર્મયોગી બાલેન્દુને મસ્તકે ધારણ કરનાર જગરક્ષા માટે વિષપાન કરનાર તેમજ કલ્યાણ અને જ્ઞાનના મૂર્તિમંત સ્વરૂપ ભગવાન શિવને મહાશિવરાત્રી પર્વ પર કોટિ કોટિ પ્રણામ.




**ઉપરોક્ત ચિત્રો નખત્રાણાના શ્રી રમેશભાઈ કટ્ટાના સુપુત્રી અને સુપુત્રે દોરી મોકલાવેલ છે તે બદલ અભિનંદન.**

# કાબેલીયત વધારો - તક આપોઆપ વધશે

હરનિશ કંસારા-અમદાવાદ

સમય ઘણો ઝડપથી આગળ વધી રહ્યો છે. તેની સાથે તાલ ન મિલાવી શકે તે ગમે ત્યારે પાછળ ફેંકાઈ જાય તેવી હાલત છે. બદલાતા જતા આ સમયની સાથે બધુ આપોઆપ બદલાઈ રહ્યું છે. વર્ષોથી ચાલ્યા આવતા વ્યવસાય નબળી પડી રહ્યા અને સામે નવા જ પ્રકારના વ્યવસાય અસ્તિત્વમાં આવતા આપણે જોઈ રહ્યા છીએ. સમયના પ્રવાહને કોઈ અટકાવી શકતું નથી. તેની સાથે ચાલવામાં જ શાણપણ છે.

> **લેખકનો પરિચય :** મૂળ શિહોરના શ્રી હરનિશ કંસારા સૌરાષ્ટ્રના કંસારા છે અને અમદાવાદમાં સ્થાયી થયેલ છે. સ્ટેટબેંકમાં પચીસેક વર્ષની નોકરી બાદ પોતાને ગમતો ગ્રાફીક ડીઝાઈનરનો વ્યવસાય પસંદ કરીને અત્યારે ફ્રીલાન્સર તરીકે કામ કરે છે. તેમને નાનપણથી લખવાનો શોખ છે અને કમ્પ્યુટર તેમજ પેન બંને ઉપર સારો કાબૂ ધરાવે છે. કોઈપણ ક્ષેત્રમાં કામકાજ કરવા માટે 'કાબેલિયત વધારો...' લેખ આપને માર્ગદર્શક બની રહેશે તેવી આશા..

આપણી જ્ઞાતિની જ વાત કરીએ તો આપણો મૂળ વ્યસાય તાંબા-પિત્તળના વાસણો બનાવવાનો જે સમયના પ્રવાહમાં લગભગ નામશેષ થઈ ગયો છે. સામે એલ્યુમિનીયમ તથા સ્ટેનલેસ સ્ટીલના વાસણોનો ઉદ્યોગ વિકસ્યો, પરંતુ તેમાં હાથ કારીગરી (માઠવાનું વગેરે) ને કોઈ સ્થાન ન હોવાથી આપણી જ્ઞાતિ આર્થિક સંકડામણમાં આવી ગઈ. પણ સમયના પ્રવાહમાં ટેકનોલોજીના વિકાસ સાથે ઘણા નાના-મોટાં નવા વ્યવસાયો અસ્તિત્વમાં આવ્યા. વળી, પ્રમાણમાં ઓછી શિક્ષિત આપણી જ્ઞાતિમાં શિક્ષણનો પ્રચાર વધ્યો. તેથી ધીમે ધીમે વિચારશીલતાના વિકાસની સાથે નવી નવી તકનો લાભ ઉઠાવવાનું આપણે શીખ્યા.

આજે આપણી જ્ઞાતિના યુવાનો લગભગ બધા જ ક્ષેત્રોમાં છવાઈ ગયા છે, છતાં હજુ ઘણી મોટી સંખ્યામાં કામ નથીની ફરિયાદો સંભળાઈ રહી છે. આપણે જે ક્ષેત્રમાં હોઈએ એ ક્ષેત્રમાં ખરેખર કામ નથી કે આપણી પાસે જ કામ નથી, પહેલાં તો એ જોવું જોઈએ. કામ શોધવાની નવી રીતો વિચારવી જોઈએ. જો પોતાના ક્ષેત્રમાં ખરેખર કામ ઘટી ગયું હોય તો જે ક્ષેત્ર નવું વિકસીત રહ્યું છે તેનો અભ્યાસ કરી તેમાં પોતાની લાયકાત પ્રમાણે કેવી રીતે ગોઠવાઈ જવું એ વિચારવું જોઈએ. આપણે મૂળ કારીગર પ્રજા છીએ એટલે કોઈ પણ હુન્નરમાં હોંશિયારી કેળવવામાં આપણને બહુ ઝાંઝો સમય નથી લાગતો એ મેં જોયું છે. દૃષ્ટાંતરૂપે કહે તો સિહોરનો આપણી જ્ઞાતિનો એક યુવાન લગભગ પહેરેલે કપડે વરસો પહેલાં અમદાવાદમાં આવી વસ્યો હતો. શિક્ષણ પણ નહીં જેવું જ. છતાં પોતાની જાત-હોંશિયારીથી મોબાઈલ રીપેરીંગ શીખ્યો. આજે મણીનગરમાં પોતાની નાની દુકાન તથા સ્વતંત્ર ફ્લેટનો માલિક બની ગયો છે. અને આજુબાજુના વિસ્તારમાં મોબાઈલ માસ્ટર તરીકે સારી નામના કમાયો છે. તેની પાસે ખૂટે નહીં એટલું મોબાઈલ રીપેરીંગનું કામ છે.

આપણા દરેકમાં કંઈકને કંઈક શક્તિ-હુન્નરની હોંશિયારી - છૂપાયેલી પડી જ છે. તેને બહાર લાવવી અને તેનો સાચો ઉપયોગ શોધી કાઢવો એ જ આપણું મુખ્ય કામ છે. તમને જે કામ આવડે છે તેની જો બજારમાં કિંમત નથી તો બજારમાં જેની કિંમત છે એવું કામ તમે શીખી શકો છો કે નહીં ? તે જુઓ, હા, અહીં નવું કામ શીખવાની તૈયારી પહેલી રાખવી પડે. તમને ભજીયાં બનાવતાં ભલે સારું આવડતું હોય પણ બજારમાં પીઝાની માંગ વધારે હોય તો પીઝા બનાવતાં શીખવાની તમારી તૈયારી હોવી જોઈએ. જે સરળતાથી ફેરફાર કરી શકે છે તેને રસ્તા આપોઆપ મળી જાય છે.

ક્યારેક કોઈ નાનકડી નવી વસ્તુ શીખવાથી નવા ક્ષેત્રની બહુ મોટી તક મળી જતી હોય છે. બજારમાં ક્યું કામ નથી એના કરતા કયું કામ વધારે છે તે જોવાની દૃષ્ટિ કેળવીએ અને પોતાને શું આવડે છે એ ઉપરાંત પોતે નવું શું શીખી શકે તેમ છે તે વિચારવાની આદત કેળવીએ તો આપણામાં નવી કાબેલિયતો, નવી હોશિયારી, નવી આવડત કેળવાશે અને જ્યાં નવી કાબેલીયતો વિકસે છે ત્યાં તક આપોઆપ મળે છે.

## ટ્રાવેલ્સ સ્ટડીઝ માટે પાંચ નવા કોર્સિસ

**ટ્રાવેલ પ્રોફેશનલ પ્રોગ્રામ :** ટ્રાવેલ અને ટુરિઝમ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા - એક વર્ષ, કોઈપણ વિષયના ગ્રેજ્યુએટ
**સર્ટિફિકેટ કોર્સ ઈન વર્લ્ડ ટુર મેનેજમેન્ટ :** ત્રણ મહિના, ધો.૧૨ અથવા કોઈ પણ વિષયના ગ્રેજ્યુએટ
**ડોમેસ્ટીક સર્ટિફીકેટ કોર્સ 'ઈન માય ઈન્ડિયા માય વે' :** ચાર મહિના, ધો.૧૨
**પીજીડીબીએમ ઈન ઈન્ટરનેશનલ બિઝનેસ એમબીએ સમકક્ષ :** બે વર્ષ, કોઈપણ વિષયના ગ્રેજ્યુએટ
**ફાઉન્ડેશન કોર્સ :** ચાર મહિના, ધો. ૧૨

**સંકલીત : દિવ્યભાસ્કર**

# કલા અને કારકિર્દી

ચંદ્રકાંત કંસારા, અમદાવાદ

ફાઈન આર્ટસનો સ્પષ્ટ અર્થ છે 'લલિતકળાઓ' જેમાં પરફોર્મિંગ અને વિઝ્યુઅલ બંનેનો સમાવેશ છે. પરંતુ, સમાજમાં સામાન્ય સમજ એવી છે કે ફાઈન આર્ટ્સ એટલે ચિત્રકલા, શિલ્પકલા કે પછી એપ્લાઈડ આર્ટ, મનુષ્યજીવનને ઉર્ધ્વગતિ તરફ લઈ જતી કળાઓ તરફ સમાજ એક વિશિષ્ટ ભાવથી નિરખતો હોય છે. આશ્ચર્ય એ વાતનું પણ કદાચ થતું હશે કે અભ્યાસક્રમ એવોય હોઈ શકે જેનાથી કલાકાર બનાવી શકાય ? જવાબ છે, હા. અભ્યાસક્રમ દ્વારા કલાકાર બનાવી શકાય અને માત્ર કલા થકી પોતાની ઉજ્જવલ કારકિર્દી પણ ઘડી શકાય. આ સાંસ્કૃતિક કાર્યમાં ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીના આજના સમયમાં તો એ કંઈક અંશે સરળ પણ બની ગયું છે. થોડાક કલ્પના શક્તિ, થોડીક કોમ્પ્યુટરની આવડત, થોડીક ગ્રાફિક્સ સોફ્ટવેરની સમજ દ્વારા જાહેરાતની ડિઝાઈનો, પેઈન્ટીંગ્સ વગેરે તૈયારી કરી શકાય અને જો તેમાં ફાવટ આવી જાય - નિપુણતા આવી જાય તો ધીમે ધીમે કારકિર્દી પણ ઘડાતી જાય. મહિને ૧૫-૨૦-૨૫ હજાર તો આરામથી રળી શકાય.



**લેખકનો પરિચય :** મૂળ નડીયાદના સંગીતમાં વોકલ અને અલંકારમાં ડિસ્ટીંકશન સાથે વિશારદ અને સ્કલપચર એપ્લાઈડ આર્ટ તેમજ પેઈન્ટીંગમાં જે કોલેજમાં ભણ્યા તે જ સી.એન. વિદ્યાલયમાંથી પ્રિન્સીપાલ તરીકે ૩૮ વર્ષની સેવા આપી ૨૦૦૮માં નિવૃત થયા છે. ચંદ્રકાંતભાઈ અત્યારે પણ ગુજરાત રાજ્યના ફાઈન આર્ટ્સ સીલેબસ કમિટીના સભ્ય છે. તેમણે ૧૯૭૬, ૧૯૭૮, ૧૯૮૩ અને ૨૦૦૬ના ગુજરાત રાજ્યના પ્રદર્શનોમાં એપ્લાઈડ આર્ટ તેમજ પેઈન્ટીંગમાં પ્રથમ નંબરના પુરષ્કારો મેળવેલ છે. મુંબઈની જહાંગીર આર્ટ ગેલેરી તેમજ દિલ્હી, ઉજ્જૈન, અમદાવાદ વગેરે અનેક જગ્યાઓએ આર્ચ એક્ઝીબીશનોમાં ભાગ લીધેલ છે. સંદેશ રવિવારની પૂર્તિમાં દર રવિવારે સંગીતજ્ઞો અને કલાકારો વિશે ૩૦૦ જેટલા લેખોની લાંબી સીરીઝ લખેલ છે. તેમના પિતાશ્રી સ્વ. નાગરદાસ કંસારા પણ સંગીતના અચ્છા જાણકાર હતા અને નડીયાદમાં સંગીત વિદ્યાલય ચલાવતા હતા. તેમના મોટાભાઈ સ્વ. મનેશચંદ્ર કંસારાએ લંડનના આલબર્ટ હોલમાં યેહુદી મેનુહીન સાથે સિતાર પર પરફોર્મ કરેલ અને અમેરિકામાં એશીયન સ્કૂલ ઓફ મ્યુઝીકના ડીન રહી ચૂકેલ શ્રી ચંદ્રકાંતભાઈ અત્યારે પણ સિંધુભવનમાં સંગીત ક્ષેત્રે એક્ટીવ તેઓશ્રીએ ગણમાન્ય સંગીતજ્ઞોની ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ બનાવી છે. આશા છે તેમની કલમે લખાયેલ આ લેખ તમને ગમશે અને આ ક્ષેત્રે કેરીયર બનાવવામાં માંગતા યુવા મિત્રોને માર્ગદર્શન બની રહેશે.

ફાઈન આર્ટ્સની મુખ્ય ચાર ધારાઓ છે જેને પ્લાસ્ટીક આર્ટ અથવા વિઝ્યુઅલ આર્ટ કહે છે. (૧) પેઈન્ટીંગ (૨) એપ્લાઈડ આર્ટ (૩) શિલ્પ (૪) એ.ટી.ડી. આ ચારેય વિભાગો બાબતે ટૂંકમાં સમજાવું તો - પેઈન્ટીંગમાં ચિત્રનું જ્ઞાન મળે. એપ્લાઈડ આર્ટમાં જાહેરાતની કલાનું શિક્ષણ મળે, શિલ્પમાં મૂર્તિકલા શિખવા મળે અને એ.ટી.ડી. માં ચિત્રશિક્ષક થવાની તાલીમ મળે. પરફોર્મિંગ આર્ટમાં સંગીત, નૃત્ય અને નાટ્યનો સમાવેશ થાય છે. આ પ્રત્યેક વિષય માટે ગુજરાતમાં અનેક જાણીતી સંસ્થાઓ છે. જેમાં હજારો વિદ્યાર્થીઓ પોતપોતાના રસના વિષયમાં અભ્યાસ કરી જીવન તેમાં પસાર કરવા તૈયાર થઈ રહ્યા છે. પચીસ-ત્રીસ વર્ષ પહેલાના અને આજના કલાના વિદ્યાર્થીમાં બહુ મોટ ફર્ક આવી ગયો છે. લગભગ પ્રત્યેકના જીવનનો એક ભાગ બની ગયેલું કોમ્પ્યુટર કલાના વિદ્યાર્થીઓ માટે પણ આશીર્વાદરૂપ બની ગયું છે. મલ્ટીમિડીયા દ્વારા જે ક્રાંતિ આવી તેના પરિણામે ખ્યાતનામ ચિત્રકારો પણ પોતાને અનુકૂળ એવા સોફ્ટવેર દ્વારા કલા સર્જનો કરતા થયા છે. વાત માત્ર જાહેરાતના ક્ષેત્રની જ નહિં - પેઈન્ટીંગ અને શિલ્પ સર્જનો પણ કોમ્પ્યુટરના સહયોગથી થવા લાગ્યા છે. ચિત્ર કોઈપણ માધ્યમ દ્વારા તૈયાર થયું હોય કેનવાસ પર ઓઈલ કલરથી કે પછી ગ્રાફિક્સના સોફ્ટવેર દ્વારા કોમ્પ્યુટરથી પરંતુ તૈયાર થયેલું સર્જન જોઈને કોઈને ચિત્ર દોરવાનું મન થઈ જાય તો સમજવું કે પેલો ચિત્રકાર સફળ થયો છે. કોઈ ગીત સાંભળીને ગાવાનું મન થઈ જાય એવી બાબત છે આ.

એવું કહેવાય છે કે સાચો કલાકાર આધ્યાત્મિક હોય છે, પરંતુ આધ્યાત્મકનું ક્ષેત્ર માત્ર કલાકાર પુરતું સિમીત નથી. કોમ્પ્યુટરનો બનાવનાર વૈજ્ઞાનિક પણ આધ્યાત્મિકતાના શિખર પર બિરાજમાન જણાય છે. નવી નવી શોધ કરીને બધાથી અલિપ્ત રહીએ...

# ખાન-પાન ક્ષેત્રે વિકાસની વિપુલ તકો..

**અતુલ સોની-અમદાવાદ**

આપણો સમાજ મહદ્ અંશે વંશ પરંપરાગત સોના-ચાંદી વ્યવસાય સાથે સંકળાયેલ છે. વર્તમાન સમયમાં અનેક ક્ષેત્રોમાં વ્યવસાયની વિપુલ તકો રહેલ છે જેની પુરતી જાણકારી ન હોવાના કારણે તે ક્ષેત્રોનો પુરતો લાભ લઈ શકતા નથી.

ખાદ્ય પદાર્થ સાથે સંકળાયેલ અનેક વ્યવસાય ક્ષેત્રોમાં કારકીર્દીની ઘણી સારી તકો રહેલી છે. આજે ખાણી-પીણી ક્ષેત્રે સૌથી વધારે રોજગારી આપતા ક્ષેત્રોમાં સામેલ છે. અગાઉના સમયમાં ઘરની બહાર ખાવાનો બહુ રિવાજ ન હતો ત્યારે હોટલ-રેસ્ટોરન્ટ વિગેરેમાં ખાવા જવાનું કે તે અંગે વ્યવસાયમાં હોવાનું સન્માનપાત્ર ન ગણાતું. સમય બદલાતા પરિસ્થિતિ બિલકુલ બદલાઈ ગઈ છે. હવે બહાર જમવાનું જાણે પ્રતિષ્ઠાનો પર્યાય ગણાય છે. આ બદલવાથી આ સમગ્ર વ્યવસાયમાં ભારે વધારો થયેલ છે.

ખાદ્ય પદાર્થ સાથેના વ્યવસાયના ઘણા પ્રકારો છે. જેવા કે નાના અને મધ્યમ કક્ષાના ફાસ્ટફુડ સેન્ટર, રેસ્ટોરન્ટ, ચેઇન રેસ્ટોરન્ટ, ડાયનીંગ હોલ, કેટરીંગ તે ઉપરાંત ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે ખાખરા, પાપડ, મસાલા વગેરેના ઉત્પાદન - વેચાણ. આ ઉપરાંત મોટા ઉદ્યોગ ક્ષેત્રો જેમાં કાચા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન પ્રક્રિયા થતી હોય છે.

આ ક્ષેત્રોમાં રહેલ તકો બાબત વિગતવાર જોઈએ.

**ફાસ્ટ ફુડ ક્ષેત્ર :** હાલના સમય આ ક્ષેત્ર સૌથી વધારે વિકાસશીલ ક્ષેત્ર છે. આ ક્ષેત્રની ખૂબી એ છે કે ઓછું ભણેલ કે ઓછી મૂડી હોય તો પણ નાનો સરખો વ્યવસાય શરૂ કરી શકાય. વિશેષમાં ખાનપાનના વ્યવસાયમાં ઘરની મહિલાઓ પુરતું યોગદાન આપી શકે. આપણા સમાજમાં ઘણા પરિવારો દાબેલી, ભજીયા, પીઝા, વડા વગેરે તૈયાર કરી વેચાણ કરી સારું એવું કમાય છે.

આ વ્યવસાય માટે ધંધાને અનુરૂપ જગ્યાની પસંદગી મહત્વની બને છે તે ઉપરાંત સ્વાદ અને ગુણવત્તા જાળવીને ધંધો કરવામાં આવે તો ખૂબ પ્રગતિ થઈ શકે છે. અહીં જરૂર હોય છે મહેનત અને ધગશની.



**લેખકનો પરિચય :** શ્રી અતુલ સોનીના નામથી જ્ઞાતિસેતુના વાચકો પરિચિત છે. તેઓ અમદાવાદ શહેરની ફુડ લેબોરેટરીના વડા તરીકે ફરજ બજાવે છે. વિશેષમાં તેઓ સરકાર દ્વારા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ઓથોરાઈઝડ ફુડ એનાલીસ્ટ તરીકે નોટીફાઈડ કરવામાં આવેલ છે. જેની વિશિષ્ઠ પ્રતિષ્ઠા છે તેઓ અંજાર જ્ઞાતિ, અમદાવાદ જ્ઞાતિ તથા અખિલ ભારતીય મારૂ કંસારા જ્ઞાતિ મહામંડળના માનદ્ મંત્રી તરીકે સેવા આપેલ છે. તેઓના ખાદ્ય પદાર્થની ગુણવત્તા અંગેના વિશાળ જ્ઞાન અને અનુભવનો લાભ જ્ઞાતિસેતુના વાચકોને મળતો રહે છે.

**ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે :** ખાદ્ય ચીજોના ઉત્પાદનમાં નાના પાયાના ગૃહ ઉદ્યોગનો ફાળો મોટો છે. નાના-મોટા દરેક શહેરોમાં તૈયાર નાસ્તા, પાપડ, ખાખરાથી માંડી અનેક ચીજવસ્તુઓ મોટા પાયા પર વેચાય છે. મહિલાઓ સક્રિય રીતે આ વ્યવસાયમાં જોડાઈ ખૂબ સારી આવક ઉભી કરી શકે છે. વ્યવસ્થિત રીતે આયોજન કરવામાં આવે તો વ્યવસાય કરનારને સારી આવક મળે તેમજ અન્ય મહિલાઓને પણ રોજગારી અપાવી શકાય. આ ઉપરાંત સમાજની મહિલાઓ ગ્રુપ બનાવી સરસ ગૃહ ઉદ્યોગ સ્થાપી શકે છે. આ કામગીરીમાં આવી બહેનો સાથે મળી યોગ્ય આયોજન કરે તો દરેકને મોટી રકમનું રોકાણ ન કરવું પડે.

આ વ્યવસાય એક ઉમદા અને વિકાસપાત્ર વ્યવસાય છે. આપણા દેશમાં ઘણા ગૃહ ઉદ્યોગો માત્ર બહેનો દ્વારા ચલાવવામાં આવે છે. 'લિજ્જત પાપડ' નામની પ્રખ્યાત ઉત્પાદન મહિલાઓના સફળ સાહસનું ઉદાહરણ છે. વિશેષમાં સમાજ પણ આવી સાહસિક મહિલાઓને આર્થિક અને ટેકનીકલ રીતે મદદ કરી શકે. બેંકો પણ યોગ્ય પ્રોજેક્ટસમાં લોન આપે છે.

**ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગો :** ખાદ્ય પદાર્થ પર પ્રક્રિયા કરી તેને વિવિધ સ્વરૂપે અવનવા ખાદ્ય ચીજો બનાવવા જેવા કે ટોમેટો કેચઅપ, ફ્રુટ જ્યુસ, બ્રેડ, બિસ્કીટ, ઠંડા પીણા, મસાલા, ઈન્સ્ટન્ટ લોટ, પીપરમેન્ટ ચોકલેટ, દૂધ અને દૂધની બનાવટો જેવી કે પનીર ચીઝ, માખણ વગેરે બનાવવા ફુડ પ્રોસેસંગ ઉદ્યોગ ખૂબ મોટો છે. આપણા દેશમાં આ ઉદ્યોગ ક્ષેત્ર માટે સરકાર તરફથી વિશેષ સહાયતા આપવામાં આવી રહેલ છે. હાલના વર્ષો આ ક્ષેત્ર અનેક નવા ઉદ્યોગ આવેલ છે. ઉત્પાદન ક્ષેત્ર ઉપરાંત ખાદ્ય પદાર્થોના સંગ્રહ માટેના વેર હાઉસ, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસીંગ યુનિટ સહિત સમગ્ર શૃંખલામાં વિશાળ તકો છે. ખાદ્ય પદાર્થના પરિક્ષણ માટેની લેબોરેટરી બનાવવા માટે પણ કેન્દ્ર સરકાર દ્વારા સહાયતા આપવામાં આવે છે. આ એક એવો ક્ષેત્ર છે જેમાં ક્યારેય મંદી આવે તેમ નથી. આપણા સમાજના સાહસિક વેપારી ઉદ્યોગપતિઓ પોતાના બિઝનેશમાં વૈવિધ્ય લાવવા આ ક્ષેત્રમાં જરૂર ઝંપલાવી શકે.

**આ ક્ષેત્રમાં નામાંકીત કંપનીઓ :** અમુલ, ગોદરેજ, હિન્દુસ્તાન લીવર, ડાબર ઈન્ડીયા લી. નેસલે, બ્રિટાનીયા, આઈ.ટી.સી. લીમીટેડ, પારલે પ્રોડક્ટસ, બાલાજી વેફર્સ, મિલ્ક ફુડ, મધર ડેરી, રામદેવ મસાલા

**વેપાર ક્ષેત્રે :** ખાદ્ય પદાર્થનો વેપાર દુનિયામાં સૌથી જુનો વ્યવસાય કહેવાય છે. સામાન્ય રીતે આપણે આ ક્ષેત્રમાં વેપાર બાબતે આપણે શહેર-ગામની કરિયાણાની દુકાન ધ્યાન પર આવે પરંતુ આ ક્ષેત્રમાં છુટક, જથ્થાબંધ તેમજ હોટલ અને રેસ્ટોરન્ટમાં વપરાતા ખાદ્ય પદાર્થો સપ્લાય કરવા માટે અનેક ક્ષેત્રો છે. મોટા શહેરમાં મોટા સ્ટોર્સ કે મોલ અને હોલટ ક્ષેત્રમાં ખાદ્ય પદાર્થ સપ્લાય કરવાના બીઝનેશમાં વિશાળ તકો રહેલ છે.

**રોજગારીની તકો :** ફુડ ક્ષેત્રે રોજગારી દાતા ક્ષેત્ર છે. દરેક માટે કંઈને કંઈ રોજગારીની તક છે. આપણા દેસમાં આ ક્ષેત્ર હેઠળ ૧૦૭.૨૭ લાખ લોકો રોજગારી મેળવે છે. આ ક્ષેત્ર ૪૮૦.૧૫ લાખ જેટલા લોકોને મજદુરી આપે છે.

શિક્ષણ માટે આ ક્ષેત્રમાં સારી તકો છે. ફુડ ટેકનોલોજી, ડેરી ટેકનોલોજી, ફુડ એન્જીનીયર, બી.એસ.સી. (ફુડ પ્રોસેસીંગ), ડીપ્લોમા ઈન ફુડ ટેકનોલોજી જેવી લાઈનમાં કારકિર્દીની ઉમદા તક છે. આ માટે દેશમાં સારી યુનિવર્સિટીઓ છે.

● નેશનલ સુગર ઈન્સ્ટીટ્યુટ - કાનપુર, ચેન્નઈ ● નેશનલ ડેરી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ - કરનાલ, બેંગ્લોર ● એમ. એસ. યુનિવર્સિટી - વડોદરા ● સેન્ટ્રલ ફુડ ટેકનોલોજી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ - મૈસુર ● ડેરી ટેકનોલોજી - આણંદ ● ઈન્દીરા ગાંધી ઓપન યુનિવર્સિટી

સારી યુનિવર્સિટીમાંથી તૈયાર થયેલ ફુડ ટેકનોલોજીસ્ટ, એનાલીટીકલ કેમીસ્ટ, એન્જીનીયર, બાયો સાયન્સ્ટીસ્ટ, હોમ સાયન્સ્ટીસ્ટ વગેરે ફુડ ઈન્ડસ્ટ્રીઝમાં ખૂબ સારા પગારથી નોકરી મેળવી શકે છે. આગામી વર્ષોમાં આ ક્ષેત્રમાં ભારે વિકાસ થનાર હોઈ ક્વોલીફાઈડ યુવાનો પોતાની કારકિર્દી બનાવી શકે.

**ઉપસંહાર :** આમ ખાન-પાન ક્ષેત્રના રસીલા ઉદ્યોગ માટે હકારાત્મક દૃષ્ટિકોણ કેળવવાથી વિકાસશીલ ક્ષેત્રનો લાભ અને પ્રતિષ્ઠા મેળવી શકાય. કોઈપણ રોજગાર ઉતરતી કક્ષાનો નથી તેવી માનસિકતા તાત્કાલિક તજવી જરૂરી છે.

**Contact :**
Email : soniatulkumar@yahoo.com

## એક અનોખો વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ : મરીન સાયન્સ

મરીન સાયન્સનો માસ્ટર ઓફ મરીન સાયન્સ કોર્ષ ભારતમાં ગોવા, કલકત્તા, ચેન્નઈ, ભાવનગર ખાતે સંસ્થાઓ છે. ગુજરાતની બેચલર ઓફ મરીન સાયન્સની એકમાત્ર કોલેજ માંડવી-કચ્છ સ્થિત છે. ઈ.સ. ૨૦૧૧ થી શરૂ થયેલી આ કોલેજ હાલે શૂરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સ્થિત છે. તેનું અત્યાધુનિક ભવન મસ્કા રોડ પર આઈ.ટી.આઈ. પાસે નિર્માણ પામી રહ્યું છે. કચ્છ યુનિવર્સીટીના પૂર્વ રજીસ્ટાર શ્રી અનિલ ગોર તેના પ્રિન્સીપાલ છે. પ્રાધ્યાપકો પૈકી ચિંતન બારોટ, ડો. શિવાકરન અને સુશ્રી આર. લેકામીરા પ્રમુખ છે. આ અભ્યાસ બાયોલોજી, ઓશિયોનોગ્રાફી, ફિજિયોલોજી અને જીયોલોજી જેવા રસપ્રદ વિષયોનો સમાવેશ થાય છે. જીવસૃષ્ટિ- વનસ્પતિ ઉપરાંત વિવિધ રસાયણો, ખનીજો, ત્સુનામી, પહાડો, જવાળામુખીઓ જેવા ટોપિક્સ સંશોધનાર્થે વિષયવાર ભણાવાય છે.

આ ઉપરાંત નેવી, દવાઓ તથા કોસ્મેટીક બનાવતી કોઈપણ કંપનીઓ અને પોર્ટ પર વિકાસ પામી રહેલાં ઉદ્યોગોમાં રોજગારીની શક્યતાઓ ભરપૂર છે. આઈસ્ક્રીમ, દવા, ઠંડાપીણા, મસાલાઓ, કાગળ, કાપડ, પેઈન્ટ, છાપકામ, રંગકામ અને વસ્તુની સાચવણીમાં દરિયાઈ વનસ્પતિઓ અને જીવો ખપ લાગે છે. દરિયાઈ જીવોને નુકશાન ન પહોંચે તે હેતુસર આવા ઉદ્યોગોમાં મરીન બાયોલોજીના ઈજનેર જાણકારને પ્રથમ અગ્રતા આપવામાં આવે છે.

**(સૌજન્ય : કચ્છમિત્રમાં પ્રકાશિત શ્રી હસમુખ અબોટીના કેટલાક અંશ)**

## જુદા જુદા ઉદ્યોગોમાં નોકરી કરતા લોકોની સરેરાશ ટકાવારી

**કૃષિ : ૬૨%, નિર્માણ : ૧૬%, સેવા : ૧૦%, અન્ય : ૧૨%**

- ૧૫ વર્ષમાં ભારતમાં આશરે ૧૦ કરોડ નવી નોકરીઓ ઊભી થશે.
- ૨૦૨૦માં ૧૭ કરોડ વ્યક્તિઓ બેરોજગાર બની જશે.
- ભારતમાં અત્યારે કામ કરનારાની સંખ્યા ૫૭ કરોડ
- ભારતમાં સૌથી વધુ રોજગારીની તકો પશ્ચિમ બંગાળમાં
- બીજા ક્રમે ગુજરાત અને તામિલનાડુ

# એક શિક્ષકનો અનુભવ

**ગમ મેરે સાથ બહોત દૂર તક ચલે, લેકિન મેરે સાથ ચલતે ચલતે વો થક ગયે**

કનુભાઈ કંસારા-માણસા

**લેખકનો પરિચય :** બૃહદ ગુજરાતી કંસારા જ્ઞાતિ મહામંડળ મુંબઈ એ ૨૦૧૨ના 'જ્ઞાતિરત્ન' ઈલ્કાબથી તેમને ૨૦૦૦ ઉપરાંતની માતબર સભ્યોની સંખ્યામાં, નવાઝેલ છે તેવા માણસા-સાબરકાંઠાના શ્રી કનુભાઈએ એક શિક્ષકના મનોવ્યાપારને આલેખતો લેખ અહીં આપેલ છે. તેઓ અમદાવાદથી ૫૨ કિમી. ને અંતરે રહેતાં હોવા છતાં પણ ૭૨ વર્ષની જૈફ વયે સમાજની દરેક મિટીંગોમાં અચૂક હાજરી આપી પોતાના વિચારો વ્યક્ત કરતા રહે છે. તેઓશ્રીએ માણસાની હાઈસ્કૂલમાં અંગ્રેજી અને સાહિત્ય તેમજ અન્ય વિષયોના શિક્ષક અને પ્રિન્સીપાલ તરીકે લગભગ ૪૦ વર્ષો સુધી સેવા આપેલ છે. તેઓ અવારનવાર ધી ટાઈમ્સ ઓફ કંસારા સમાજમાં પણ પોતાના વિચારોને શબ્દ દેહ આપતા રહે છે અને સમાજના મુખપત્રના સંપાદક મંડળના એક આદરણીય સભ્ય છે.

વિક્રમ નામના યુવાને એક વખત સોક્રેટીસના જીવન અને ચારિત્ર્યનું પુસ્તક વાંચ્યુ. તેનાથી પ્રભાવિત થઈ તેણે જીવનમાં શિક્ષક બનવાનું પસંદ કર્યું. શિક્ષક તરીકે તેણે ધૈર્ય અને નિષ્ઠાથી કામ કર્યું. પુરા ૬૦ વર્ષ સુધી સરસ્વતી દેવીની આરાધના કરી. તેના સાથી મિત્રો, સહકર્મચારીઓ આવી તુચ્છ અને તિરસ્કૃત નોકરી છોડી સમય પારખી બીજી લાઈનમાં જોડાઈ ગયા. જ્યાં સારી પોસ્ટ, પદવી અને પગાર મળતો. વિક્રમે જીવનમાં નિરાશા કે હતાશા રાખ્યા વિના, સારો એવો આર્થિક લાભનો લોભ રાખ્યા વિના નોકરી પુરી કરી. તેના હાથ નીચે અનેક વિદ્યાર્થીઓ ભણી ગણી સારી એવી ઉચ્ચ પદવીએ પહોંચ્યા હતા. તેનાથી તેને આનંદ થતો શિક્ષકની નોકરી માટે તેને કોઈ રંજ કે અફસોસ ન હતો તેનું મુખ્ય કારણ તેના વિદ્યાર્થીઓ હતા.

પરંતુ, ધંધામાંથી રીટાયર્ડ થયા પછી ૬૫ વર્ષની ઉંમરે એક દિવસ તે નિરાશાના અંધકારમાં ઓગળી ગયો. ઉંમરનો ભાર, ગુરુ દ્રોણાચાર્ય જેવી આર્થિક ભીંસ, નાદુરસ્ત તબિયત, આંખોનો ઓછો થઈ જતો પ્રકાશ વિગેરેથી એકદમ પડી ભાંગ્યો - હતાશાએ તેને ઘેરી લીધો. આરામ ખુરશીમાં પડે પડે તે પોતાના જીવનને કોશવા લાગ્યો - તેને શિક્ષકની નોકરી કરવા બદલ પસ્તાવો થવા લાગ્યો. તેને વિચાર આવતો કે મેં જિંદગીમાં શું મેળવ્યું ? 'ચાકના બે ટૂકડા આપી મારા બાળને રીઝાવજો, કોમ્પોજીસનના બે બંડલો મારી છાતીએ બંધાવજો' એવા મૃત્યુના ઓળા એને દેખાવા લાગ્યા. ... એ વિચારે એને હચમચાવી મૂક્યો.

પોતાના માટીના ખોરડામાં એક રૂમમાં અંધારામાં બેસી આવા વિચારો કરતાં કરતાં એક દિવસ તેને તેના રૂમમાં એક તેજ પુંજ દેખાયો. ખૂણામાં કોઈ જ્યોતિનો આભાસ થયો. થોડીવારમાં આખો રૂમ જ્યોતિપુંજથી ભરાઈ ગયો. તેની ઝીણી થઈ ગયેલી આંખો પ્રકાશથી અંજાઈ ગઈ. તેણે શું જોયું ?

આ પ્રકાશમાં એક યુવાન મૂર્તિ ખડી થઈ. આ મૂર્તિએ વિક્રમને એક એલ.સી.ડી. જેવો પડદો બતાવ્યો જેના પર એક પછી એક દ્રશ્યો બતાવ્યા.

સૌથી પહેલું દ્રશ્ય વિશ્વનું સંયુક્ત રાષ્ટ્રસંઘનું ત્યાં વિશ્વભરના ડેલીગેટો બેઠા હતા. જેમને એક માણસ સંબોધી રહ્યો હતો. દેવીએ કહ્યું "જો ! આને ઓળખે છે ?" ત્યારે વિક્રમે ઝીણી આંખ કરી જોયું. એ વ્યક્તિને ઓળખ્યો. એ હતો એનો ભૂતપૂર્વ વિદ્યાર્થી - અશોક ચૌધરી. આ જોઈ એના આનંદની સીમા ન રહી. બીજું દ્રશ્ય જોયું દક્ષિણ ભારતના એક દવાખાનામાં એક ડોક્ટર હૃદયનું એક મેજર ઓપરેશન કરી રહ્યો હતો. એ હતો પૌલ દોશસ્વામી. ત્રીજા દ્રશ્યમાં તેના એક વિદ્યાર્થી પ્રતાપ સત્સંગી એક નદી પર બંધાતા બંધ ઉપર ટોપો પહેરી ઈજનેરી કામ કરી રહ્યો હતો.

અને છેલ્લું દ્રશ્ય હતું ગોવિંદ દેશમુખ નામનો એક વિદ્યાર્થી યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં એક વિદ્યાર્થીને પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરી રહ્યો હતો. અને તે તેના ભાષણમાં તેને ભણાવેલા શિક્ષક વિક્રમની પ્રશંસા કરી અને કૃતજ્ઞીપણાની ચર્ચા કરી રહ્યો હતો. તે વિક્રમને યાદ કરી તેની મુક્ત કંઠે ગુરુ વંદના કરી રહ્યો હતો.

બસ ! આ બધા દ્રશ્યો જોઈ વિક્રમની નિરાશા અને હતાશા ઓગળી ગયા. તેના અંતરમાં આશા અને હૂંફની ચેતના પ્રગટ થઈ. તેને સમજાયું કે મારું જીવન વ્યર્થ નથી ગયું. એળે પણ નથી ગયું. ગોવિંદ દેશમુખ જેવા વિદ્યાર્થીઓ તેના 'ટોર્ચ બેરર' હતા. મશાલચી બન્યા જેમણે શિક્ષણની જ્યોત જલતી રાખી - હમેં નાઝ હૈ કિ હમને સમાજ કો જગાયા થા.

'માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચિંધવા ઊભો રહું એવી પ્રેરણા તેને મળી. 'જિંદગી જબ માયૂસ હોને લગતી હૈ તભી મહેસૂસ હોતી હૈ'

**લાસ્ટ સીન :-**

**શિક્ષકનું કાર્ય :** 'સોયે હુએ કો જગાના, જગાને કો ખડા કરના, ખડેકો ચલાના, ચલતે કો દૌડાના, ઔર દૌડતે કો સ્પર્ધા મેં લગાના'

અસ્તુ !

# શિક્ષણ એક વ્યવસાય

રૂમા અંજારીયા-સુરત

શિક્ષણ એટલે જન્મથી માંડીને મૃત્યુ સુધીના બધા વાતાવરણની અસરો, બધા પ્રકારની કેળવણી, બધી શિસ્ત અને બધી સંસ્કૃતિઓનો સરવાળો, સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે. સંસારમાં જેટલી ઉપલબ્ધિઓ છે એ બધામાં શિક્ષણ સૌથી મોટી ઉપલબ્ધિ છે.

'Education means to draw out best from child' એટલે કે શિક્ષણ નીતિ વિદ્યાર્થી કેન્દ્રી હોવી જરૂરી છે. પહેલાની શિક્ષણનીતિ વિષયકેન્દ્રી હતી, એટલે વિદ્યાર્થીઓએ ન ગમતા વિષયો પણ ફરજીયાત ભણવા પડતા હતા. આને પરિણામે બાળકનો સર્વાંગી વિકાસ સાધી શકાતો ન હતો. આવતી નવી પેઢીમાટે એક બહેતર ભવિષ્ય ઘડવા, બાળકોની જ્ઞાન-માહિતીની ભૂખ સંતોષવા તથા તેમના બૌધિક વિકાસ માટે કઈ નીતિ અપનાવવી તે અંગે શિક્ષણ ક્ષેત્રમાં આખી દુનિયા એક દિશામાં કાર્યરત છે. જે રીતે પેટની ભૂખ ભાંગવા ખોરાકની આવશ્યકતા છે. તેવી રીતે મનની ભૂખ ભાંગવા શિક્ષણની જોગવાઈ છે. શિક્ષણ દ્વારા જ મનુષ્ય તેના શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક અને રાષ્ટ્રીય જ્ઞાન અને મૂલ્યોને સમજી બૌદ્ધિક વિકાસ સાધી શકે છે.

ભારતના બાળકોના બૌદ્ધિક અને શારીરિક વિકાસ માટેની શિક્ષણનીતિ ઘડાવી જોઈએ જેથી દેશની આ સૌથી મોટી મૂડીને ભવિષ્યમાં તમામ પ્રકારની તક મળી શકે. ગોખણપટ્ટીને ઉત્તેજન આપતી પરીક્ષા પદ્ધતિ બદલવાની છે જેથી બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય અને તેમની દૃષ્ટિ ખૂલે, બાળકમાં રહેલી મૌલિક વિચારસરણીને ખીલવા માટે ભરપૂર અવકાશ મળી રહે અને ભવિષ્યનો એક તેજસ્વી નાગરિક બની રહે. બાળકોને Value based શિક્ષણ મળવું પણ એટલું જ જરૂરી છે. જેના વડે સમાજને ઉપયોગી થવા સજ્જ એવો સ્વસ્થ નાગરિક પ્રાપ્ત થાય. આ પ્રકારનું શિક્ષણ તેની વિવેકબુદ્ધિથી ઘણુ શીખવે છે અને સ્વસ્થ અને ઉમદા સમજના ઘડતરમાં ઉત્તમ ફાળો આપી શકે છે. આજની તારીખે આપણા દેશમાં ૩૦ કરોડ બાળકો શાળાકીય શિક્ષણ લઈ રહ્યા છે. આમાંથી જૂજ વિદ્યાર્થીઓ જ ઉચ્ચશિક્ષણ મેળવી ડોક્ટર કે એન્જિનીયર બની શકે છે. અન્ય વિદ્યાર્થીઓની બુદ્ધિક્ષમતાનો પણ યોગ્ય ઉપયોગ થઈ શકે તેવી વ્યવસાયિક શિક્ષણની તક પુરી પાડી તેમને માટે એવા અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ જેથી તે તાલીમબદ્ધ થઈ ઉચ્ચશિક્ષણ પામેલા વ્યવસાયિકો ઉમદા સહાયકો બની શકે. આ માટે બધી શાળાને સાંકળી લે તેવી National Institute for assessment and evaluation ની સ્થાપના પણ સરકારની નીતિમાં સામેલ છે. આ સંસ્થાના સહકારથી વિશ્વકક્ષાના અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે. બાળકેન્દ્રી શિક્ષણ આજે શિક્ષણને વધુ Specialization (શૈક્ષણિક વિશેષતા) તરફ દોરી જઈ રહ્યું છે. વધુને વધુ બાળક પોતાનામાં રહેલી આગવી શક્તિને ખિલવી પોતાના મનગમતા ક્ષેત્રમાં તજજ્ઞતાને વરે તેવી તકો પુરી પાડવામાં આવી રહી છે, તે અનુસાર અભ્યાસક્રમો અને તાલીમી શિક્ષકો અને અધ્યાપકોના માર્ગદર્શન દ્વારા ઉત્તમ શિક્ષણ મેળવવાની તક પુરી પાડવામાં આવે છે. બાળકોના મન પર તેમના શિક્ષકોની અસર વધુ હોય છે. એટલે શિક્ષકોના માર્ગદર્શનમાં કોઈ ઊણપ ન રહે તે માટે શાળાકીય શિક્ષકોને 'કર્મયોગી તાલીમ' દ્વારા અને કોલેજ યુનિવર્સીટીના અધ્યાપકોને 'Refresher course' દ્વારા તાલીમ અપાય છે. મહાશાળાઓ એક કરતાં વધુ પ્રકારની શાખાના વિષયોને એકબીજા સાથે સાંકળી લેતાં અભ્યાસક્રમો માટે સંશોધનક્ષેત્રે ધ્યાન કેન્દ્રિત થાય તેવી યુનિવર્સિટીઓ રચાય. ભારતીય યુનિવર્સિટીઓ સાથે વિદેશની યુનિવર્સિટીઓ ભાગીદારી કરતી થાય અને કોર્પોરેટ સેક્ટરનો સાથ લેતી થાય એવું વાતાવરણ આવકાર્ય બને. ઉદ્યોગક્ષેત્રે કેવા પ્રકારના શિક્ષણને વધુ ઉપયોગી ગણવામાં આવે છે એનો તલસ્પર્શી અભ્યાસ હાથ ધરવામાં આવે તે માટેની જોગવાઈ સરકાર સક્રિય રીતે કરી રહી છે.

આ બધાની સાથે શિક્ષણને ઉત્તમ વ્યાવસાયિક દરજ્જો આપતાં આપતાં શિક્ષણ ખાડે જઈ શિક્ષણનો વેપલો (વેપાર) બની જાય ત્યારે આદર્શ શિક્ષણના મૂલ્યોનું ધોવાણ થતું લાગે છે. વર્તમાન સમયમાં શાળા-કક્ષાથી લઈ મહાવિદ્યાલયો સુધી શિક્ષણનો વેપાર બિનતાલિમી કે તાલિમી ટ્યુશનીયા શિક્ષકો દ્વારા થઈ રહ્યો છે. પોતાના પગાર ઉપરાંતની આ માતબર આવકથી પ્રલોભિત થઈ, જ્યાં ખરું શિક્ષણ આપવાનું હોય ત્યાં પોતાના કર્તવ્યના ફરજથી ચ્યુત થઈ લાપરવાહ બનતો શિક્ષક શિક્ષણની હાટડી ચલાવતો નજરે પડે છે. સરકારશ્રીની અભ્યાસક્રમ ઘડવાની ખામી, પ્રવેશ નીતિ, શિક્ષકોની અછત જેવા અન્ય પરિબળો આ સ્થિતિ સર્જે છે. અહીં સંચાલક મંડળો સરકાર વચ્ચે, સંચાલક મંડળ અને શાળાના શિક્ષકો કે મહાશાળાના અધ્યાપકો વચ્ચેનો જંગ વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે નકારાત્મક વલણ કેળવે છે. વિદ્યાર્થીનું અપરિપક્વ માનસ કોઈ ધ્યેય પ્રાપ્ત કરવાને બદલે પોતાની જિંદગીને અભ્યાસના વાંકે taken for granted કરી નાંખે છે. તે પોતાના આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. ડીગ્રી / ડિપ્લોમા સર્ટિફીકેટ ખરીદી શકાય છે.

આપણે એવું ઈચ્છીએ કે શિક્ષણ મંત્રાલય દ્વારા જલ્દી National Academic Depositary ખરડો પસાર થાય અને આ તમામ વિગતોની ગોપનીયતા જળવાય તેવા સાર્થક પ્રયત્નોથી બનાવટી ડિગ્રી / ડિપ્લોમા સર્ટિફિકેટોનો ઉપદ્રવ બંધ થાય અને અગત્યના દસ્તાવેજોની પુનઃપ્રાપ્તિ સરળ બને જેથી આપણું આ 'શિક્ષણ-ક્ષેત્ર' ખરડાયા વગરનું રહે. લાયકાત ધરાવનાર વ્યક્તિને એની રૂચિ મુજબનું શિક્ષણ અથવા વ્યવસાય મેળવવામાં કોઈ અડચણ ન પડે !

# થોડું રાજકારણ વિશે...

– જશુબેન કંસારા, ઉપપ્રમુખ મહેસાણા જીલ્લા, ભાજપ.

બાળકનો જન્મ થાય, તે પાંચ, સાત વર્ષનું થાય, સ્કૂલે જતું થાય ત્યારે તેને સમાજ, મા-બાપ તરફથી પ્રશ્ન પૂછવામાં આવે છે. બેટા તારે શું બનવું છે ? ડોક્ટર, એન્જીનીયર, વકીલ કે વેપારી ? ત્યારે મોટેભાગે. વિદ્યાર્થીઓ કહેશે મારે ડોક્ટર કે એન્જીનીયર બનવું છે. પણ ભાગ્યે જ કોઈ કહેશે કે મારે રાજકારણી બનવું છે. અત્યારના સંજોગોમાં ગુજરાત રાજ્ય અને કેન્દ્રમાં રાજકારણીઓને સત્તા અને માનપાન મળે છે. તેનાથી પ્રેરાઈને વિદ્યાર્થીઓને રાજકારણમાં પ્રવેશવાની ઈચ્છા જાગે છે. પણ રાજકારણમાં પ્રવેશ મેળવવો, તેમાં સ્થાન મેળવવું અને તેમાં સફળતા મેળવવી તે ખૂબ જ અઘરું કામ છે. રાજકારણમાં પ્રવેશ મેળવી તેમાં સફળતા મેળવવા માટે નીચેના સંજોગોની આવશ્યકતા ખૂબ જ જરૂરી છે.

(૧) આર્થિક સદ્ધરતા (૨) જ્ઞાતિ સમાજનું પીઠબળ (૩) નેતૃત્વના જન્મજાત ગુણ (૪) સમાજસેવા કરવાની ભાવના (૫) વાકચાતુર્ય (૬) સમાજના દરેક વર્ગ સાથે કામ કરવાની તત્પરતા (૭) સહનશીલતાનો સ્વભાવ (૮) બુદ્ધિ ચાતુર્ય (૯) સાહસિક સ્વભાવ (૧૦) સમાધાનકારી વૃત્તિ (૧૧) ધ્યેયનિષ્ઠા (૧૨) વર્તમાન રાજકીય સ્થિતિની જાણકારી



**લેખિકાનો પરિચય :** સ્પષ્ટ વક્તા જશુબેન કંસારા ભારતીય જનતા પાર્ટી મહેસાણામાં છેલ્લા ૨૫ વર્ષોથી આદરણીય સ્થાન ધરાવે છે. ગાંધીનગર સેક્રેટરીયેટમાં બેસતા જશુબેન ૬૭-૬૮ વર્ષે સમસ્ત કંસારા સમાજના પણ લોકપ્રિય અને સક્રીય કારોબારી સભ્ય છે અને કલ્યાણી મહિલા મંડળના પ્રમુખ છે. ગણિત તેમજ વિજ્ઞાન વિષયના શિક્ષિકા તરીકે ૩૩ વર્ષની કારકિર્દી પછી રાજકારણ પસંદ કરવાનું કારણ પણ તેમનામાં રહેલી પરોપકારની વૃત્તિ છે. કદાચ તેમણે રાજકારણ પસંદ નથી કર્યું પરંતુ ભાજપે જ તેમના આ સદ્‌ગુણને કારણે તેમને નિમંત્રણ આપીને રાજકારણમાં લાવી દીધા છે. મૂળ વતન વિસનગર અને સતત પ્રથમ વર્ગ જાળવી એમ.એસ.સી.બી.એડ્ જેવી ડીગ્રીઓ મેળવેલ જશુબેન રાષ્ટ્રીય કક્ષાએ પણ મહિલાઆયોગનું પદ સંભાળી ચૂકેલ છે. અત્યારે જિલ્લા ઉપપ્રમુખનો હોદ્દો સંભાળે છે. કલ્યાણી મંડળ મહિલાઓને સ્વરોજગાર અપાવી આત્મનિર્ભર બનાવવાનું તેમજ કાઉન્સેલીંગ કરીને છૂટાછેડા ના કેસોમાં ઉકેલમાં સહાયભુત થવા જેવા અનેક કાર્યો કરે છે. તેમનો લેખ 'થોડુંક રાજકારણ વિશે' જે યુવા મિત્રો રાજકારણમાં જવાનુ વિચારતા હશે તેમને ગમશે અને વિચારતા પણ કરી દેશે !

અત્યારના રાજકારણમાં નેતાઓને ખૂબ જ માનપાન મળે છે. પૈસા મળેછે. તેમને જાણે સ્વર્ગનું સુખ મળે છે તેવું આપણને લાગે છે. પણ તે સ્થાન સુધી પહોંચવા તેઓએ કેટલો ભોગ આપ્યો છે. તેમને કેવા કપરા સંજોગોમાંથી પસાર થવું પડે છે. તે પણ જાણવાની જરૂર છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતા એમને એમ મળતી નથી. તેના માટે તેના પાયા રોપવા પડે છે. એક નગરપાલિકાના નગરસેવક કે તાલુકાપંચાયતના સભ્ય થવા માટે તેમને મતદારો સાથે ઘરોબો કેળવવો પડે છે. અને તેને માટે મતદારોના નાના મોટા કામ કરવા પડે છે. લોકોના હૃદયમાં સ્થાન મેળવવા માટે લોકોપયોગી કામ કરવા પડે છે. અને તેને માટે સમયની જરૂર પડે છે. વ્યક્તિના સહજ સ્વભાવથી જ સમાજ સેવા થતી હોય છે. સેવા દ્વારા જ લોકોના દિલ જીતાય છે. જેમ ગુજરાતમાં આપણા મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૧૨ વર્ષથી લોકોની નાડી પારખીને લોકોપયોગી યોજનાઓ કરી લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું અને તેથી જ લોકો તેમને દેશના વડાપ્રધાન તરીકે જોવા ઈચ્છે છે.

રાજકારણમાં પ્રવેશ માટે કોઈપણ રાજકીય પક્ષના સભ્યથી લઈને જુદા જુદા પદ સુધી પહોંચવું પડે છે અને એ યાત્રામાં ઘણા સંઘર્ષોનો સામનો કરવો પડે છે. દરેક હોદ્દા પર તમારું કામ સંપૂર્ણ હોય, સંતોષજનક હોય, તો જ તમને તેનાથી આગળ હોદ્દો મળે છે. જો તેમ ન થાય તો તે વ્યક્તિ વચ્ચે જ કંઈક ખોવાઈ જાય છે.

રાજકારણમાં સફળતા મેળવવા સમાજ અને જ્ઞાતિનું પીઠબળ પણ જરૂરી છે. આપણી જ્ઞાતિ ખૂબ જ નાની જ્ઞાતિ છે. તેની સામે પટેલ, ઠાકોર, રાજપૂત, હરિજન જેવી જ્ઞાતિનો વ્યાપ ખૂબ મોટો છે. તેથી રાજકીયક્ષેત્રે જેનો વ્યાપ મોટો છે તેવી જ્ઞાતિની વ્યક્તિને આગળ વધવાની તક વધારે ઝડપથી મળે છે. નરેન્દ્રભાઈને જ્ઞાતિનું પીઠબળ ઓછું છે પણ તે એક અપવાદ છે. દરેકનું વ્યક્તિત્વ તેમના જેવું હોતું નથી.

અત્યારના રાજકારણને લક્ષમાં રાખી કોઈ વ્યક્તિ એમ વિચારે કે રાજકારણમાં જવું એટલે આર્થિક સદ્ધર બની જવું. આ દિવાસ્વપ્ન છે. અમુક હોદ્દા પર હોય તેને પગાર, ગાડી, માન, સગવડો મળે છે. પણ તે સ્થાન પર પહોંચતા ખૂબ જ સમય લાગે છે. એક ધારાસભ્યને ચૂંટણીના ચક્રવ્યૂહમાંથી પસાર થવું પડે છે. કેટલાક કાર્યકર્તાઓની જીંદગી પૂરી થાય. છતાં તેમને આવી તક મળતી નથી. બીજા વ્યવસાયમાં તમારી લાયકાત હોય, મહેનત કરો, તો તેનું ફળ મળે છે. પણ રાજકારણમાં રાજયોગ હોય તો જ સફળતા મળે છે.

રાજકારણમાં કાર્ય કરવાની ઈચ્છા દર્શાવનારે તેને તેના જીવન નિર્વાહનું સાધન ન બનાવી શકાય. દરેક રાજકારણીને નિર્વાહ માટે આવકનું કોઈ સાધન હોય છે. મારા સંપર્કમાં આવેલા એકેએક કાર્યકર્તાને પોતાનો અંગત વ્યવસાય હોય છે જ. કુંટબની જવાબદાર વ્યક્તિ રાજકારણને શોખ તરીકે અપનાવી શેક, સેવા તરીકે અપનાવી શકે પણ જીવન નિર્વાહના સાધન તરીકે ન અપનાવી શકે.

જો હું સારું ઉદાહરણ આપું તો હું એમ.એસ.સી.બી.બેડ ડીગ્રી ધારી છું અને ૩૩ વર્ષ સુધી મહેસાણાની ખૂબ જ મોટી સ્કૂલમાં મેં હાયરસેકન્ડરી શિક્ષિકા તરીકે કામ કર્યું છે. અને છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પક્ષના જુદા જુદા હોદ્દા પર કામ કર્યું છે. હાલ હું મહેસાણા જીલ્લા ભારતીય જનતા પક્ષની ઉપપ્રમુખ છું.

રાજકારણ એ કોઈ ધંધો નથી. પણ દેશ સેવાની પ્રવૃત્તિ છે. ધ્યેય નિષ્ઠાની પ્રવૃત્તિ છે. જેમાં ભોગ આપવાની વૃત્તિ મહત્વની છે. પીળું તેટલું સોનું હોતું નતી. તેથી જેનામાં આવા ગુણ ન હોય અને જેને ધંધાના સ્વરૂપમાં રાજકારણને અપનાવવું હોય તો તેને તેમાં સફળતા મળી શકે નહીં.

ફરી આપણે એમ વિચારીએ કે રાજકારણ દેશસેવા, લોકસેવા અને આપણી જાતને આવી સેવાથી ધન્ય બનાવવાનું માધ્યમ છે. હા, તે માધ્યમ દ્વારા, કામ કરતાં કરતાં જે સિદ્ધિ મળે તેને તેના પ્રસાદ તરીકે સ્વીકારીએ.

## ભારતની મીડિયા પ્રોફેશનલ્સ ઈન્સ્ટીટ્યુટ

**આઈઆઈએમસી, દિલ્હી :** ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એટલે કે આઈઆઈએમસી, જેની શરૂઆત ૧૯૬૫માં થઈ હતી. આમ તો આ સંસ્થા ભારત સરકારની સુચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા થાય છે. જ્યારે આ સંસ્થાને એક સ્વૈચ્છિક સંસ્થાનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. અત્યારે આ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ચાર પ્રકારના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ચલાવવામાં આવે છે. આ સિવાય આ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ઘણા પ્રકારના શોર્ટ ટર્મ કોર્સ પણ ચલાવવામાં આવે છે. આ સંસ્થામાં એડમિશન માટે ઈન્ટવ્યૂ જૂનના છેલ્લા વીકમાં થાય છે અને કોલેજની શરૂઆત જુલાઈના એન્ડમાંથી થતી હોય છે.

**જામિયા, દિલ્હી :** દિલ્હીની જામિયા મિલ્લિયા વિશ્વવિદ્યાલયમાં માસ કોમ્યુનિકેશન એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના ૧૯૮૨માં થઈ હતી. આ સંસ્થામાં માસ કોમ્યુનિકેશનની સાથે કનવર્જેટ જર્નાલિઝમ અને ડેવલપમેન્ટ જર્નાલિઝમના કોર્સ પણ થાય છે. આ ઉપરાંત આ સંસ્થામાં ફોટોગ્રાફી અને એનિમેશનના કોર્સ પણ થાય છે. આ સંસ્થાનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઘણું સારું છે અને તેમાં વિદ્યાર્થીઓના વ્યવહારિક જ્ઞાન પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ સંસ્થામાં એડમીશન લેવું સહેલું નથી. એડમિશન માટે ફોર્મ માર્ચ-એપ્રિલમાં નીકળતા હોય છે. જ્યારે એન્ટ્રન્સ એકઝામ મેના મધ્યમાં યોજવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ રિટર્ન ટેસ્ટમાં પાસ થઈ જાય છે તેને ઈન્ટવ્યુ માટે મોકલવામાં આવે છે. આ ઈન્ટવ્યૂમાં જે તે કેન્ડિડેટનો પોર્ટફોલિયો પણ જોવામાં આવે છે. આ સંસ્થામાં એકેડેમિક બેકગ્રાઉન્ડ એડમિશનમાં અનુભવને પણ મહત્વ આપવામાં આવે છે.


**સિમ્બોયસિસ, પૂના :** પૂનાની સિમ્બોસીસ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન એટલે કે એસઆઈએમસી માસ કોમ્યુનિકેશન સેક્ટરની આ એક મુખ્ય સંસ્થા છે. આ સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રોનિક મિડીયામાં જલદી નોકરી મળી જાય છે. આ સંસ્થાની સ્થાપના ૧૯૯૦માં થઈ હતી. આ ઈન્સ્ટિટ્યુટમાં નામ તે વખતે સિમ્બોસીસ ઈન્સ્ટિટ્યુટ ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશન હતું. આ ઈન્સ્ટિટ્યુટની સૌથી મોટી ખાસિયત એ છે કે મીડિયામાં આવતા બદલાવ અનુસાર ઈન્સ્ટિટ્યુટ તેના કોર્સમાં પણ ફેરફાર ઝડપથી કરે છે. આ જ પ્રમાણે વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ નોલેજની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. એસઆઈએમસીનું ઈન્ફ્રાસ્ટ્રકચર ખૂબ જ સારું છે આ ઈન્સ્ટિટ્યુટમાં પ્રિન્ટ મીડિયાની સાથે સાથે ઈલેક્ટ્રિક મીડિયા અને ન્યૂઝ મીડિયા અંગેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ ખૂબ જ સારી રીતે આપવામાં આવે છે. અહીંના વિદ્યાર્થીઓને કોઈ એક વિદેશી ભાષામાં કુશળતા મેળવવાનું પણ કહેવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓને વિદેશમાં પણ નોકરીની સવલતો ઊભી થઈ શકે. સિમ્બોસીસમાં થિયરીની સાથે સાથે પ્રેક્ટિકલ પર વધારે ધ્યાન આપવામાં આવે છે. આ જ કારણસર અહીંથી ઈલેક્ટ્રોનીક મીડિયાની સ્ટડી કરનાર વિદ્યાર્થી વીડિયો એડિટીંગ અને કેમેરા હેન્ડલીંગ કરવામાં અવ્વલ નંબર પર હોય છે. જેથી તેમના માટે રોજગારીની શક્યતા ડબલ થઈ જાય છે. આ ઈન્સ્ટિટ્યુટમાં દરેક કોર્સ પોસ્ટ ગ્રેજ્યુએટ લેવલના છે.

**એશિયન કોલેજ, ચેન્નાઈ :** ચેન્નાઈના એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમની શરૂઆત ૧૯૯૪માં બેંગ્લોરમાં ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપે કરી હતી. ૨૦૦૦માં આ સંસ્થાને ચેન્નઈ લાવવામાં આવી અને તેના સંચાલન માટે પત્રકારોનું એક સ્વતંત્ર ટ્રસ્ટ બનાવવામાં આવ્યું. એક વર્ષનો પી.જી. ડિપ્લોમા કોર્સ કરાવવામાં આવે છે. મે-જૂનમાં એન્ટ્રન્સ રાખવામાં આવે છે.

**(સંકલિત)**

# કોમ્પ્યુટરની દુનિયામાં નોકરી તેમજ સ્વરોજગારીની અઢળક તકો...

તુલસીદાસ કંસારા-અમદાવાદ



આજે કમાવવાની કે કેરીયરની અનેક તકો આપતું કોઈ ક્ષેત્ર હોય તો તે છે ઈન્ફોર્મેશન ટેકનોલોજી કે સાદી ભાષામાં કહેવુ હોય તો કોમ્પ્યુટરની અજબ દુનિયા. તમે કેટલું ભણેલા છો તે અગત્યનું નથી પણ કેટલું જાણો છો તે મહત્વનું છે. જો તમે કમ્પ્યુટરને સમજતા થઈ ગયા તો તેના વળે તમે તમારો રોજગાર આશાનીથી કમાઈ શકો છો.

**હાર્ડવેર કે સોફ્ટવેર :**

કમ્પ્યુટરને લગતા કામો ને તમે બે વિભાગમાં વહેંચી શકો. હાર્ડવેર અને સોફ્ટવેર, હાર્ડવેરનો નાનો રીપેરીંગનો કોર્સ કરેલ હોય તો કમ્પ્યુટરના પાર્ટસ ખરીદી એસેમ્બલ કરવાનો, રીપેરીંગનો અને જુના કોમ્પ્યુટરો ખરીદી, નવા કરી વહેંચવાનો, સ્કૂલો કે અન્ય સંસ્થાઓમાં ભાડે આપવાનો, આવા અનેક ધંધાઓ કરી શકાય છે. જેમાં કોઈ મોટા મૂડી રોકાણની પણ જરૂર પડતી નથી. આ ક્ષેત્રમાં નોકરીની પણ અનેક તકો છે. ખાસ કરીને નેટ વર્કીંગના જાણકારોને ઈન્ટરનેટ પ્રોવાઈડ કરતી કંપનીઓ સારા પગારે નોકરી આપતી હોય છે.



**લેખકનો પરિચય :** ૨૦૦૪માં સ્ટેટ બેંકમાંથી આસી. જનરલ મેનેજર તરીકે નિવૃત્ત થયેલ શ્રી ટી.એલ. કંસારા અત્યારે અમદાવાદમાં પોતાની સોફ્ટવેર કંપની ચલાવે છે અને નાના વેપારીઓ માટેનું બિલીંગ સોફ્ટવેર બજારમાં મૂકેલ છે. મૂળ વતન ભુજ ક્યારેક ક્યારેક લેખો દ્વારા પોતાના વિચારોને અભિવ્યક્તિ આપવી તે તેમનો શોખ છે. તે સિવાય લાફીંગ ક્લબના લાઈફ મેમ્બર છે અને તેને કારણે નિયમિત કસરત તેમનો બીજો શોખ બનેલ છે. કચ્છશ્રુતિ અને જ્ઞાતિસેતુમાં કમ્પ્યુટર વિશે લાંબી સીરીઝો લખેલ છે. શ્રી કચ્છી મારૂં કંસારા સોની મંડળ અમદાવાદના તેઓ પ્રથમ પ્રમુખ હતા.

**માત્ર એક જ કમ્પ્યુટર રાખી કમાઓ :**

તમારો પોતાનો વ્યવસાય કરવાનો હોય તો એકાદ કોમ્પ્યુટર રાખીને તેમાં જરૂરી સોફ્ટવેર બેસાડીને કુંડલીઓ છાપવાથી કરીને ગ્રાફીકસ ડીઝાઈનીંગ, ગુજરાતી-અંગ્રેજી ટાઈપીંગ કરી ને પેઈજ મેકર પર હાથ અજમાવો તો કોઈપણ ન્યુઝપેપર કે મેગેઝીન માટે ફ્રીલાન્સ કામ પણ કરી શકો, અનેક કંપનીઓ ગ્રાફીકસ ડીઝાઈનરોને પોતાની જાહેરાત માટે બ્રોશર અને પેમ્ફ્લેટ બનાવવાનું કામ આપતી હોય છે અને આ કામમાં સારું એવું વળતર પણ મળી રહે છે. એન્જીનીયરીંગ ક્ષેત્રે ઓટોકેડ જેવું સોફ્ટવેર ફાવી જાય તો તેમાં અનેક તકો નોકરી માટે કે પોતાની કન્સલ્ટન્સીની રીતે મળે છે. બિલ્ડરો મકાનોની ડિઝાઈનો જે આર્કિટેક્ટ પાસે બનાવતા હોય છે તેમની પાસેથી પણ ઘણું કામ મળતું હોય છે.

**કમ્પ્યુટર જાણકારો માટે અનેક નોકરીઓ :**

આજે કયું એવું ક્ષેત્ર છે કે જ્યાં કોમ્પ્યુટરની આવડત વિના કામ ચાલે છે ? નોકરી કરવા જાઓ તો પ્રથમ સવાલ જ એ આવે છે કે વર્ડ, એક્સેલ, વગેરે આવડે છે. કારણકે દરેક જગ્યાએ કાગળો લખવાના હોય અને ગણતરીઓ કરવાની હોય અને આ બે કાર્યો માટે ઓછામાં ઓછી આ બે ચીજોની આવડત તો જરૂરી છે. ઉપરાંત ઈ-મેઈલ પર ચાલતા વ્યવહારોને કારણે તેની જાણકારી તો અનિવાર્ય છે જ.

**સાયબર વોરિયર બનો :**

જે યુવાનોમાં સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના છે જેને રીબેલ કહેવાય તેવો સત્તા સામે લડવાનો મિજાજ છે અને ખોટું સહન કરવાની તૈયારી નથી તેઓ પોતાના જ્ઞાન અને સમયનો ઉપયોગ કમ્પ્યુટરના કીબોર્ડ પર બેસીને રાઈટ-ટુ-ઈન્ફોર્મેશન દ્વારા ઘણા સહાયક કામો પણ કરતા હોય છે. અને જો આમાં કાયદાનું જ્ઞાન સાથે ભળે તો આ એક વ્યાજબી ફી થી સારી કમાણી કરાવી આપતો વ્યવસાય પણ બની શકે છે. આવો જ એક બીજો વ્યવસાય કે કેરીયર પાથ છે સાયબર વોરિયરનો છે. આજકાલ ડેટા થેફ્ટ તરીકે જાણીતો થયેલ શબ્દ, માહિતીની ચોરી ને તેમાંથી અનેક છેતરપીંડીના ધંધા સીધા તેમજ આડકતરા નીકળી પડ્યા છે. જેમાં ક્રેડીટ કાર્ડ કે તમારા બેંક એકાઉન્ટની ચોરી તો સામાન્ય બાબત થઈ પડેલ છે. જ્યારે સરકારની ૭૭૪ સાઈટો હેક થયેલ હોય અને આપણા દેશમાં એક વર્ષમાં ૧૪૦૦૦ જેટલી વેબસાઈટો હેક થતી હોય ત્યારે કલ્પી શકાય છે કે તેવા હેકરોને પકડવા માટે પોલીસનો પન્નો ટૂંકો પડે. થોડા સમય પહેલાં જ કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના આઈટી મિનિસ્ટર મિલિંદ દેવરાએ જણાવેલ કે વધતા જતા સાઈબર ગુનાઓને કંટ્રોલ કરવા માટે ૨૦૧૫ સુધીમાં લગભગ પાંચ લાખ સાયબર વોરીયરની જરૂર પડશે. આથી આ ક્ષેત્રે સેવા આપતી ઉદ્યોગપતિ આનંદ મહેન્દ્રની એક કંપની મહેન્દ્ર સ્પેશિયલ સર્વિસીસ ગ્રુપ (એમએસએસજી) સાયબર વોરીયર્સની એક ફોજ ઊભી કરી રહેલ છે. અને તે માટે એક ટ્રેઈનીંગ મોડ્યુલ બનાવેલ છે. કમ્પ્યુટર કે આઈટી ક્ષેત્રે આ એક મોટી અને થ્રીલીંગ તક કહી શકાય.

**સીસીટીવી કેમેરાનો ધીકતો ધંધો કરો :**

આજકાલ અહીંના ન્યુઝ પેપર્સમાં તો પ્રોપર્ટી અને લગ્નસંબંધી ટચુકડી જાહેરાતો પછી સૌથી વધારે કોઈ વિષયને લગતી એડ દેખાતી હોય છે તો તે છે કમ્પ્યુટરના જાણકારો માટેની અને તેમાંયે જેમ અમદાવાદ જેવા શહેરોમાં તો કેટલાક

લોકો માત્ર સિઝનલ ધંધો જ કરી લેતા હોય છે. તેમ જાણે સીસીટીવી કેમેરાની તો સિઝન નીકળેલ છે. સમાજમાં પરાવલંબી લોકોનો વધારો થતો જાય છે. જેમાંના કેટલાક ગુંડા ગર્દી અને ચોરી - ચપાટી ને ધંધે લાગી જાય છે. આની સાથે બોમ્બ બ્લાસ્ટ જેવા બનાવો અવાર-નવાર બનતા રહે છે. ત્યારે આ બધા ઉપર નજર રાખવા માટે પોલીસ પણ સીસી કેમેરાની ભલામણ કરતી હોય છે. તેથી લગભગ દરેક કોર્પોરેટ બિલ્ડીંગમાં અને સોસાયટીમાં પણ આવી સિસ્ટમ લાગતી થઈ ગયેલ છે. જો તમારી પાસે થોડી કોમ્પ્યુટરના હાર્ડવેરની જાણકારી હોય અને થોડું આવા કેમેરાનું સોર્સીંગ કરતા આવડતું હોય તો બે છોકરાઓને રાખીને આ ધંધો કરો, ખૂબ કમાણી કરાવી આપે તેવો છે અને તેમાં તકો પણ અત્યારે પુષ્કળ છે.

**ડેટા-એન્ટ્રી કદી ના ખૂટે તેટલું કામ :** ઓછું ભણેલ લોકો માટે ડેટા એન્ટ્રી એક સરસ ફ્રી-લાન્સીંગનું કામકાજ થઈ ગયેલ છે મોટી કંપનીઓમાં તો ૬ કે ૭ હજાર રૂપિયા મહિનામાં ડેટા-એન્ટ્રી માટે મહિલાઓને વધારે પસંદ કરે છે. જ્યારે મારે ત્યાં આવતો એક વિદ્યાર્થી ડેટા એન્ટ્રી માટે જાય ત્યારે એક દિવસમાં બસો જેવી એન્ટ્રીઓ કરીને બારસો રૂપિયા કમાઈ લેતો હતો અને તેમાંય જો તેને રીટેઈલ સ્ટોરમાં દરેક આઈટમો કે પ્રોડક્ટના ફોટા પાડીને અમે વેંચતા સેલ્સજ્ઞાની બીલીંગ સોફ્ટેર સિસ્ટમના ડેટાબેઝમાં નાખવાનું કામ મળે તો તેની કમાણી તે દિવસે ડબલ થઈ જાય. આવો જ એક ઘેર બેઠા કરવા જેવો પાર્ટ ટાઈમ વ્યવસાય છે બીઝનેશ-પાર્ટનર બનીને આવી સિસ્ટમો રીટેઈલ વેપારીને વેંચવાનો, જેમાંથી સિસ્ટમ દીઠ ઓછામાં ઓછા અઢીહજાર કમાવવા મળે અને મોટો ઓર્ડર કે વધારે ગ્રાહકો મળે તો મહિને ઓછામાં ઓછી ૨૫૦૦૦ જેટલી રકમ તો આશાનીથી નીકળી આવે. આવા કામમાં તો વેપારીઓના ચોપડા લખતા મહેતાજીઓ, કમ્પ્યુટર હાર્ડવેરનું કામકાજ કરતા વેપારી કે એસેમ્બલ કરતા છોકરાઓ, સેલ્સમેન જેવું વાક્યાતુર્ય ધરાવતા યુવકો અને યુવતીઓ, તેમજ વિદ્યાર્થીઓ પણ જોડાયેલ છે.

**સાયબર કાફે :** આઠ-દસ વ્યક્તિઓ બેસી શકે તેવી જગ્યા અને કમ્પ્યુટરો રાખી, ઈન્ટરનેટનું જોડાણ લઈ અને આ કામકાજ આશાનીથી ચાલુ કરી શકાય છે. સાથે જો ઝેરોક્ષ મશીન, પ્રિન્ટર, કલર પ્રિન્ટર વગેરે રાખવામાં આવે તો આ ક્ષેત્રમાં ખૂબ જ કામ મળી રહે છે.



આના સિવાય પણ અનેક અવનવી તકો આ લાઈનમાં છે. જેના વિશે કોઈ લાંબું લખાણ ના લખતા અમુક કામોના માત્ર નામો જ આપું છું. દા.ત. ૩ડી એનીમેશન કે ગ્રાફીક્સ ડીઝાઈનનો ઉપયોગ એનીમેટેડ મૂવી બનાવવા માટે થાય છે જેવી કે બાલગણેશ, કસ્ટમર સર્વીસની વાત કરીએ તો આજકાલ લોકોને મોંઘા પેટ્રોલસ અને સમયને અભાવે ધક્કા ખાવા પોસાતા નથી અને કંપનીઓ પણ પોતાના કોલ સેન્ટર ખોલીને ફોન પર માર્ગદર્શન આપતી હોય છે આ બધા જ કોલ સેન્ટરો કોમ્પ્યુટર દ્વારા કામ કરતા હોય છે. નોકરી માટે આવા કોલ સેન્ટરોમાં સારો પગાર અને કોમ્પ્યુટર સાથે કામ લેવાની આવડત ઉપયોગી નીવડે છે.

**ટ્રાન્સક્રિપ્શન સર્વિસ :**

સ્પીચ કે બોલાયેલ શબ્દોને સ્ક્રીપ્ટ એટલે કે લખાણમાં ફેરવવાનું કામ એટલે ટ્રાન્સક્રિપ્સન સર્વિસ મતલબ વોઈસ મેઈલ ઉપરના ડિક્ટેશન ને ટાઈપ કરી કમ્પ્યુટરમાં ઉતારવાનું કામ. અમેરિકામાં અન્ય યુરોપિયન દેશોમાં, ખાસ કરીને ડોક્ટરો પ્રિસ્ક્રીપ્શન અને ડાયગનોસીસ બોલીને રેકોર્ડ કરતા હોય છે. જે ઈન્ટરનેટ મારફતે આપણા દેશમાં આવે છે અને તેનો રેકોર્ડ તૈયાર કરવા માટે તે સાંભળીને ટાઈપ કરવામાં આવે છે. આ ઉપરાંત લીગલ કામોમાં ટ્રાન્સલેશનનું કામ પણ અનેક લોકો કરતા હોય છે અને અહીં પણ કમ્પ્યુટર દ્વારા આ કામ ઝડપ અને ચોકસાઈથી થાય છે. આના સિવાય, ડેટાબેઝ મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનીક્સ ટેકનીશીયન કે એન્જીનીયર, હાર્ડવેર એન્જીનીયર, નેટવર્કીંગ કે સિસ્ટમ એડમીનીસ્ટ્રેટર, પ્રોગ્રામર કે સોફ્ટવેર ડેવલપર, ક્વોલીટી એસ્યોરન્સ, સિસ્ટમ એનાલિસ્ટ કે ટેસ્ટર, રીપેઈરર કે ફીક્સર, સેલ્સ ટેકનીકલ રાઈટીંગ, ટેકનીકલ સપોર્ટ, સિક્યોરીટી એક્ષપર્ટ, વેબમાસ્ટર કે વેબડિઝાઈનીંગ વિગેરે અનેક નોકરીની તકો આ ક્ષેત્રમાં છે.

કહેવાય છે કે કમ્પ્યુટર સાથે પ્રેમ કરો તો કમ્પ્યુટર તમને બધું જ આપશે. અહીં સેવન હેબીટ્સ ઓફ હાઈલી ઈફેક્ટીવ પીપલ ના લેખક સ્ટીફન આર. કોવ ના આ વાક્ય સાથે આ કમ્પ્યુટર આલાપ પુરો કરીશ.

"Habit is the intersection of knowledge (what to do), skill (how to do), and desire (want to do)"

(ફીડબેક : tulsi_66@yahoo.in)

## જ્યાં નોકરીઓની સૌથી વધારે તકો એવા સેક્ટર

**આઈટી સોફ્ટવેર :** સોફ્ટવેર ડેવલપર, ટેસ્ટિંગ એન્જીનીયર, સિસ્ટમ એનાલિસ્ટ, ટેકનિકલ લીડ, ગ્રાફીક ડિઝાઈનર

**આઈટ આધારીત સેવાઓ :** નોન-ટેકનીકલ એસોસિએટ્સ, ટેકનિકલ એસોસિએટ્સ, ટેલીકોલર, ટીમ લીડર

**કન્સ્ટ્રક્શન :** ડિઝાઈન એન્જીનીયર, સિવિલ એન્જીનીયર, ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર, પ્રોજેક્ટ મેનેજર

**ફાર્મા :** સેલ્સ મેનેજર, મેડિકલ રિપ્રેઝન્ટેટિવ, કિલનીકલ રિસર્ચ મેનેજર, રિસર્ચ સાયન્ટિસ્ટ

**ઓટોમોબાઈલ :** સેલ્સ મેનેજર, પ્રોડક્શન મેનેજર, સર્વિસ મેનેજર, ક્વોલીટી ઈન્સ્યોરન્સ

**સંકલિત**

# નર્સિંગ એક ઉમદા વ્યવસાય

Yesha H. Pomal

"To do what nobody else will do, a way that nobody else can do, in spite of all we go through; is to be a nurse."

Being a Nurse Is More Than a Job, It's a Treasure

To me, being a nurse is far more than a job or even a career. Nursing is more than a profession of integrity and compassion, it is a privilege that measures out my values as a human being and the responsibilities granted to me with the precious gift of life.

Apart from medical profession, paramedical profession also provides immense opportunity for the science discipline students as a career. Nursing is like a ray of hope at the end of the 'Dark Tunnel' for the science discipline students who couldn't get into medical profession.

In nursing various educational opportunity are available such as Diploma in nursing, Bachelor of nursing ,master of nursing & Doctorate degree is available. Alongwith this various short duration certificate diploma courses are offered after completion of basic nursing education in nurse practice midwife, dialysis nurse, hospital management, cardiology nurse etc.

After completion of education golden opportunities are available for nurses in state and central government hospitals as staff nurse. Nurses can be a part of defence by joining military nursing. Also they can join as nursing tutor after graduation, lecturer/ professor after masters/doctorate. Now a days nurse are playing pivotal role in various research activities. They can join as researcher in clinical research organizations (CRO), UNICEF, WHO and other international agencies funded public health projects. Above all nursing profession is a key to settle in abroad as nurses are always in demand with high salary in foreign countries.



**લેખિકાનો પરિચય :** આપણી જ્ઞાતિની કદાચ આ પ્રથમ બાળા છે, જેણે નર્સીંગને પોતાની professional choice ગણીને આ ક્ષેત્રે ઉચ્ચત્તર અભ્યાસ માટે અગ્રસર છે. કુ. યેશા હાલે અમદાવાદની નર્સીંગ કોલેજમાં B.Sc. નર્સીંગ પછી માસ્ટર્સ ડીગ્રી કોર્સ (ઓબ્સ્ટેરીક્સ અને ગાયનેકોલોજી) નો અભ્યાસ કરે છે. કુ. યેશાબેનના નાનાજી સ્વ. પ્રદ્યુમ્નભાઈ કરશનદાસ મઈચા, જયપુર ફુટ સર્વિસ (વિકલાંગો માટેની સેવા)માં લોકપ્રિય સમાજ સેવક હતા અને જેઓ લાયન્સ ક્લબના જોન તરીકે વિખ્યાત હતા. એમના ધર્મપત્ની ગં.સ્વ. કુસુમબેન નિવૃત્ત અધ્યાપિકા છે. કુ. યેશાબેનના માતુશ્રી તરૂણાબેન હાલે ભુજમાં રહે છે. કુ. યેશા એના લેખમાં કહે છે કે, મેડીકલ ક્ષેત્રે ડોક્ટર ઉપરાંત અન્ય ઘણા ક્ષેત્રો છે જેમાં વિપુલ વ્યવસાયિક તકો છે.

## કરિયર કોમ્બીનેશન (સાયન્સ)

સાયન્સ સ્ટ્રીમમાં પણ કોમર્સ સ્ટ્રીમની જેમ કરિયર કોમ્બિનેશન - મેચીંગ (પૂરક) અને કોન્ટ્રાસ્ટ (વિરોધી) છે. જો કે સાયન્સ સ્ટ્રીમમાં એક ડિગ્રી/પોસ્ટ ગ્રેજ્યુએશન બાદ અન્ય ફિલ્ડની કે સંલગ્ન ફિલ્ડના ડિગ્રી/ડિપ્લોમા ચલણ પ્રમાણમાં ઓછું છે.

1. BBS / BAMS / હોમિયોપેથી / નેચરોપેથી
2. D. Pharm / B.Pharm
3. B.E. / B. Tech.
4. B.Sc. : Actuary સાયન્સનો ડિપ્લોમા કોર્સ કરવો જોઈએ. જે દૂરવર્તી શિક્ષણ/પત્રાચાર શિક્ષણ પુનાથી શક્ય છે. B.Sc. કર્યા બાદ ફોરેન્સિક સાયન્સનો ડિપ્લોમા કોર્સ, ગાંધીનગર ખાતેથી કરવો એ પણ એક સારો જોબ ઓપ્શન છે. ફોરેન્સિક સાયન્સનો અભ્યાસક્રમ કોમર્સના વિદ્યાર્થીઓ માટે પણ શક્ય છે છતાં સાયન્સ બેકગ્રાઉન્ડ ધરાવનારાઓ માટે આ અભ્યાસક્રમ વધુ ઉપયોગી બની શકે છે. તે જ પ્રમાણે જિનેટીક રિસર્ચમાં રસ ધરાવનારાઓ કિલનિકલ રિસર્ચનો ડિપ્લોમા/ડિગ્રી કોર્સ કરવો જોઈએ. B.Pharm નહી કરી શકનાર B.Sc. કેન્ડિડેટસે એલએલબી કરીને પોતાના માટે ફાર્માસ્યુટિકલ કંપનીના દ્વાર પોતે જાતે જ ખોલવા રહ્યાં.

**(સંકલિત)**

વ્યવસાયલક્ષી વિચાર

# નાના કારીગરની મોટી વાત

**પોમલ વિરેન્દ્ર એસ-બી.એ.,પીટીસી**

પરંપરાગત રોજગાર સાથે સમાજના વિકાસ માટે અન્ય વ્યવસાય તરફ પણ અભિમુખ થઈએ.

માનવી નિરંતર પ્રવૃત્તિમય જીવન ગાળવાનું પસંદ કરે છે. જીવનમાં પ્રવૃત્તિ થકી જ પોતાની એક ઓળખ બનાવવા સત સંઘર્ષ કરતો હોય છે. એટલે જ તો આ સ્પર્ધાત્મક યુગમાં માનવી પરંપરાને ભૂલીને જુદી જ રીતે વિચારીને, કંઈક નવું કરીને આગળ વધવાની તથા કંઈક પામવાની મથામણ કરે છે.

પરંપરાગત વ્યવસાયોમાંથી જીવન નિર્વાહ જેટલી આવક મળી રહે તેવી આશા સૌને હોય છે. પરંતુ એ આશા પણ ક્યારેક ઠગારી નીવડે છે ત્યારે ના છૂટકે તેને અન્ય વ્યવસાય તરફ નજર માંડવી પડે છે તો કોઈક વળી શોખ ખાતર, પ્રયોગ કરવા માટે જુદા વ્યવસાય કરતા પણ હોય છે અને સફળતા પામતા હોય છે એવું નથી કે બધા જ લોકો પરંપરાગત રોજગાર છોડી દીધેલા હોય પરંતુ મોટા ભાગના લોકોના મુખે એવી વાત પણ સાંભળવા મળે છે કે હવે આ સોના-ચાંદી, તાંબા-પિત્તળ-કાંસાના કામમાં પહેલા જેવો કસ નથી રહ્યો.

સમય પરિવર્તનશીલ હોય છે. તેમ તેની સાથે સાથે દરેક યુગમાં ધંધો-રોજગાર, મકાન-દુકાન, રહેણી-કરણી, વેશ-પરિધાન, ખાણી-પીણી, વિચાર-વર્તનમાં બદલાવ આવ્યા જ કરતો હોય છે અને સમય પ્રમાણે માનવીએ એને અનુરૂપ થવું જ પડે છે. વર્ષો પહેલાંની ઘટનાઓ માનવી ક્યારેય ભૂલી શકતો નથીએ એક અલગ વાત છે.

અહીં આપણે એવી વ્યક્તિઓને મળીશું કે જેમણે પોતાનો મૂળ વ્યવસાય બદલાવેલો છે અથવા તો મૂળ વ્યવસાયને આધુનિક ઓપ આપવાનો પ્રયત્ન કર્યો હોય, મારૂ કંસારા સોની સમાજના લોકો (મારવાડ) રાજસ્થાનથી વ્યવસાય અર્થે કચ્છ પધારેલા છે. એ વાત સુવિદિત છે. મૂળ બ્રામણીયા સોની તરીકેની છાપ લઈને રાજાશાહીના વખતમાં આપણા પૂર્વજો અહીં આવીને વસ્યા છે. ચાંદીકળા, સુવર્ણકળા, તામ્રકળા, પિત્તળકળાની સાથે અન્ય ધાતુ કળાઓ પર હાથ અજમાવીને સુંદર નકશીકામ દ્વારા રજવાડાઓની પ્રસંશા પ્રાપ્ત કરેલ છે એટલું જ નહીં બ્રિટીશ શાસનમાં પણ આ કળાઓ વધુ વિકાસ પામી છે. અંગ્રેજો પણ આ કળા જોઈને પ્રભાવિત થયા હતા.

આજે લોકશાહી શાસન વ્યવસ્થામાં આપણે આપણી પરંપરાગત કળા જાળવી રાખવામાં અવનવા પ્રયોગો હાથ ધરવા પડે છે જેમ કે વર્ષો પહેલા શરૂઆતમાં માત્ર કારીગરીની મજૂરી મેળવીને ખુશ થઈ જતા હતા. ધીમે ધીમે મજૂરીની સાથે વેપાર કળા વિકસાવવામાં આવી પોતાના ગામમાં કે આસપાસના ગામોમાં જઈને ફરી ફરી આવતા તેમાંથી આગળ વધીને તાલુકા મથકે અથવા જિલ્લા મથકે અથવા રાજ્યના મોટા મોટા શહેરોમાં જઈને આપણી દાગીના બનાવવાની કામગીરીની ઊંચી મજુરી પ્રાપ્ત કરી લાવતા તે પછી ગામમાં ઓળખાણ થતાં કારીગરીની સાથે વેપાર કરતા.

## પરંપરાગત કારીગરો સાથે વાતચીત

**છત્રાળા મહેશકુમાર તુલસીદાસ, શ્રી અજેપાર જ્વેલર્સ-અંજાર**

આ વ્યવસાય બાબતે જણાવે છે કે પોતે અંજારના સોની કિરણકુમાર મોહનલાલ પાસેથી ચાર વર્ષ તાલીમ મેળવી કારીગરી શીખ્યા છે. આજે કારીગરી સાથે નાની દુકાન પણ ધરાવે છે.

સોનાના મંગળસુત્ર, કંઠી અને સોનાની રૂદ્રાક્ષમાળા બનાવવામાં વિશેષ રૂચિ છે. વેપારીકામ અને ઘરાકીકામ બંને કરે છે. તેઓ કહે છે કે એક જ પ્રકારનું કામ કરવાથી ઝડપ વધે છે. વળતર સારું મળે છે. સાથે સાથે થોડો વેપાર પણ ચાલુ કરેલ છે

આજના યુવાનોને સંદેશ આપતા જણાવે છે કે અભ્યાસ જરૂરી છે તો કરો પણ સાથે સાથે મૂળભુત વ્યવસાય પણ શીખો તેમાં વળતર મળી રહે છે તો ક્યારેય મુશ્કેલી નહીં આવે. દારૂ, જુગાર, તમાકુ જેવા દુષણોથી દૂર રહો, આવકના પ્રમાણમાં ખર્ચ કરો.

મહેશભાઈ કારીગર ભાઈઓને મદદરૂપ થવા તૈયાર છે. સોનાના મંગળસૂત્ર કે કંઠી વિશે માર્ગદર્શન આપવા તૈયાર છે.

ડિઝાઈનર જ્વેલરીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે સુવર્ણ આભુષણોનો કસબ શીખવા જેવો છે.

**નીતિન હરિલાલ બુદ્ધભટ્ટી (કંસારા) અંજાર**

કંસારા કામના કારીગર છે. તેઓ અંજારીયા કળસીયા, ત્રાંબાના દેશી બેડાં, ત્રાંસાના ત્રાંસ, પિત્તળના ડબા (રબારી) પિતળના તપેલા વગેરે બનાવવાનું મજૂરી કામ કરે છે. વર્ષો પહેલાની પરંપરાને કારણે કામ તો ચાલે છે પરંતુ ઘર વપરાશમાં તાંબા-પિત્તળના વાસણોનું ચલણ ઘટી ગયું છે. હવે આ ધંધાને આધુનિક દ્રષ્ટિએ વિકસાવવાનો પ્રયાસ આવશ્યક છે.

**અનિલભાઈ શંકરલાલ બગા, પ્રભુકૃપા જ્વેલર્સ, અંજાર**

સોના ચાંદીના આભુષણ ઘડવાના બાબતે જણાવે છે કે આજનો જમાનો હાઈટેકનોલોજી વાળો છે ત્યારે સોના-ચાંદીના દાગીનાની બનાવટમાં પણ હાઈટેકનોલોજીનો ઉપયોગ વધતા મશીનરી દ્વારા જથ્થાબંધ ઉત્પાદન પુષ્કળ પ્રમાણમાં થાય છે. વળી તે મજુરીમાં સસ્તુ પણ પડે છે તેની સામે પરંપરાગત કારીગરને ટકી શકવું બહું મુશ્કેલ પડે છે પરિણામે સોના-ચાંદીના સારા કારીગરો પાસે પણ કામ નહિવત રહે છે. જો આ પરિસ્થિતિમાંથી તેમણે બહાર આવવું હોય તો કારીગરોએ જૂથ બનાવવું જોઈએ અને સામુહિક ધોરણે વધુ ઉત્પાદનમાં દાગીના તૈયાર થાય તેવું આયોજન ગોઠવવું જોઈએ.

સરકારશ્રી દ્વારા મળતી સહાય મેળવવાના શક્ય એટલા પ્રયાસો કરવા જોઈએ. જેથી લઘુ ઉદ્યોગ કે કુટીર ઉદ્યોગના ધોરણે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી ધંધા રોજગારના સાધનો માટે લોન પ્રાપ્ત કરી આગળ આવવું જોઈએ તો જરૂર સફળતા મળે એટલું જ નહીં બધા કારીગરોએ 'કારીગર મંડળો' ની રચના કરવી જોઈએ. સહકારી મંડળી ઉભી કરવામાં આવે તો પણ પરંપરાગત વ્યવસાય કરનારાઓને પાછા મૂળ વ્યવસાય તરફ લાવી શકાય તેમ છે. 'વિના સહકાર નહિ ઉદ્ધાર'નો મંત્ર સૌએ યાદ રાખવા જેવો છે.

વ્યવસ્થિત, આદર્શ, પ્રતિષ્ઠિત, નિયમિત સંયમિત વ્યક્તિઓમાં ગણના થાય છે. સમાજના લોકો તેની સલાહને અનુસરના હોય છે માટે તેવા થઈએ - થઈ શકવા પ્રયત્ન કરીએ.

**દિલીપભાઈ પોમલ, કેટરર્સ, ભુજ (મૂળ અંજારના)**

હવે આપણે એવી વ્યક્તિને મળીશું કે જેઓ પહેલાં આ વ્યવસાય સાથે જોડાયેલા હતા પરંતુ મૂડીના અભાવે કે અન્ય કોઈ કારણોસર બીજા વ્યવસાયો જેવા કે કોમ્પ્યુટર કોચીંગ ક્લાસીસ, કેટરર્સ, મોબાઈલ સર્વીસ અને વેચાણ, અગરબત્તી ઉત્પાદન, પ્લાસ્ટીક થેલી બનાવવી, સુથારી કામ કરવું, પેઈન્ટીંગ કામ કરવું, ફોટોગ્રાફી કરવી, નોકરી કરવી, રેડીમેડ કાપડની દુકાન ખોલવી, કોન્ટ્રાક્ટર કે ટ્રાન્સપોર્ટર બનવું વગેરે.

કોઈપણ ધંધો રોજગાર કરવો એ માનવીની જરૂરીયાત છે. આવક પ્રાપ્ત થઈ શકે એવું કોઈપણ નાનું કે મોટું કામ પ્રત્યેક વ્યક્તિએ કરવું જોઈએ એ માનવીની વ્યક્તિગત ફરજ છે. કુંટુબના લોકોનો નિભાવ - જીવનનિર્વાહ કરવા માટે સૌએ કોઈને કોઈ વ્યવસાય અપનાવવો જ જોઈએ સકારી કે ખાનગી નોકરી પણ આવક માટે જરૂરી છે.

સોનાની કારીગરી જાણતા એક સમયના કારીગર એવા દિલીપભાઈ પોમલ છેલ્લા પાંચ વર્ષથી કેટરર્સનું આ નવું કામ કરી રહ્યા છે અને તેમાં હવે ફાવટ પણ આવી ગઈ છે. ૫૦૦ થી ૭૦૦ કે તેનાથી વધારે માણસોની રસોઈનું કામ તેઓ સરળતાથી કરી લે છે. સોની સમાજમાં તેઓ દિલીપભાઈ કેટરર્સ તરીકે જાણીતા પણ છે તેમના મો. નં. ૯૩૭૪૮૮૬૯૩૦ પર તેમનો સંપર્ક કરી ઘણા લોકો તેમને ઓર્ડર આપતા હોય છે. જરૂરિયાત પ્રમાણે સામગ્રી મંગાવીને મેનુ મુજબ ખૂબ જ સ્વાદિષ્ટ અને મસાલા સભર વાનગી તૈયાર કરી દે છે એટલે જરૂર કહી શકાય કે જેમને કામ કરવું હોય તેને કામ મળી રહે છે કામને અનુરૂપ આપણે બદલાવું પડે છે તો બદલાવાની તૈયારી રાખવી જોઈએ.

આ વિશાળ દુનિયામાં સૌને ગમતું કામ હંમેશા મળતું જ રહેશે એવી કોઈ ગેરંટી નથી વળી કામ કામને શીખવાડે છે એ ઉક્તિ મુજબ સમય જતાં તે આપણને અનુકૂળ લાગવા માંડે છે અને માસ્ટરી પણ આવી જાય છે.

## પાંગરતી પ્રતિભા



**મનાલી અનિલકુમાર સોની** (અંજાર)ના કુ. મનાલીએ એમ.બી.એ. થર્ડ સેમેસ્ટર તથા પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન્ટરનેશન બીઝનેશ (ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ શીપીંગ એન્ડ ફોરેન ટ્રેડ) ની પરીક્ષા ગ્રેડ 'એ' સાથે પાસ કરેલ છે. તેમની ઉજ્જવલ કારકિર્દી માટે જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભકામના...



**નીલ કિશોરભાઈ પોમલ** (અંજાર) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ની પ્રવેશ પરીક્ષા C.P.T. માં ડીસ્ટીકશન માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. તેમની ઉજ્જવલ કારકિર્દી માટે જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભકામના...

**વ્યવસાયલક્ષી વિચાર**

# એન્જીનીયરીંગ ક્ષેત્રે કારકિર્દી

**Prashant J Bagga**

Engineering as a career option is decided at an age when the student opting for is not very mature enough. Most of the time, it is the parent's choice, who undoubtedly think in the best interest of their ward. Not necessary, those giving the advice are engineers or have the complete idea of engineering as a profession. It's seldom that the one opting for the career is completely aware of Engineering field.



**લેખકનો પરિચય :** પ્રશાંત જગદીશભાઈ બગ્ગા, શૈક્ષણિક ક્ષેત્રેનો બહોળો અનુભવ ધરાવે છે. અત્યારે તેઓ નિરમા યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગમાં પ્રોફેસર છે. તેમણે અને ટેકનીકલ પેપર્સ નેશનલ તેમજ ઈન્ટરનેશનલ કોન્ફરન્સોમાં રજુ કરેલ છે. તેમના પિતાશ્રી તોલાની પોલીટેકનીકમાં પ્રિન્સીપાલ હતા.

Engineering career is full of creativity and ingenuity. As an aerospace engineer you have the chance of developing cryogenics technology badly needed for the country to make advances in the space research, as a Civil Engineer you have the opportunity of developing earth quake resistant houses and as an electrical engineer the challenge lies in developing superconductors. The list is endless.

To be an engineer, one should excel in problem solving skills. Engineers spend much of their time in solving problems. Problem solving skilles can be enriched by practicing Maths, Physics and Chemistry numericals as much as possible.

Engineers play an important role in the development of the nation and add to its international stature in a big way. And in this pursuit, one also earns a reputed place in the society.

A lot of engineering graduates choose a career in management or go for advanced courses to further specialize in respective field.

**વ્યવસાયલક્ષી વિચાર**

# થોડુંક રોજગારલક્ષી...

**મીતા સોલંકી - ભુજ**

ધો.૧૦-૧૨ પછીના અભ્યાસક્રમો રોજગાર મેળવવા માટે નિર્ણાયક સાબિત થાય છે. પરંતુ આ બાબત અત્યારે એન્જીનીયર કે ડોક્ટર્સ બનવા માટે ઉચ્ચ અભ્યાસ કરતા રેન્કર વિદ્યાર્થીઓની વાત નથી કરવી પરંતુ માત્ર ૧૦ કે ૧૨ ધોરણ અભ્યાસ પૂર્ણ કરી કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓની વાત કરીશું.

સૌ પ્રથમ આવડત પર જોર આપશું કે તમારી આવડત ના જોરે તમે ક્યું ક્ષેત્ર પસંદ કરી વધુ કમાણી કરી શકશો ? કોઈ કામ નાનું કે મોટું નથી, ઊંચે પગથીયે ચડવા શરૂઆત નીચેના પગથીયેથી જ કરવી પડશે.

જો તમે મહિલા છો, તમારે એ નક્કી કરવું પડશે કે રોજગાર મારા માટે શોખ કે પ્રવૃત્તિ છે કે કમાણીનું સાધન ? તમારા શોખ પ્રમાણનો વ્યવસાય હશે તો તેમાં તમે વધુ ખીલશો. જે કામ કરવાનું નક્કી કરું છું તેમાં આગળ વધવાના ચાન્સ કેટલા ? અથવા તેનાથી વિપરીત નિષ્ફળતા મળશે તો શું કરીશ ? ઓછું ભણ્યા છો પણ ખૂબ પ્રેક્ટીકલ છો તો આ જમાનામાં ખૂબ આગળ વધી શકશો. જેમ કે નારી સશક્તિકરણ યોજના હેઠળ આઈટીઆઈમાં માત્ર મહિલાઓ માટે ખૂબ જ ઉપયોગી એવી રોજગાર તાલીમ મળે છે. જેના કારણે ઘેરબેઠા આવક મેળવી શકો છો. દુનિયાભરનું જ્ઞાન તમારી શક્તિ બની શકે છે. સફળતા મેળવવા આયોજન, કુટુંબના સભ્યોનો સાથ અને સમયસર પ્રયત્નો ચાલુ કરવા ઈચ્છનીય છે, રોજગાર મેળવવા માટે કોઈને કોઈ રીતે ટેકાની જરૂર પડે છે. જાણકાર કે અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન લેવામાં પાછી પાની કે હીચકીચાટ ન અનુભવવું. આવક મેળવવા માટે સૌ પ્રથમ રોકાણ કરવું પડે એવી શક્યતા નકારી ન શકાય. આખરે નાણાં વગરના નાથિયા બનવું છે કે નાણે નાથાલાલ બનવું છે તે તમારે નક્કી કરવું પડશે.

# કાયદાના અભ્યાસમાં વ્યવસાયીક સંભાવનાઓ

ઈન્દુભાઈ હરીરામ સોલંકી, એડવોકેટ-ભુજ

વકીલાતના વ્યવસાય માટે કોઈપણ વિદ્યાશાખામાંથી ૫૦ ટકા માર્કસ સાથે ગ્રેજ્યુએશન કર્યા બાદ એડવોકેટ તરીકેની પદવી મેળવવા માટે એલ.એલ.બી.નો ત્રણ વર્ષનો કોર્ષ કરવાનો રહે છે. આ ત્રણ વર્ષ દરમ્યાન દર છ મહિને એક સેમીસ્ટર પુરુ કરવાનું રહે છે. તેમજ એક સેમીસ્ટરના અંતે જે તે વિષયોની પરીક્ષા પાસ કર્યા બાદ બીજા સેમીસ્ટરની શરૂઆત થઈ શકે છે. દરેક સેમીસ્ટર દરમ્યાન જે તે વિષયમાં પણ ઓછામાં ઓછા ૫૦ ટકા માર્કસ મેળવવા ફરજીયાત રહે છે. આ છ સેમીસ્ટર દરમ્યાન જુદા જુદા કાયદાઓનો અભ્યાસ કરવાનો તથા તે ઉપર પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવાના હોય છે. ચાર સેમીસ્ટર બાદ લો ગ્રેજ્યુએટ તરીકેની પદવી મળે છે. પરંતુ લો ગ્રેજ્યુએટની પદવી બાદ એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરવા માટે કાયદાના અભ્યાસ સાથે છેલ્લા બે સેમીસ્ટર દરમ્યાન કોર્ટોમાં સિનીયર એડવોકેટ સાથે રહી પ્રેક્ટીકલ ટ્રેનીંગ લેવાની રહે છે. તેની સાથે કોલેજમાં મોક કોર્ટોનું તથા પ્રેક્ટીકલ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવે છે અને તેવી મોક કોર્ટો તથા પ્રેક્ટીકલ ટ્રેનીંગમાં ભાગ લેવાનું રહે છે. ચાર સેમીસ્ટર તથા છેલ્લા બે સેમીસ્ટરની પરીક્ષા બાદ એલ.એલ.બી.ની ખાસ પદવી એનાયત થાય છે.

**લેખકનો પરિચય :** શ્રી ઈન્દુભાઈ હરિરામ સોલંકી વ્યવસાય એડવોકેટ છે. તેઓએ સિવિલ, ક્રીમીનલ, રેવન્યુ કોર્ટ, એક્સીડન્ટ ક્લેઈમ તથા દસ્તાવેજોને લગતા તમામ કેસોમાં વિશેષ પ્રતિષ્ઠા મેળવેલ છે. તેઓ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ, વિજયા બેન્ક વિગેરે સંસ્થાના પેનલ એડવોકેટ છે. તેમજ કચ્છ જીલ્લા મીડીએશન સેલમાં મીડીએટર તરીકે સેવા આપે છે.

સામાજીકક્ષેત્રે તેઓનું વિશેષ પ્રદાન છે. તેઓ વર્ષ ૧૯૯૧-૨૦૦૩ દરમ્યાન ભુજ જ્ઞાતિના પ્રમુખ પદે રહેલ. હાલમાં તેઓ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના માનદ્‌મંત્રી તરીકે સેવા આપે છે.

કાયદાકીય ક્ષેત્રના તેમના અનુભવનો લાભ જ્ઞાતિસેતુના વાંચકોને મળતો રહ્યો છે.

એલ.એલ.બી.ના ત્રણ વર્ષના છ સેમીસ્ટરના અભ્યાસ બાદ એડવોકેટ તરીકેની જાહેર ફરોજો બજાવી શકાય છે. પરંતુ ન્યાય કોર્ટોમાં સ્વતંત્ર રીતે પ્રેક્ટીસ માટે બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા લેવામાં આવતી પરીક્ષા પસાર કરવાની રહે છે. આવી પરીક્ષા પસાર કર્યા બાદ જે તે રાજ્યના બાદ કાઉન્સીલ તરફથી એડવોકેટ તરીકેની સનદ આપવામાં આવે છે.

આ રીતે એડવોકેટ તરીકે સનદ મળ્યા બાદ ન્યાય કોર્ટોમાં સ્વતંત્ર પ્રેક્ટીસ કરી શકાય છે. એડવોકેટ તરીકેની પ્રેક્ટીસના અમુક સમય બાદ પબ્લીક પ્રોસીક્યુટર કે સરકારી એડવોકેટ માટે નિમણુંક મેળવી શકાય છે. તે જ રીતે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, સીવીલ જજ તથા જીલ્લા મેજીસ્ટ્રેટ તરીકેની સ્પર્ધાત્મક પરીક્ષા અને ઈન્ટરવ્યુ બાદ તેવી જગ્યાઓ ઉપર નિમણુંક મેળવી શકાય છે.

એલ.એલ.બી.ની ડીગ્રી મેળવ્યા બાદ એડવોકેટ તરીકેની પ્રેકટીશને બદલ અન્ય ક્ષેત્રે પણ કારકીર્દી બનાવી શકાય છે. બેંક, વીમા કંપની, ખાનગી, સરકારી કે જાહેર સંસ્થાઓ, મોટા ઉદ્યોગો વિગેરેમાં લો ઓફીસર તરીકે નિમણુંક મેળવી શકાય છે.

વકીલાત એક પ્રકારનો સ્વનિર્ભર વ્યવસાય કહી શકાય. તે સાથે એવું માનવામાં આવે છે કે વકીલાત એ વ્હાઈટ કોલર વ્યવસાય છે. પરંતુ વ્હાઈટ કોલર વ્યવસાયનો લાભ લેવા અને સ્વનિર્ભર થવા માટે લાંબા સમયની પ્રેક્ટીસ અને સખત મહેનત માંગી લેતો વ્યવસાય છે. આ વ્યવસાયમાં સતત અભ્યાસ, મહેનત અને રોજબરોજના બનાવો, નિર્માણ થતી પરિસ્થિતિઓની જાણકારી રાખવી જરૂરી બને છે. તે સાથે સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટોના પ્રસ્થાપિત તથા કાયદાના સિદ્ધાંતો, પાર્લામેન્ટ તથા વિધાનસભા દ્વારા અમલમાં આવતા કાયદા, નિયમો વિગેરેની જાણકારી રાખવી જરૂરી છે. જો આ રીતે તમામ ક્ષેત્રની જાણકારી સાથે આગળ વધવામાં આવે તો વ્યવસાય સાથે નામના પણ વધે છે. વકીલ કે એડવોકેટ એ કાયદાકીય વ્યવસાનો સભ્ય છે. તે પોતાના અસીલનો પ્રતિનિધિ, કાયદાકીય કાર્યવાહીનો ઓફીસર તથા સમાજમાં ખાસ પ્રકારની જવાબદારી સાથે સકારાત્મક ન્યાય પ્રણાલીકા જાળવવામાં મદદરૂપ થાય છે. પોતાના અસીલના પ્રતિનિધિ તરીકે વકીલે જુદી જુદી ફરજો બજાવવાની હોય છે. એક સલાહકાર તરીકે વકીલે પોતાના અસીલને કાયદેસર રીતે મળી શકતા અધિકારો અને અદા કરવાની રહેતી ફરજો પ્રત્યે સજાગ રહેવા માટેની સલાહ આપવાની હોય છે. વકીલની આવી પ્રતિનિધિત્વ ધરાવતી ફરજો ઉપરાંત બે પક્ષકારો વચ્ચેના મતભેદોના નિવારણ માટે કોઈ પણ પક્ષકારના પ્રતિનિધિ થયા વગર મદદ કરી તેવા મતભેદોનું નિવારણ કરવામાં સહાયરૂપ બની શકે છે.

**ગુજરાત સરકારની પ્રોત્સાહક યોજનાઓ :**

**A) હિરા ઝવેરાત ક્ષેત્ર**

1) **Interest Subsidy -** Interst subsidy is available @3% per annum with a ceiling of Rs. 15 lakhs for 5 years on Term loan from Bank/Financial Institution for setting up new project or expansion, diversification and modernization in an existing unit on the fixed capital investment.

2) **Hall Mark Certification and Gem Testing Centre:** Interest subsidy same as above, for setting up of new Hall Mark Certificaton Centre / Gems Testing Centre as an independent legal entity is available.

3) **Support for setting up of Jewelry Park :** Support is provided for Development / setting up of Jewelry park. The park must have minimum 50 manufacturing /service enterprises. Support will be available in the form of Viability Gap Funding up to 20 % of the project cost. Government may provide LAND to such Parks depending up on availability. Assistance to Industrial Association / Group of Industries for development of Jeweler Park @ 50 % of the project cost in establishing common Infrastructure facilities including Land cost with a ceiling of Rs.10 crores is available.

**B) ટેક્ષટાઈલ અને તૈયાર કપડા માટે મળતી સવલતો**

1) Credit linked Interest Subsidy is provided to units in spinning, weaving, knitting, apparel and machine carpeting satisfying certain conditions, both for new projects as well as expansion and diversification in existing units for investment in new and modern plant and machinery @ 5% per annum limited to Rs. 30 lakhs per annum for five years period on term loan from Banks / FIs (For spinning, maximum amount is Rs. 40 lakhs.) This assistance is in addition to incentive available under the scheme of GOI.

2) Credit linked interest subsidy @6% p.a. limited to Rs. 125 lakhs during operative period of the scheme is available to new or existing units on equipment / machinery identified under TUF Scheme for production of identified range of technical textiles.

3) Assistance for technological acquisition / technical collaboration @ 50 % limited to Rs. 25 lakhs per process / product once during the operative period of the scheme is available.



**લેખકનો પરિચય :** શ્રી અરૂણભાઈ કંસારા, બી.કોમ.એલ.એલ.બી., એફ.સી.એ. છે. ગત ૨૦૧૨ વર્ષના આખરી દિવસે (૩૧-૧૨-૨૦૧૨)ના રોજ ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર્સ કોર્પોરેશનના ફાઈનાન્સ અને એકાઉન્ટસ જનરલ મેનેજર પદેથી નિવૃત્ત થયા છે. હાલે તેઓ ગાંધીધામમાં પોતાની ફાઈનાન્સીંગ કન્સલ્ટન્ટીંગની ઓફીસ ધરાવે છે. તેઓ આપણી (શ્રી કચ્છી મારૂ કંસારા સોની) જ્ઞાતિના પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને ICAI પેનલ ઓફ આર્બીટ્રેટર્સના સભ્ય છે. પોતાનું ઔધોગિક એકમ સ્થાપવાની ઈચ્છા ધરાવતા નવયુવાન સાહસિકોને તેમનો વ્યવસાય સંબંધી પ્રોત્સાહક યોજનાઓ વિશે માર્ગદર્શન આપતો લેખ પ્રોત્સાહિત કરશે.

**C) શિક્ષીત બેરોજગારો માટે સ્વરોજગારની યોજના :-**

**a) વાજપાયી બેંકેબલ યોજના**

This is applicable to persons under the age group 18 -50 years. There is no Income limit bar for the applicant. The eligibility criteria are - Education: Passed 4TH standard or experience of one year in the industry /trade or worker in succession. The District Industries office may recommend to Banks / FIs for grant of loan for maximum amount of Rs. 5 lakhs for setting up a new Industry or Rs. 2 lakhs for starting new business. The eligible amount of subsidy for Industry is maximum Rs. 30000 and for Business, it is Maximum of Rs. 15000.

**b) વડાપ્રધાન રોજગારી નિર્માણ કાર્યક્રમ : ઉંમર અને આવકના માપદંડો ઉપર મુજબ**

The maximum amount of Loan which can be recommended under this scheme for Industry is Rs. 25 lakhs and for Service provider, it is Rs. 10 lakhs. For the purpose of Education in case of Loan for Industry additional amount of Rs. 10 lakhs and for service provider, Rs. 5 lakhs in case of candidates who have passed 8th standard and above may be recommended. The subsidy / assistance in this scheme are provided as under:

| DESCRIPTION | CITY | RURAL | MAXIMUM |
|---|---|---|---|
| • GENERAL CATEGORY | 15% | 25% | THERE IS NO LIMIT. ASSISTANCE / SUBSIDY IS BASED ON LOAN AMOUNT |
| • SC / ST / BACKWARD / WOMAN / 40& DISABILITY EX SERVICEMAN | 25% | 35% | AS ABOVE |

**CONDITIONS:**

- Training under Entrepreneur Development program is compulsory. Otherwise, Assistance / subsidy are not payable.
- It is compulsory to provide employment to one person for each Rs. 1 lakh loan granted.

**C) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ કાર્યક્રમ**

Annual Income below Rs. 36000 in case of City, and Rs. 27000 in case of Rural areas. For the people Below poverty line category (BPL) Category free assistance / subsidy of maximum Rs. 5000 is granted for purchase of Tools / equipment's Kit for their prescribed existing occupation / trades.

**(2) માઈક્રો, નાના અને મધ્યમકક્ષાના સાહસો**

**ભારત સરકારના** MSME Act,-2006 **આવા સાહસો માટે નીચે મુજબના ધોરણો નક્કી કરવામાં આવેલ છે.**

| ENTERPRISE | INVESTMENT IN PLANT & MACHINERY FOR INDUSTRY | INVESTMENT IN EQUIPMENTS FOR SERVICE PROVIDER |
|---|---|---|
| MICRO | Up to Rs. 25 Lakhs | Up to Rs. 10 Lakhs |
| SMALL | Above Rs. 25 Lakhs up to Rs. 5 crores | Above Rs. 10 Lakhs Up to Rs. 2 crores |
| MEDIUM | Above Rs. 5 crores Up to Rs. 10 Crores above | Rs. 2 Crores Upto Rs. 5 crores |

**(2) ASSISTANCE TO MICRO, SMALL AND MEDIUM ENTERPRISES**

**a)** **Interest Subsidy:** Graded interest subsidy @ 7% for Micro and 5% for Small and Medium enterprises is available for setting up of new and existing units for expansion, diversification, or modernization,. 1% additional interest subsidy is available to young person's having less than 35 years of age in case of first project. Woman entrepreneurs are accorded priority. Maximum amount available is Rs. 25 lakhs for a period of Five years.

**b)** **Venture Capital :** Venture Capital Assistance through Banks /FIs for projects adopting innovative technology such as Technical Textile, Nano Technology, Information Technology, Bio Technology, etc. Maximum limit of Rs. 10 crores during the operative period of the scheme.

આ સિવાય, ગુણવત્તા સર્ટિફીકેશન, સ્કીલમાં વધારો કરવા માટે, ટેકનોલોજી મેળવવા તેમજ રીસર્ચ અને ડેવલપમેન્ટ તેમજ પેટન્ટ લેવા માટે પણ જરૂરી ફંડના રૂપે મદદ મળે છે. તદ્‌પરાંત ઊર્જા અને પાણીની બચત અને માર્કેટીંગ માટે પણ વિવિધ સહાયો આપવામાં આવે છે. આવા ઉદ્યોગોના એસોશિએશનોને પણ સરકારશ્રી તરફથી અનેક સવલતો મળતી હોય છે.

**(3) ઉદ્યોગ સ્થાપવા માટેના પગલાં**

- Collect maximum information about the project or product proposed to be manufactured and prepare Project profile.
- Decide location where the project is likely to be set up.
- Learn procedure and formalities be completed before taking up physical implementation of the project start up.
- Get a Detailed Project Report prepared which should include following components:

a) Market Potential of the Product to be manufactured- Market survey / Research,

b) Characterization of the Location of the project,

c) Land and Building requirement,

d) Requirement and availability of Land and Building,

e) Requirement of Raw materials and Utilities with its specifications and Sources,

f) Requirement of other utilities like water, power, fuels, steam etc.,

g) Manpower requirement – skilled and unskilled, h) Schedule of implementation,

i) Estimation of Project Cost.

j) Assessment of Working Capital requirement,

k) Technology ties up,

l) Tie up of means of Finance – Equity & Debt components,

m) Cost of Production and Profitability Statements,

n) Breakeven point,

o) Internal Rate of Return.

p) Cash Flow Statements,

q) Debt Service Ratio to establish financial viability of the project,

r) Economic viability of the project and

s) Economic Benefits of the project.

GANDHIDHAM (KUTCH), DATED: 11/2/2013

Contact reference for any further details / information:
E mail – aruntkansara@rediffmail. Com
Mobile +919727300548

## કંસારા બેરીંગ્સ લિ. જોધપુર - એક સફળ સાહસ

આપણી જ્ઞાતિમાં કેટલાક એવા સાહસિક ઉદ્યમીઓએ જાત મબેનત અને ખંતથી વિકસાવેલા ઉદ્યોગોની વિગતો આપણા માટે બોધ અને પ્રેરણા આપનારી હોય છે. આવા જ એક ઉદ્યોગ સાહસિક જેમનું સાહસ આજે વૈશ્વિક ઓળખ ધરાવતી પબ્લીક કંપનીમાં પરિણમ્યું છે. એના વિષે થોડી વિગતો જે એમની કંપનીના બ્રોશ્યોરમાં હતી તેના કેટલાક અત્રે પ્રસ્તુત છે. બોક્સમાં આ સાહસિક પ્રકલ્પના પ્રણેતા શ્રી નવરતનભાઈ કંસારાનો પરિચય સંક્ષેપમાં આપ્યો છે.

**Kansara Bearings Ltd. - An ISO- 9002 company**

**Kansara Bearings Ltd.** is the specialist & dedicated producer of Taper and Cylindrical **Rollers** for Bearings with an experience of 13 years, having customer base like whos who in bearings i.e. SKF, FAG, HMT, NBC, NRB, ABC, TATA, TIMKEN, TURBO, ORBIT, PLT, DELUX, A&S, TRIDELLA etc.

We are the **first** -

ISO - 9002 bearing component producer of India.

To promote joint venture in bearing component manufacturing.

**Exporter of Taper Rollers from India.**

Kansara Modler Ltd. - An Indo- German Joint Venture

**Kansara Modler Ltd.** is an Indo-German Joint Venture promoted by Kansara Bearings Ltd., India & Aschaffenburger Maschinenfabrik Johann Modler GmbH, Germany.

The German promoter is specialist & dedicated producer of high performance Grinding Machines with an experience backing of 75 years and customer base like who's who in Bearings & Automobiles i.e. SKF, TIMKEN, FAG, BOSCH, INA, VOLKSWAGEN, OPEL AG, DAIMLER BENZ, LUCAS CAV, RENAULT, RMB, PEUGEOT, FIAT, NTN, NSK etc.This company has recently started production of **World Class Ultra Precision Taper Rollers for Taper Roller Bearings.** These ready to assemble **Taper Rollers** are meant for enhancing the Quality, enhancing the Productivity and enhancing the Cost effectiveness at customers end.



**શ્રી નવરતનભાઈ કંસારાનો પરિચય સંક્ષેપ :** કંસારા બેરીંગ્સ લિ. **(An ISO-9002 company)** ના મેનેજીંગ ડાયરેક્ટર અને કંસારા મોડલર લિ. **(An IndoGerman Joint venture)** ના ડાયરેક્ટર શ્રી નવરતનભાઈ કંસારા જોધપુર (રાજસ્થાન)ના સાહસિક અને સફળ ઉદ્યોગપતિ છે. તેઓ શ્રી જોધપુર બેરીંગ કોમ્પોનન્ટ મેન્યુફેકરીંગ એસોશિએશનના પ્રમુખ અને મારૂધરા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના અધ્યક્ષ છે. ઈન્ડોજર્મન ચેમ્બર ઓફ કોમર્સ તેમજ રોટરી કલબના સભ્ય છે. તેઓશ્રી **JAYCEE** સંસ્થામાં પણ વિવિધ ઉચ્ચ પદે રહીને સેવાઓ આપી છે. તેઓશ્રીનું સેવાઓ બદલ રાજ્ય તેમજ રાષ્ટ્ર સ્તરે બહુમાન થયું છે. હાલે ૫૮ વર્ષના થનગનતા યુવાન શ્રી નવરતનભાઈ કહે છે કે એમણે એન્જીનીયરીંગના અભ્યાસ અધવચ્ચે છોડયો હતો. પરંતુ એન્જીનીયરીંગ ક્ષેત્રે એમને ક્યારેય છોડ્યા નથી. વધુમાં એમણે બ્રિટનના ખ્યાતનામ સાહિત્ય સર્જક સમરસેટ મોમનું એ મશહુર વાક્ય કહ્યું કે 'જ્યારે તમે શ્રેષ્ઠ સિવાયનું કંઈ પણ ન લેવાનું નક્કી કરો ત્યારે મહદ્દઅંશે તમને શ્રેષ્ઠ જ મળે છે.' — **મુખ્યતંત્રી**

Being one of the most experienced and innovative organisation equipped with world class technology we have secured many credentials in our account. Although product itself is a mirror image of it but some of them are mentioned here to show our compatibility and strength.

· **Kansara Bearings Ltd.** is the first **ISO 9002** Bearings Component Producer of India.

· Group is the first exporter of **Taper Rollers** with regular export to Europe.

· **Kansara Modler Ltd.** is the only Joint venture bearing component producer of India.

· India's only Organization producing **Taper Rollers** of World Class Quality ready for assembly.

· Group has been honoured as one of the top tax payer of town by income tax department.

· Included in the **"World List of Bearing Manufacturers"** Published by **AFBMA, U.S.A.**

· We have the distinction of zero defect for continuous 54 months upto June99, for supplies made to **SKF Bearings India Ltd.**

· We have been awarded for **Outstanding Services** in quality & delivery by **FAG Bearing India Ltd.** for year 1998-99.




**Taper Roller** is the most critical component of Taper Roller Bearings. It has to rotate at several times higher speed than the bearing itself and at the same time it has to carry the entire load of the equipment where it is used. Obviously the performance of the bearing in terms of its speed, strength & service to a great extent depends on Rollers. And to create the **Roller** to meet the stringency required calls for *better* Material, *better* Manufacturing and *better* Microgeometry. To take care all the three key parameters we have in-house laboratory equipped with world's renowned computerized equipments capable of giving objective results on hard copy in less than a minute eliminating the guess work totally.

***the* Manufacturing**

The first step in manufacturing is to design tooling. As soon as we receive customer's order our tool room equipped with the facility of computer aided design and world class machinery comes into action. In order to ensure consistency in the geometry, the data generated by computer in design goes to the machine directly for tool production.

Steel wire made out of selected source of steel is cold forged into the shape of Taper roller for *correct grain orientation*. These rollers are then tumbled and heat-treated in rotary retort and steel belt conveyor furnaces.

These furnaces are controlled by temperature controller of One Degree Celsius accuracy which is verified every day by quality assurance department. Rollers in rotary furnace are heated indirectly in the presence of a preventive atmosphere of controlled dew point for zero decarburisation. Then the rollers are quenched in a tank of mechanically agitated oil bath whose temperature is maintained by controllers and heat exchangers for proper microstructure and to achieve hardness of 62 $\pm$ 2 HRC. Thereafter it is cleaned by shot blasting and grinded by high performances Grinding line capable of automatic size control which can read and control in increment of 0.1 micron.

***the* Microgeometry**




Our **Taper Rollers** have correct and consistent profile on OD to eliminate edge loading and to achieve proper load distribution; correct and consistent sphered end profile on big end for smooth running and high surface finish for noise reduction.

The organization believes in respecting human dignity above pay and promotion. We follow consensus type of management style operated by a group known as **'Action Group'**. This Group consists of head of each department which meets every saturday for review of each department. This style of functioning is instrumental in our growth. The organisation has qualified professionals from different streams i.e. Metallurgists, Engineers, Chartered Accountants, Business Management etc. Everybody wears the same uniform with a sense of pride.

**Human Resource Development (HRD)**




Being one of the most important pillar of organization, we believe in continuous development of our human resource. For that purpose regular training programme is conducted. Organization has Transparent Appraisal System through which proper recognition of employee's effort is done. Everybody in the organisation, irrespective of the position held, has freedom of expression. Continuous human resource development has proved intrumental in our rapid growth. We provide mordern facilities to all our employees for their social development.

Our manufacturing methods are focussed on customer's needs of quality and delivery.

We have a world class machinery and equipments having reliable process capabilities. In every process the capabilities are controlled and monitored by statistical process control techniques. All the clauses of ISO-9002 are strictly adhered. In our process we do not use any hazardous substance to save the environment.

We have our own defined parameters to produce high quality Taper Rollers of international standards. We follow different procedures at different levels using latest technology and equipments.

Rollers are inspected for their quality at all the stages of manufacturing by a team of well trained inspectors who are authorised to stop the process at any stage if rollers are found to be deviating from standards.

Because of the strong systems we have the distinction of

· Zero defect for continuous 54 months upto June99, for supplies made to **SKF Bearings India Ltd.**

· Being awarded for **Outstanding Services** in quality & delivery for the year 1998-99 by **FAG Bearing India Ltd.**

**We not only believe in quality but we live on it !**

# કારકિર્દી તરીકે એનીમેશન

કિશન સુરેશભાઈ સોલંકી - ભુજ

**પરિચય :** *મિકી માઉસ, ડોનાલ્ડ ડક, ટોમ એન્ડ જેરી અને સ્ટુઅર્ટ લીટલને બધા જ જાણે છે - અમુક એવા પાત્રો જે આપણને કાયમ આનંદ આપે છે અને આપણું મનોરંજન કરે છે. પણ, શું તમે જાણો છો કે આ પાત્રો કઈ રીતે જન્મ્યા અને ફક્ત રેખાચિત્રની કલાના આધારે કેવા આશ્ચર્યો સર્જી શક્યા છે ? અને જવાબ છે એનીમેશન દુનિયાભરમાં ખૂબ ઝડપભેર વિકસી રહેલ ઉદ્યોગોમાં એક. એકવીસમી સદીમાં મલ્ટીમિડીયા અને એનીમેશનની નોકરીઓની સૌથી વધુ ખોજ છે. આ એક એવી કલા છે જે શબ્દો, ચિત્રો, ગ્રાફિક્સ, એનીમેશન, ઓડિયો અને વિડીયોના મિશ્રણથી વર્ચ્યુઅલ જાદુ સર્જે છે. એનીમેશન એ મલ્ટીમિડીયાનું માત્ર એક અંગ છે.*

એનીમેશન એક ચોક્કસ પ્રકારના મીડિયા તરીકે પ્રગટ થઈ રહ્યું છે. એનીમેશનમાં કઠીન પરિશ્રમ તથા નક્કર આયોજનનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર નવું હોવાથી આમાં ઘણી છુપી ક્ષમતા અને પ્રતિભા રહેલી છે, જેને આંતરરાષ્ટ્રીય સ્તર મુજબ યોગ્ય દેખરેખથી વિકસાવવાની જરૂર છે. વોલ્ટ ડીઝની, આઈ મેક્ષ અને સોની જેવી ઘણી ખ્યાતનામ કંપનીઓ જે પોતાના કાર્ટુનના પાત્રોને આઉટસોર્સ કરવા ઈચ્છે છે, તે ભારતમાં આ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ કરવા તૈયાર છે.

એક વિચારનું સર્જન કરવું, તેને વાર્તા સ્ક્રીપ્ટમાં વિકસાવવો અને તેને તકનીકી સહાય પૂરી પાડવી, એનીમેશનના નિર્માણની આ પ્રક્રિયાઓ છે. ઉપરાંત સામાન્ય રીતે મોટા ભાગે વપરાતા એનીમેશનો છે ટૂ ડાઈમેંશનલ (2D) અને થ્રી ડાઈમેશનલ (3D), પપેટ (કઠપૂતળીના) એનીમેશન, ક્લેય (માટીના) એનીમેશન, સેન્ડ (રેતીના) એનીમેશન, વેજીટેબલ (વનસ્પતિના) એનીમેશન, વિગેરે પણ હોય છે. ટૂ ડાઈમેંશનલ ઈમેજો જોવામાં ઉપલક હોય છે. જ્યારે થ્રી ડાઈમેશનલ ઈમેજોમાં ઊંડાણ હોય છે, જે તેમને વધુ વાસ્તવિક બનાવે છે.

**લાયકાત :** એનીમેશન ક્ષેત્રમાં કુશળ વ્યવસાયી બનવા માટે તાલીમ એ સૌથી જરૂરી અને મહત્વનું પાસું છે. એનીમેટર બનવા માટે, કોઈ ચોક્કસ શૈક્ષણિક લાયકાત હોવી જરૂરી નથી. જેનામાં મૂળ સ્કેચિંગનું કૌશલ્ય હોય અને એનીમેશન માટેના જુસ્સો હોય તેઓ આ ક્ષેત્રમાં પ્રવેશી શકે છે. એનીમેશનમાં ડીગ્રી કે ડીપ્લોમા મેળવવાથી સારી નોકરી શક્યતા રહેલી છે.

આજે ઓનલાઈન સેવાઓ સિવાય ઘણા બધા એનીમેશનના ડીગ્રી અને ડીપ્લોમા કોર્સ ઉપલબ્ધ છે. એનીમેશનના ડીગ્રી અને ડીપ્લોમા કોર્સ માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત છે દસમું ધોરણ વત્તા બે અથવા તેના સમકક્ષ.

જેઓ કમ્પ્યુટર એનીમેશનમાં કામ કરવાનું વિચારી રહ્યા છે. તેઓને ફોટોગ્રાફી, લાઈટીંગ તથા હિલચાલનું જ્ઞાન હોવું ફાયદાકારક છે. તેઓને મનમાં ચિત્ર ઊભું કરતાં આવડવું જોઈએ કે 3ડી માં તે કેવું દેખાશે અને તે કે એનીમેટ થયેલી વસ્તુ કઈ રીતે વાસ્તવિક દેખાય.

**કારકિર્દીના વિકલ્પો :** 3 D એનીમેશન એ સંપૂર્ણ ટીમવર્ક છે અને તે સર્જનાત્મક વિચારોથી ચાલે છે. 3 D એનીમેશન મૂવીના સર્જનમાં સંડોવાયેલા વિવિધ પગલા છે.

વાર્તા - સ્ટોરી બોર્ડીંગ - પાત્રનું રેખાચિત્ર - વિભાવનાની રચના - મોડલિંગ - પર્યાવરણો - રીગીંગ - કેરેક્ટર તથા યાંત્રિક એનીમેશન - સ્ટોરી બોર્ડ - એનીમેશન - લાઈટીંગ - ટેક્ષ્ચરીંગ - ડાયનેમિક્સ - વોઈસ રેકોર્ડિંગ - ડીજીટલ એડીટીંગ - વીએફએક્ષ (Vfx) - અંતિમ ફિલ્મ

**તેથી તમે બની શકો છો :**

★ મોડલર ★ ટેક્ષ્ચરીંગ આર્ટિસ્ટ ★ લાઈટીંગ આર્ટિસ્ટ ★ રીગીંગ આર્ટિસ્ટ ★ વીએફએક્ષ (Vfx) ★ લેઆઉટ આર્ટિસ્ટ ★ ક્લીન-અપ આર્ટિસ્ટ ★ સ્કેનર ઓપરેટર ★ કમ્પોસીટર ★ કી ફ્રેમ આર્ટિસ્ટ ★ બેકગ્રાઉન્ડ આર્ટિસ્ટ ★ ઈન બીટવીન એનીમેટર ★ 3ડી એનીમેટર ★ રેન્ડરીંગ આર્ટિસ્ટ અને વધુ.

એનીમેશન પ્રોજેક્ટનું સફળતાપૂર્વક સર્જન કરવામાં દરેકની ભૂમિકા નિર્ણાયક છે.

આ વ્યવસાયમાં ફિલ્મો અને ટેલિવીઝન દ્વારા મનોરંજન એ મુખ્ય માધ્યમો છે. જોકે બીજા ક્ષેત્રો જેમકે, વ્યાપાર, વેચાણ, ઈજનેરી, શિક્ષણ અને જાહેરાતમાં પણ એનીમેશનની જરૂર પડે છે. તેની તકો ફેશન ડીઝાઈનીંગ અને ઈન્ટીરીયર ડીઝાઈનીંગમાં તેમજ તબીબી, કાનૂની અને વીમા કંપનીઓમાં પણ છે તેમની રજૂઆતો અને મોડલો માટે ગેમિંગ ઈન્ડસ્ટ્રી જેમાં વિડીયોનો સમાવેશ હોય અને મોબાઈલ ગેમો સારા એનીમેટરોની તલાશમાં જ હોય છે. અમુક એનીમેશન સંસ્થાઓ તેના જ વિદ્યાર્થીઓની સહાયક શિક્ષક તરીકે નિમણુંક કરી લે છે, જેથી તેઓ શિક્ષણમાં પણ પોતાની કારકિર્દી બનાવી શકે. એનીમેટરોને પ્રિન્ટ મિડીયા અને પ્રકાશન કંપનીઓમાં પણ નોકરીઓ મળી શકે છે. છૂટક કામ એ એક બીજો વિકલ્પ છે, ખાસ કરીને જેઓ વેબ ડીઝાઈનીંગ જાણતા હોય.

ભારતમાં ૩૦૦ થી વધુ એનીમેશન સ્ટુડીયો છે જે ૧૨,૦૦૦ એનીમેશન વ્યવસાયિકોને રોજગારી પૂરી પાડે છે.

આ સિવાય, ભારતીય કંપનીઓ યુએસ અને યુરોપીય સ્ટુડીયો માટે સંખ્યાબદ્ધ એનીમેશન ફિલ્મો અને કાર્ટૂનો બનાવે છે માટે સારા સર્જનાત્મક એનીમેટરો માટે તકોનો કોઈ અંત નથી.

**કાર્યની પદ્ધતિ :** એનીમેશનના નિર્માણમાં વિભાવના વિકાસ, પ્રી-પ્રોડકશન, પ્રોડકશન અને પોસ્ટ-પ્રોડકશનનો સમાવેશ થાય છે. વિભાગના વિકાસ દરમિયાન જ પાત્રોનું સર્જન થાય છે. પ્રી-પ્રોડકશનમાં વિભાવનાઓને લેઆઉટમાં ફેરવવામાં આવે છે.

સ્ક્રીપ્ટલેખન, સ્ટોરીબોર્ડીંગ, પાત્રનો વિકાસ, બેકગ્રાઉન્ડ, લેઆઉટ ડીઝાઈનીંગ, એનીમેટીક્સ અને વોઈસ પ્રી-પ્રોડકશન હેઠળ આવે છે. વાર્તાનું ખરું પરિણામ તો પ્રોડકશન સ્ટેજ પર જ જોઈ શકાય છે, જેમાં મિશ્રણ હોય છે એનીમેશન, ઈન બીટવીનીંગ અથવા ટ્વીનીંગ (એટલે કે બે ઈમેજોની વચગાળાની ફ્રેમો બનાવવી જેથી કરીને પહેલી ઈમેજ બીજીમાં સરળતાથી ભળી જાય), સ્કેનીંગ, કમ્પોસીટીંગ (એટલે કે બે અલગ સ્રોતમાંથી ઈમેજ લઈને એનીમેશનની એક સંયુક્ત ફ્રેમ બનાવવી), બેકગ્રાઉન્ડ તૈયાર કરવા અને રંગપૂરણી. અંતિમ સાઉન્ડ રેકોર્ડીંગ, કલર એડીટીંગ, ટેસ્ટીંગ અને સ્પેશ્યલ સાઉન્ડ ઈફેક્ટો આ બધુ જ પોસ્ટ પ્રોડકશન સ્ટેજમાં ઉમેરવામાં આવે છે. પોસ્ટ પ્રોડકશન સ્ટેજ પ્રવૃત્તિઓમાં સંકલન, સ્પેશ્યલ ઈફેક્ટસ (Sfx) કલર કરેકશન, કમ્પોસીટીંગ, ધ્વની અને સંગીત સંકલન અને રેન્ડરીંગનો સમાવેશ થાય છે. રેન્ડરીંગ તે એનીમેશન સીનનો આખરી ઓપ છે, જેમાં ડેટાનું રાસ્ટર ઈમેજ અથવા એનીમેશનમાં રૂપાંતરણ થાય છે.

**વળતર :** સારો પગાર એ આ વ્યવસાયનું મુખ્ય આકર્ષણ છે. વર્ષો જતા આ વ્યવસાયિકો છ આંકડાનો પગાર મેળવી શકે છે. જુનીયર એનીમેટર અથવા ટ્રેઈની તરીકે રૂ. ૫૦૦૦ કે ૧૫૦૦૦ દર મહિને મળી શકે છે. ત્રણથી પાંચ વર્ષના અનુભવી એનીમેટરને ૨૫૦૦૦ થી ૪૦૦૦૦ મળે અને ખૂબ સારા અનુભવી એનીમેટરને જેની પાસે શ્રેષ્ઠ એનીમેશનનો પોર્ટફોલિયો હોય તેને દર મહિને રૂ. ૫૦૦૦૦ થી ૬૦૦૦૦ સરળતાથી મળી શકે છે.

**એનીમેશન સંસ્થાઓ :**

★ માયા એકેડેમી ઓફ એડવાન્સ સિનેમેટીક્સ (MAAC)

★ અરેના એનીમેશન

★ ફ્રેમબોક્ષ એનીમેશન

★ ક્રેઝી પિક્ષેલ સ્કૂલ ઓફ એનીમેશન એન્ડ ગેમ્સ

★ પિકાસો એનીમેશન કોલેજ

અને વધુ...

**એનીમેશન કોર્સમાં જોડાયા પહેલા જાણવા જેવી સૌથી મહત્વની બાબતો :**

૧. ભૂતપૂર્વ કે હાલના વિદ્યાર્થીઓ સાથે વાત કરીને સંસ્થાની ખરી કામગીરી વિષે જાણવું મદદરૂપ છે.

૨. તમે તે જગ્યાને ગુગલ કરીને તે સંસ્થાને લગતા ઓનલાઈન અભિપ્રાય લેવા જોઈએ.

૩. તમે પ્લેસમેન્ટના રેકોર્ડ સંદર્ભ સાથે માંગી શકો છો.

૪. તમે આ વિષે સ્પષ્ટ હોવા જોઈએ.

★ કોર્ષનો સમયગાળો

★ તમને શીખવાડવામાં આવનાર ચોક્કસ વસ્તુઓ (અનુસૂચી સાથે)

★ સામગ્રી, ખાસ પ્રસંગો, વેરા વિ.નો ખર્ચ મળીને કુલ ફી

★ વર્ગખંડોની સંખ્યા અને લેબના કલાકો

★ વર્ગખંડનું માપ (વિદ્યાર્થીની સંખ્યા)

★ સ્થાયી શિક્ષકોની લાયકાતો (શિક્ષકોની ગુણવત્તામાં જુદી જુદી શાખાઓમાં ફર્ક હોઈ શકે)

★ જો ઈન્ડસ્ટ્રીઝમાંથી કોઈ મુલાકાતી ફેકલ્ટી હોય તો તે કોણ છે ?

★ આવી મુલાકાતોની આવર્તન

★ જો ફિલ્ડમાં કોઈ પ્રવાસ/અથવા ઈન્ટર્નશીપ કાર્યક્રમ હોય

★ શું એનીમેશન ફિલ્મ બનાવવાની પ્રક્રિયાના દરેક પાસા પ્રત્યે માર્ગદર્શન મળે છે ?

★ શું એનીમેશનના દરેક માધ્યમને આવરી લેવાય છે. 2D કલાસીકલ, સ્ટોપ-મોશન, CG 3D અને પ્રાયોગિક એનીમેશન

★ દુનિયાભરની એનીમેશન / લાઈવ એક્શન ફિલ્મોનું જ્ઞાન આપવામાં આવે છે.

★ વિવિધ પ્રકારના કાર્યક્ષેત્રનો સંપર્ક

★ અભ્યાસક્રમ સિવાય બીજી પ્રવૃત્તિઓનું આપવામાં આવતું મહત્વ.

★ વિવિધ સ્તરની વિચારણાને આપવામાં આવતું પ્રોત્સાહન

આપણા દેશમાં અત્યારે અશ્રુપાતની જરૂર નથી સામર્થ્યની જરૂર છે. તમે પોતાને જેવા ધારશો તેવા બનશો. આપણે વાસ્તવમાં સામર્થ્યવાન, સત્તાવાન છીએ. — **સ્વામી વિવેકાનંદ**

# પ્લાય એન્ડ હાર્ડવેર : એક વ્યાવસાયિક અભિગમ

કુ. એકતા કટ્ટા-અંજાર

આધુનિક સમયમાં શિક્ષણ વ્યાવસાયિકલક્ષી જ અપાય છે. પરંતુ તેમાં મુખ્યત્વે વિવિધ ક્ષેત્રોનું નોકરીલક્ષી શિક્ષણ જ અપાય છે. સ્વતંત્ર વ્યવસાયલક્ષી શિક્ષણ નહીંવત હોય છે અને સામાજિક સ્તરે પણ આપણે સારી નોકરીને જ ઉચ્ચ જીવન ધોરણનું માપદંડ માની બેઠાં છીએ. જેટલી સારી નોકરી સામાજિક સ્તર એટલું જ ઊંચુ માનનારા આપણે વાસ્તવિક વ્યાવસાયિક અભિગમને કદાચ ભૂલી બેઠાં છીએ અને નોકરીક્ષેત્રમાં પ્રતિસ્પર્ધા એટલી બધી વધી ગયેલ છે, જેના કારણે ઘણી વખત યુવા વર્ગ નિરાશની ગર્તામાં ધકેલાય છે. આપણું સમાજ મુખ્યત્વે સ્વતંત્ર વ્યવસાયથી જ જોડાયેલ છે. જેથી આપમું યુવા વર્ગ ઉચ્ચ શિક્ષણથી દૂર રહ્યું. પરિણામે સમયની સાથે વ્યવસાયને વિસ્તૃત કે વિકસિત કરવામાં વિફળ રહી આર્થિક ભીંસ અનુભવી, જલ્દી પૈસાદાર થવાની લાલચે અનેક દુષણોમાં સપડાઈ જીવનની દુર્દશા કરી હોય તેવા અનેક દાખલાઓ જોવા મળ્યા છે. સાંપ્રત સમયમાં યુવા વર્ગ નોકરી કે સ્વતંત્ર વ્યવસાય તેમાંથી ક્યાં વિકલ્પનું ચયન કરવું તે યોગ્ય નિર્ણય કરવામાં મુશ્કેલી અનુભવે છે. અગાઉ કહ્યું તેમ આપણું સમાજ બહુધા સોના-ચાંદી કે વાસણનું સ્વતંત્ર વ્યવસાય ધરાવે છે. પરંતુ, તેમાં વિવિધ સરકારી નિયમો તથા વધુ રોકાણની જરૂરિયાતના કારણે નાના અને મધ્યમ વ્યાવસાયિકો અન્ય વિકલ્પ શોધ છે. ત્યારે સ્વાભાવિકપણે યુવા વર્ગ નોકરી ક્ષેત્રે ઝંપલાવવા ઉચ્ચ શિક્ષણ તરફ વળી રહ્યું છે અને એ યોગ્ય પણ છે. સાંપ્રત સમય ઉચ્ચ શિક્ષણનું જ છે. પરંતુ તે મેળવી તેના દ્વારા વ્યાવસાયિક ધોરણે સફળ થવું દરેક માટે શક્ય નથી. ત્યારે નાના પાયે શરૂ કરીને પણ પરિવારનું જીવન ધોરણ ઊંચુ લાવવા સમર્થ એવાં અનેક સ્વતંત્ર વ્યવસાયોમાંના પ્લાય એન્ડ હાર્ડવેરના વ્યવસાયની સંક્ષિપ્ત વિગત અત્રે પ્રસ્તુત છે. જેની માહિતી શ્રી મોમાય પ્લાય એન્ડ હાર્ડવેર નામે આ વ્યવસાય ચલાવતા મૂળ નારાણપરના અને હાલ અંજાર મધ્યે રહેતા શ્રી વસંતભાઈ ઓધવજી બુદ્ધભટ્ટી પાસેથી પ્રાપ્ત થયેલ છે. જેઓ સામાન્ય આર્થિક સ્થિતિમાંથી આ વ્યવસાય વડે સમૃદ્ધ કરી શકાય આર્થિક સ્તરે પહોંચી શક્યા છે. પ્રારંભમાં સુથારીકામ અને ત્યારબાદ સુથારીકામથી જ સંલગ્ન એવા પ્લાય એન્ડ હાર્ડવેરનું વ્યવસાય તેઓ ધરાવે છે.

તેમના જણાવ્યા મુજ સુથારીકામની પહેલી શરત શારીરિક શ્રમની તૈયારી છે. સોના-ચાંદીના મજુરી કામની અપેક્ષા એ ત્રણ ગણું વધારે કમાઈ શકાય છે. અહીં માત્ર આજનું અપ ટુ ડેટ રહેવાનું છોડવું પડે ! અંદાજે પંદર હજાર રૂપિયાનું રોકાણ કરી સુથારીકામનું સ્વતંત્ર વ્યવસાય નાના પાયે કરી શકાય છે. જ્યારે અંદાજે દોઢ લાખ સુધીનું રાકોણ, ૧૫ × ૧૦ ની જગ્યા ધરાવતી દુકાન અને એક હેલ્પર સાથે આ સ્વતંત્ર વ્યવસાય અંદાજે વીસ થી પચ્ચીસ હજારની માસિક આવક મેળવી આપે છે. શરત માત્ર ધીરજ અને ખંત સાથે શારીરિક શ્રમ અને સર્વ સામાન્ય મુળભૂત વ્યાવસાયિક આવડત ! આજના ITI ના અભ્યાસ અંતર્ગત સુથારીકામનું શિક્ષણ પણ આપવામાં આવી રહ્યું છે. તે પણ મેળવી આ વ્યવસાયને નવી દિશા આપી શકાય છે.

જ્યારે અંદાજે ત્રણ થી પાંચ લાખ સુધીનું રોકાણ કરી પ્લાય એન્ડ હાર્ડવેરનું અંદાજે ત્રીસ હજાર જેટલી માસિક આવક અપાવતું સ્વતંત્ર વ્યવસાય મુખ્યત્વે સુથારીકામથી લઈ ઈન્ટીરીયર ડેકોરેશન કે જે આજે બહુધા મેગા કે મેટ્રોસીટીનું સારી કક્ષાનાં સ્વતંત્ર વ્યવસાય તરીકે સ્થાપિત થઈ રહ્યું છે., તેનાથી જોડાયેલ છે. જેવું શહેર તેવું આ વ્યવસાયનું ફલક વિસ્તારી ઊંચી આવક મેળવી શકાય છે. મજાગરા, ખીલી થી લઈ ફર્નીચરના તમામ સાધનોને આવરી લેતા આ વ્યવસાય માટે સતત વિવિધતા અને નવીનતાને માર્કેટમાં પરખનારી ચતુરાઈ, માર્જિન લેવલ અને સ્ટોક મેઈન્ટેનન્સની ખૂબ આ વ્યવસાયની સફળતાની શર્ત કહી શકાય. જામનગર, રાજકોટ અને અમદાવાદ શહેરો પ્લાયવુડ, એથેસીવ (ફેવીકોલ), સનમાઈકા, હેન્ડલ, મજાગરા વિગેરે જેવા હાર્ડવેરનું ઉત્પાદન કરતા શહેર છે, જ્યાં વિશાળ રેન્જમાં હાર્ડવેર ઉત્પાદન મળી રહે છે. જરૂરી હોય છે માત્ર ખરીદી સમયે માર્કેટીંગ પ્રવાહને સમજવાની ચતુરાઈ ! અને આજના આધુનિક સમયમાં માર્કેટિંગ માટે જે તે શહેરમાં જવાની જરૂરત પણ નથી રહેતી. આવા ઉત્પાદનો કરતી ગુજરાતની પંદરથી વીસ બ્રાન્ડેડ કંપનીઓ સેલ્સમેનશીપ, ઈ-મેઈલ વડે માર્કેટીંગ કરી રહી છે. જેથી સમય અને ખર્ચમાં ઘટાડો ઓછી મહેનતે વધુ આવકમાં મદદરૂપ થાય છે. નાના પાયે શરૂ થતું આ વ્યવસાય આજે મોટા શહેરોમાં હાર્ડવેર ગેલેરી કે જેમાં મોટું સ્ટાફ પણ પોતાનું વેતન મેળવી શકે છે, ત્યાં સુધી વિસ્તારી શકાય છે. તો સાથે સાથે વિવિધ લેન્ડ ડેવલોપર્સ સાથે જોડાયેલ એન્જીનીયર કંપનીઓને હાર્ડવેર સપ્લાયના કોન્ટ્રાક્ટ વડે પણ પોતાની આવક સરળતાથી વધારી શકાય છે.

*(સાભાર માહિતી : શ્રી વસંતભાઈ ઓધવજી બુદ્ધભટ્ટી, શ્રી મિતેશ વસંતભાઈ બુદ્ધભટ્ટી, શ્રી જૈનીલ વસંતભાઈ બુદ્ધભટ્ટી - અંજાર)*

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'જ્ઞાતિસેતુ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : | અમદાવાદ |
| ૨. પ્રકાશનનો ગાળો | : | દ્વિ-માસિક |
| ૩. મુદ્રકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| મુદ્રકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| મુદ્રક સ્થાન | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ. |
| ૪. પ્રકાશકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| પ્રકાશકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશકનું સરનામું | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |
| ૫. સંપાદકનું નામ | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| સંપાદકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સંપાદકનું સરનામુ | : | ૧/૧/૪, સમૃદ્ધિ ફલેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. અખબારની માલિકી | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| સરનામું | : | C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |

હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

અમદાવાદ
તા. ૧૫-૩-૨૦૧૩

મનુભાઈ વી. કોટડીયા
પ્રકાશક અને મુદ્રક - 'જ્ઞાતિસેતુ'

**અનુસંધાન પાના નં. ૩૭નું ચાલુ**

જ્ઞાતિજનોના જે જે ગામમાં જે જે શહેરમાં વસવાટ કરતા મારૂ જ્ઞાતિ બંધુઓને આભાર વ્યક્ત કરું છું.

આજે શ્રી વિથોણ સોની સમાજવાડી એટલી બધી ઉપયોગી થઈ ગઈ છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ છે જેમાં આપણા જ્ઞાતિના તમામ સભ્યો સારી રીતે ઉપયોગ કરી શકે છે દરેક સભ્યોને જે કામ સોંપવામાં આવે તે સારી રીતે સેવા આપે છે આજે શ્રી વિથોણ સોની સમાજવાડીનું સંચાલન એવા અમારા સભ્ય શ્રી મહેન્દ્રભાઈ ખેંગારભાઈ કટ્ટા સારી રીતે વાડીને સાચવી છે તે માટે તે સન્માનને આવકાર્ય છે. જેથી અમે વિથોણ સોની સમાજવાડીમાં દર વર્ષે શ્રી મહાકાલી માતાજીના પાટોત્સવ પોષ સુદ ચૌદશના દિવસે ઉજવાય છે અને દર વર્ષે હવન, આરતી, પ્રસાદી રાખે તે મુજબ થાય છે.

બીજું દર વર્ષે માતાજીના પાટોત્સવ નિમિત્તે જે હવન થાય છે તે હવનના આજીવન દાતા તરીકે સમાજના સભ્ય તેમજ ભૂતપૂર્વ શ્રી શાંતિલાલ દેવજી બારમેડા છે છતા જે કોઈ સભ્યોને હવનમાં લાભ લેવાની ઈચ્છા હોય તે લઈ શકે છે.

આ વર્ષે એટલે કે પોષ સુદ ચૌદસ મહાકાલી માતાજીના પાટોત્સવના દિવસે અમે શ્રી વિથોણ સોની સમાજ દ્વારા વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજ વાડીના સંચાલનમાં વિશેષ સેવા આપેલ જે શ્રી મહેન્દ્રભાઈ ખેંગારભાઈ કટ્ટા (ઉર્ફે બાબુભાઈ) ખાસ સન્માન એક માતાજીની મૂર્તિની પ્રતિક આપીને સન્માન કરવામાં આવ્યું હતું અને સમાજના દરેક વડીલ જેવા કે શ્રી કલ્યાણજીભાઈ નથુભાઈ બારમેડા, ખેંગારભાઈ વિશનજી કટ્ટા, શ્રી રસીકલાલ પદમશી કટ્ટા, શ્રી શાંતિલાલ દેવજી બારમેડા અને વિશેષમાં વિથોણના માજી મંત્રીશ્રી દિનેશભાઈ જેઠાલાલ બગ્ગા અતિથિ વિશેષ પદે સન્માન કર્યું હતું અને સાથી કાર્યકર શ્રી પ્રવિણભાઈ કલ્યાણભાઈ જલમતિયા પણ સારો એવો સમાજવાડી માટે કાર્ય કરતા રહ્યા છે અને તેમને પણ સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. બીજું સત્કાર સમારંભમાં સલાહકાર તરીકે શ્રી ગંગારામ શીવજી બારમેડા તથા નાનાલાલ હરિલાલ પરમાર તેમજ રમેશભાઈ ભાણજી બુદ્ધભટ્ટી, નિતીન બારમેડા વગેરે સારો એવો સાથ અને સહકાર આપ્યો હતો. સર્વે કાર્યક્રમનું સંચાલન શ્રી હર્ષિત ધીરજલાલ સોલંકી, શ્રી વિનોદ ગંગારામ બગ્ગા, સુરેશ નારણજી કટ્ટાએ સંચાલનમાં સારો એવો સાથ સહકાર આપ્યો હતો.

● એનીમેશન www.buildyourcarrer@whistlingwoods.net

● બિઝનેશ મેનેજમેન્ટને લગતા કાર્યક્રમો માટે દરેક ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ જેમાં અમદાવાદ સૌથી આગળ છે. www.iimb.ernet.in

● ફેશન મેનેજમેન્ટ માટે નિફ્ટનું નામ જોયું છે. જેની શાળાઓ બેંગ્લોર, ચેન્નાઈ, ન્યુ દિલ્હી, ગાંધીનગર, હૈદરાબાદ, કોલકત્તા, મુંબઈ અને પટણામાં આવેલ છે.www.niftindia.com

● ફાર્મસી માટે www.annamalaiuniversity.ac.in, www.manipal.edu

● પૃથ્વીનો ૨/૩ ભાગ જ્યારે પાણી વળે ઢંકાયેલ છે અને કલ્પસર જેવી યોજનાઓથી દરિયા રસ્તે માલવહન અને પેસેન્જરોની મુસાફરી માટે દેશનો સૌથી લાંબો દરિયા કાંઠો ધરાવતા ગુજરાતમાં ઓસનોગ્રાફી માટે સારી તકો ઉપબલ્ધ થવાની છે આ માટે અભ્યાસક્રમો કેટલીયે આઈઆઈટીઓ અને યુનિવર્સિટીઓમાં ચાલે છે જે મુખ્યત્વે બેંગ્લોર, ગોવા, કોચીન, આન્ધ્ર અને બેરરામપુરમાં આવેલ છે.

આ ઉપરાંત ડીફેન્સ રીસર્ચ, એરોસ્પેશ, ન્યુકલીયર સાયન્સ, અર્થ સાયન્સ અને ઓસનોગ્રાફી માટે નીચે જણાવેલ સંસ્થાઓ અભ્યાસની ઉત્તમ તકો આપે છે.

**Bhabha Atomic Research Centre (BARC), Trombay. Mumbai-400 085**
Tel: 91-22-25505050/25505010
Website : www.barc.ernet.in

**College of Science & Technology, Andhra University, Visakhapathnam-530003**
Tel: 089l-244888. 2754615
Website: www.andhrauniversity.info/courses.html

**Cochin University of Science & Technology, Cochin-22. Kerala.** Tel: 0484-2575396, 2577550

**Defence Research and Development Organisation**
Website: www.drdo.org

**Goa University, Taleigao Plateau, Goa-403206**
Tel: 0832-2451345
Web contact: registra@unigoa.ac.in

**HAL Management Academy**
**HAL Corporate Office**
**15/1 Cubbon Road, Bangalore 560 00 1**
Tel: 080-22866701/22866902-08
Websile: www.hal-india.com/contactus.asp

**Indian Institute of Technology, Kanpur 208016**
Tel:0512-2597620 Website: www.lith.ac.in

**Indian Institute of Technology, Kharagpur-721302**
Tel:03222-255221 Web: www.litkgp.ac.in

**Indian Institute of Technology, Mumbai-400076**
Ph: 022-2572-2545 Web: www.litb.ac.in

**Indian Institute of Technology. Chennai**
Tel: 044-2257 480 l Website: www.litm.ac.in

**Institute of Aerospace Medicine, Bangalore, Airport Road, Vimanpura Post, Bangalore. Karnataka 560017** Tel:080-252241 31

**Indian Institute of Science**
**Malleshwaram, Bangalore-5600 12**
Tel: 080-2 3600271 Website: www.iisc.crnet.in

**Indian Institute of Space Science and Technology (IIST), Thiruvananthapuram** Website: www.iist.ac.in

**Institute of Plasma Research (IPR). Bhat, Gandhinagar, Gujarat-382428.**
**Tel: 079-2 3962067** Website: www.plasma.ernetin

**Inter University Accelerator Centre (IUAC). Aruna Asaf Ali Marg-P Box-10502, New Delhi**
Tel: 91-11-2689 3955, 26892601
Website: www.iuac.ernet.in

**Manonmaniam Sundaranar University (Marina Campus), Abishekapatti, Tirunelveli-627 012. Tamil Nadu.** Tel: 0462-2333741, 2338721
Website: www.msuniversitytvl.net

**National Academy of Defence Production, Ambajhari Nagpur-440021** Phone: 957104-222734
Web contact : nadp.ofb@nic.in

**Nowrosjee Wadia College**
**19, I ate Prin. V. K. Joag Path, Pune-411001**
Tel: 020-26162944
Website: www.nowrosjeewadia.com

**Ordnance Factories Institute of Learning Ambajhari O.F. Ambajhari Estate. Nagpur PIN-440021**
Phone : (07104) 234721
Web contact: rd_ofiolaj@sancharnet.in

**R R Centre of Advanced Technology (RRCAT) Indore-452013**
Tel: 91-731-2321341 Website: www.cat.gov.in

(સંકલિત)

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

### બેસ્ટ લેડી જોડી સ્પર્ધા

**લતાબેન આઈ. સોલંકી**





શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા પ્રતિ વર્ષ વિવિધ પ્રોજેક્ટો થતાં રહે છે તે રીતે તા. ૨૫-૧૨-૨૦૧૨ના રોજ 'બેસ્ટ લેડી જોડી' હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિ બહેનોએ ભાગ લીધો હતો.



કાર્યક્રમની શરૂઆતમાં પ્રોજેક્ટ ચેરપર્સન જોડી સુધા એ. બુદ્ધભટ્ટી - જુલી આર. સોલંકી એ અતિથિ વિશેષ પદે પધારેલ જોડી શ્રીમતી ઈલાબેન ચંદ્રકાંતભાઈ ચનાણી - જયશ્રીબેન પ્રદિપભાઈ ચનાણી તેમજ નિર્ણાયક જોડી શ્રીમતી સુનંદાબેન હર્ષદભાઈ ચનાણી - અનિતાબેન હિતેશભાઈ ગુજરાતીનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રોજેક્ટ ચેરપર્સન દ્વારા આ કાર્યક્રમના નિયમો જણાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ નિર્ણાયકો દ્વારા નિયમોનુસાર દરેક જોડીનું જીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ખાસ સમય મર્યાદાનું ધ્યાન દોરી દરેક જોડીને તેના વિશેષ પોઈન્ટ આપવામાં આવ્યા હતા.

કુ. જીજ્ઞા નેહલભાઈ બુદ્ધભટ્ટી - કોમલ ધિરેનભાઈ મહિચા (નણંદ-ભોજાઈ) જોડી પ્રથમ વિજેતા તેમજ પ્રિયા કૌશિકભાઈ ચનાણી - સોનલ રાહુલભાઈ ચનાણી (દેરાણી-જેઠાણી) જોડી દ્વિતીય વિજેતા જાહેર થયેલ. સપના ચિંતનભાઈ બુદ્ધભટ્ટી - પુનમ મયુરભાઈ બુદ્ધભટ્ટી (દેરાણી-જેઠાણી) જોડી ઉપરાંત અન્ય જોડીઓએ ખૂબ સુંદર દેખાવ રજુ કર્યો હતો. સિનીયર સિટીઝન જોડી પ્રભાબેન - શાન્તાબેને આ કાર્યક્રમમાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું. તેમને નિર્ણાયક જોડી તરફથી પ્રોત્સાહિત ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધા એ. બુદ્ધભટ્ટી - રોહિણીબેન બી. બુદ્ધભટ્ટીએ કર્યું હતું. પ્રમુખ શ્રી લતાબેન આઈ. સોલંકી મંડળની અન્ય પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ કારોબારી સભ્યોએ સહયોગ આપ્યો હતો.

### થઈ ગયા રાજી

પલક ના માં ના જી તારી હાં માં હાંજી,
અમે તો તમને મળીને થઈ ગયા રાજી,
સાવ અમસ્તા હળવું મળવું
કેમ છો સારું તો છે ને ?
એમ કહીને બસ હસવું,
ફૂલોને ક્યાં હોય છે કાંટાની ચિંતા ઝાઝી
અમે તો તમને મળીને થઈ ગયા રાજી
ખુલી હવામાં હરવું - ફરવું
આંખોમાં વાદળ ભરીને
ઝરમર ઝરમર ઝરમર વરસવું,
થોડી ભીનાશમાં થઈ ગઈ કેટલી યાદો તાજી
અમે તો તમને જોઈ, મળીને થઈ ગયા રાજી
સદાય ફૂલોની જેમ ખીલતા રહીને અમે તો થઈ ગયા રાજી
અમે થઈ ગયા રાજી અમે થઈ ગયા રાજી.

**ગુજરાતી પલક કિર્તીભાઈ - માધાપર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ, ભુજ

### રક્તદાન કાર્યક્રમ

– લતા સોલંકી-ભુજ

ભારતીય સંસ્કૃતિમાં દાનનો અનેરો મહિમા છે. અન્નદાન, વસ્ત્રદાન, સુવર્ણદાન, ભૂમિદાન જેવા દાનવીરોથી આપણો ઈતિહાસ ઝગમગે છે. કર્ણે તો પોતાના કવચ અને કુંડળ દાનમાં આપ્યા હતા. દધીચિ ઋષિએ વિશ્વ કલ્યાણ માટે પોતાના અસ્થિઓનું દાન આપ્યું હતું. આજે આધુનિક યુગમાં રક્તદાન એ મહાદાન ગણાય છે. રક્તદાનથી અનેક લોકોના જીવન બચાવી શકાય છે અને આ ઉમદા વિચારને, સૂત્રને આત્મસાત કરવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજે રક્તદાન અને રક્ત પરિક્ષણના નિ:શુલ્ક કેમ્પનું આયોજન કરેલ. નિષ્ણાંતોનો દાવો છે કે ૧૮ થી ૬૦ વર્ષની વય સુધી નિયમિત ૯૦ દિવસના અંતરે રક્તદાન કરવામાં આવે તો ૩૦ ગેલન રક્તદાન કરી શકાય છે અને ઓછામાં ઓછા ૫૦૦ લોકોના જીવન બચાવી શકાય છે. એટલે રક્તદાન અતિઆવશ્યક છે.



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા શ્રી મહાકાલિકા માતાજીના પાટોત્સવ પોષ સુદ ચૌદસ નિમિત્તે તા. ૨૫-૧-૨૦૧૩ના રોજ 'રક્તદાન' અને 'રક્ત પરિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. માતાજીના આશીર્વાદ અને પ્રેરણાથી લોકો હોંશે હોંશે 'રક્તદાન' કરવા આગળ આવ્યા હતા. રક્તદાન કરવામાં ભાઈઓ અને બહેનોએ પણ આગળ પડતો ભાગ લીધો હતો. કુલ ૧૬ ભાઈ-બહેનોએ રક્તદાન કર્યું હતું.


રક્ત પરિક્ષણમાં પણ જ્ઞાતિજનોએ ઉત્સાહ દર્શાવ્યો હતો અને ૧૫૧ જ્ઞાતિજનોએ રક્ત પરિક્ષણ કરાવ્યું હતું. જ્ઞાતિ પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી અને મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીએ 'રક્તદાન અને રક્ત પરીક્ષણ'ની પ્રવૃત્તિને બિરદાવી હતી. મહિલામંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં હિમોગ્લોબીન ટેસ્ટ, કેલ્શીયમ ટેસ્ટ અને તજજ્ઞ ડોક્ટરોના પ્રવચન ગોઠવવામાં આવશે.

જી. કે. જનરલ હોસ્પિટલના સિવીલ સર્જન શ્રી જીજ્ઞાબેન દવેએ 'રક્તદાન'ની વ્યવસ્થા ગોઠવી આપી હતી. દર્શનભાઈ રાવલ અને તેમના સહયોગી સ્ટાફે રક્તદાનનું કાર્ય સુપેરે પાર પાડ્યું હતું. રક્ત પરીક્ષણનું કાર્યમાં શાહ લેબોરેટરીના નિરવભાઈ શાહ અને તેમના સ્ટાફે સેવા આપી હતી.

મહિલામંડળના સભ્યો રોહિણી ભરત બુદ્ધભટ્ટી, જયશ્રી એ. છત્રાળા, અરૂણા એન. બુદ્ધભટ્ટી, સુધા બુદ્ધભટ્ટી, માલતી ગુજરાતી, ભાવના બુદ્ધભટ્ટી, ભાવના ચનાણી અને અન્ય સદસ્યોએ વ્યવસ્થા સંભાળી હતી. અનિલ છત્રાળા, નીતિન હેડાઉ અને જ્ઞાતિ ટ્રસ્ટનો સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો. ચંદ્રકાંતભાઈ ચનાણી અને હર્ષદભાઈ બુદ્ધભટ્ટી એ ખાસ હાજરી આપી હતી. સોની કાંતિલાલભાઈ બારમેડાએ રક્ત પરિક્ષણ અને રકતદાન કેમ્પના આયોજનમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. જ્ઞાતિજનોએ જ્યારે પણ ભવિષ્યમાં વધુ રક્તની જરૂર પડશે ત્યારે રક્તદાન કરવા હંમેશા તૈયાર જ છે અને રહેશે એવી ખાત્રા આપી હતી.

### તરુનો ઉપકાર

વિજયાબેન પી. બુદ્ધભટ્ટી-કરમસદ



તરુનો બહુ ઉપકાર જગતમાં તરુનો બહુ ઉપકાર
તડકો વેઠી છાંયો આપે
દુ:ખ વેઠી સુખ આપે
તરુનો બહુ ઉપકાર જગતમાં તરુનો બહુ ઉપકાર
નાનો હતો ત્યારે પારણું આપ્યું
મોટો થતાં પલંગ આપ્યો
તરુનો બહુ ઉપકાર જગતમાં તરુનો બહુ ઉપકાર
છેલ્લી ઘડીએ વાંસ આપ્યો
તરુનો બહુ ઉપકાર જગતમાં તરુનો બહુ ઉપકાર



# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ-અંજાર

શ્રી વિરેન્દ્રભાઈ પોમલ

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ-અંજાર દ્વારા પોષ સુદ ૧૪ તા. ૨૫-૧-૨૦૧૩, શુક્રવારે શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.**



સવારે દસ કલાકે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો સાથે એક ભવ્ય શોભાયાત્રા શરૂ થઈ હતી. શોભાયાત્રામાં કળશધારી નાના નાની બાળાઓ ઉપરાંત મહાકાળી માતાજીના પાત્રમાં પોમલ કૃણાલીબેન પ્રકાશભાઈ મુખ્ય આકર્ષણ રૂપ હતા. 'મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે' ના સુમધુર સુરથી વાતાવરણ વધુ ભક્તિમય બન્યું હતું. શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી.



મહાકાળી મંદિરે જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ તથા શ્રી દેવેનભાઈ કનકચંદ્ર વ્યાસે શાસ્ત્રોક્ત રીતે હવનાવિધી સંપન્ન કરાવી હતી. હવનવિધિનો લાભ શ્રી દેવજીભાઈ લાલજીભાઈ સાકરીયા પરિવારે લીધો હતો. બપોરે મહાપ્રસાદનો લાભ સર્વે જ્ઞાતિજનોએ લીધો હતો.



અંજાર યુવક મંડળ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારોહમાં વર્ષ જૂન-૨૦૧૨માં ઉત્તિર્ણ થયેલ ધો. ૫ થી કોલેજ સુધીના પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવેલા તેજસ્વી વિદ્યાર્થીઓને શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસાપરમાર (ઉપપ્રમુખશ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ), શ્રી ચમનભાઈ વેલજીભાઈ સોલંકી (નિવૃત્ત શિક્ષકશ્રી) ભચાઉવાળા તેમજ દાતા પરિવારોના સભ્યોના વરદ હસ્તે ઈનામો અને પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસે આશીર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષપદે શ્રી હરિલાલભાઈ વિસાપરમારે કન્યાઓને અભ્યાસમાં સફળતા હાંસલ કરવા બદલ બિરદાવી હતી તથા કુમારોને વધુ મહેનત કરી આગળ આવવા હાકલ કરી હતી. અતિથી વિશેષ પદેથી શ્રી ચમનભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે મોટી ઉંમરે પણ ચિત્રકળા, હુન્નર કળા કે કોમ્પ્યુટરની તાલીમ મેળવી શકાય છે.



શ્રી મારૂ કંસારા સોની સ્વ ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જ્ઞાતિના કલાકાર યુવક-યુવતીઓએ અવનવી કલાકૃતિઓ રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસા પરમારે સૌને આવકાર્યા હતા. સાથે આગામી સમયમાં સ્વ. કેશવલાલ લખમશી વિસાપરમાર પરિવાર તરફથી મેડીકલ કેમ્પ યોજવાની તથા જ્ઞાતિજનોની કૌટુંબિક માહિતી દર્શાવતું 'સંપર્ક સેતુ' પુસ્તિકા પ્રકાશીત કરવાની જાહેરાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ હેડાઉ, ખજાનચી શ્રી શરદભાઈ પોમલ, સહખજાનચી શ્રી જગદીશભાઈ છત્રાળા તેમજ કારોબારી સભ્યો સર્વ શ્રી ફોરમભાઈ પોમલ, ઈશ્વરભાઈ બારમેડા, શાંતિલાલ બુદ્ધભટ્ટી, હરિશભાઈ મહિચા, કિરણભાઈ સોલંકી, કિશોરભાઈ સોલંકી, કિશોરભાઈ બુદ્ધભટ્ટી, અમૃતલાલ પોમલ, અરૂણભાઈ વિસાપરમારે જહેમત લીધી હતી. યુવક મંડળ અને મહિલા મંડળના હોદ્દેદારો તથા સભ્યોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કારોબારી મંત્રી શ્રી વિરેન્દ્રભાઈ પોમલે કર્યું હતું. આભાર વિધિ સહમંત્રી શ્રી અનિલભાઈ બગ્ગાએ કરી હતી.

## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ-અંજાર દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ

**દેવેન હેડાઉ, અમિત બારમેડા**

તાજેતરમાં પોષ સુદ ૧૪ તા. ૨૫-૧-૨૦૧૩, શુક્રવારે અંજાર ખાતે શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષાપદેથી શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસાપરમાર (ઉપપ્રમુખ અ.ભા.મારૂ કંસારા સોની મહામંડળ) તેમજ અતિથિ વિશેષપદે શ્રી ચમનલાલ વેલજીભાઈ સોલંકી (નિવૃત્ત શિક્ષકશ્રી) ભચાઉવાળા ઉપસ્થિત હતા.



કાર્યક્રમ માટે મુખ્ય દાતાઓ શ્રી પરસોત્તમભાઈ લખમશી વિસાપરમાર પરિવાર દ્વારા સ્વ. ફ્લોરાબેનની સ્મૃતિમાં શ્રી સુરેશભાઈ વિસાપરમારે આર્થિક યોગદાન આપ્યું તેમજ શ્રી નરોત્તમભાઈ પરસોત્તમભાઈ બારમેડા, શ્રી પ્રેમજીભાઈ ગાંગજીભાઈ મહિચા, શ્રી નરેન્દ્રભાઈ વાલજીભાઈ બુદ્ધભટ્ટી, સ્વ. ચત્રભુજભાઈ ભાણજીભાઈ ગોહિલ, શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મહિચા. શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસાપરમાર, શ્રી મોહનલાલ રાઘવજી સોલંકી પરિવાર તરફથી આર્થિક યોગદાન મળ્યું હતું.

જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસે આશીર્વચન આપ્યા હતા. દાતાપરિવારોના સભ્યોના હસ્તે તેમજ આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. એલ.કે.જી. થી કોલેજ કક્ષાના ૨૦૦ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં પ્રોત્સાહિત કરાયા હતા. જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમારે અને આમંત્રિત મહેમાનોએ દાતા પરિવારોએ વિદ્યાર્થીઓને સારો અભ્યાસ કરીને પ્રગતિ સાધવા માટે અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના પ્રમુખશ્રી દેવેન હેડાઉ, મંત્રીશ્રી અમિત બારમેડા, ખજાનચી શ્રી સંદીપ બુદ્ધભટ્ટી, ઉપપ્રમુખશ્રી સતિષ બુદ્ધભટ્ટી, સહમંત્રી શ્રી જય છત્રાળા, સહખજાનચી શ્રી સ્મિત બારમેડા તેમજ સર્વ યુવા કાર્યકરો સચિન બુદ્ધભટ્ટી, હિતેશ પરમાર, નિકુલ બારમેડા, ભાવેશ સાકરીયા, દિલીપ સોલંકી, હાર્દિક સાકરીયા, રાજીવ પોમલ, યજ્ઞેશ છત્રાળા, નિર્મલ મહિચા, મહેશ છત્રાળા, વિમલ બુદ્ધભટ્ટી, સંદીપ બારમેડા, જીતુ મહિચા, આનંદ બારમેડાએ જહેમત લીધી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી વિરેન્દ્રભાઈ પોમલ અને કુ. મનાલીબેન બગાએ કર્યું હતું.

## શ્રી મારૂ કંસારા સોની સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ-અંજાર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

**શ્રીમતી પિન્કીબેન કટ્ટા, શ્રીમતી અંજનાબેન પોમલ**

તાજેતરમાં અંજાર ખાતે પોષ સુદ ૧૪ તા. ૨૫-૧-૨૦૧૩, શુક્રવારે શ્રી મહાકાળી માતાજીના પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અંજાર મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિના કલાકાર યુવક-યુવતીઓ દ્વારા વિવિધ વેશ પરિધાન સાથે અવનવી કલાકૃતિઓ રજુ કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૫ કૃતિઓ રજુ થઈ હતી, ૬૩ કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં ૩ વર્ષના બાળકોથી લઈને યુવાનો તથા મહિલાઓએ પણ ભાગ લીધો હતો. નાના ભુલકાઓના ગ્રુપે બહુ જ સુંદર કૃતિ રજુ કરી હતી. તેઓની વય ૩ થી ૫ વર્ષ જ હતી. એક ગ્રુપ દ્વારા દર વર્ષે અવનવી કૃતિઓ રજુ કરે છે. અગાઉ તેમણે વિવાહ ગીત રજુ કર્યું હતું. આ વર્ષે ચેલેન્જ થીમની રજુઆત કરી હતી. જેમાં બોયઝ એન્ડ ગર્લ્સ એકબીજાને ચેલેન્જ આપે છે. પોતાને કોઈ ચેલેન્જ આપે ત્યારે વ્યક્તિની પ્રગતિ થાય છે તેની પાછળનો આશય હોય છે. પડકારને ઝીલે તે જ જીંદગીમાં સફળતા મેળવતા હોય છે. આપણે દીકરી અને વહુમાં સમાન દૃષ્ટિ રાખીશું તો તેઓ વચ્ચે પણ બહેનો જેવો જ વહેવાર રહેશે અને તેનું હીત જળવાશે. તે વહુઓ અને દીકરીઓના ગ્રુપે પુરવાર કર્યું હતું. ૧૦ કલાકારોના ગ્રુપે ભારતીય સંસ્કૃતિને લઈને કથક નૃત્ય રજુ કર્યું હતું. આદિપુરના મહિલા ગ્રુપે અનેકતામાં એકતાવાળી સરસ કૃતિ રજુ કરી હતી. ઉપરાંત મા-બાપ સર્વ તીર્થ સમાન છે તે ભાવ રજુ કરતું એક નાટક શિવ-પાર્વતી, ગણેશ અને કાર્તિકેયના પાત્ર દ્વારા રજુ કર્યું હતું.

જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસાપરમાર તેમજ ઉપસ્થિત સૌ આમંત્રિત મહેમાનોએ કલાકારોને અભિનંદન આપ્યા હતા. કેટલીક સુંદર રજુઆત વાળી કલાકૃતિઓને સમાજશ્રેષ્ઠીઓ દ્વારા રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા તેમજ જ્ઞાતિ દ્વારા દરેક કલાકારને સુંદર ભેટ આપવામાં આવી હતી તે રીતે તમામ કલાકારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન બારમેડા, મંત્રી શ્રીમતી પિન્કીબેન કટ્ટા, સહમંત્રી સુશીલાબેન સાકરીયા, સહખજાનચી શ્રીમતી હંસાબેન બારમેડા ઉપરાંત શ્રીમતી જશ્મીનબેન બગા, શ્રીમતી જ્યોતિબેન બારમેડા, શ્રીમતી પ્રવિણાબેન વગેરેએ સહયોગ આપ્યો હતો.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ગઢશીશા



(પ્રમુખ) ભુતડા હિરેન હરિલાલભાઈ | (ઉપપ્રમુખ) બુદ્ધભટ્ટી હિંમતલાલ મનજી | (મંત્રી) બારમેડા વિનોદભાઈ ગોપાલભાઈ | (ખજાનચી) પોમલ રાજેશકુમાર ભીખાભાઈ | (સહમંત્રી) પોમલ હર્ષદકુમાર જેઠાલાલ

પોષ વદ-૧૪ તા. ૨૫-૧-૨૦૧૩ શુક્રવાર મહાકાળી માતાજીનું પાટોત્સવ નિમિત્તે સવારે ૯-૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરે ૧-૦૦ કલાકે મહાપ્રસાદ, બપોરે ૩-૦૦ કલાકે જનરલ મિટીંગ, ઈનામ વિતરણ તથા ૬૦ વર્ષના ઉપરના વડીલોનો સન્માન શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ગઢશીશા તા. માંડવી વસ્તી પત્રક ૨૦૧૩નું વિમોચન કાકરીયા અશ્વિનભાઈ ગૌતમભાઈના વરદ્ હસ્તે થયું હતું.





કાર્યક્રમનું સંચાલન શ્રી બારમેડા વિનોદભાઈ ગોપાલભાઈ તથા શ્રી પોમલ હર્ષદકુમાર જેઠાલાલે કર્યું હતું. રાત્રે અલ્પાહાર તથા દાંડિયા રાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ બુદ્ધભટ્ટી હિંમતલાલભાઈએ કાર્યક્રમમાં ભાગ લેનાર ભાઈઓ તથા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. તથા આભાર વિધિ શ્રી પ્રમુખ હિરેનભાઈ ભુતડાએ કરી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બારમેડા નિલેષ, બારમેડા કિરણ, બારમેડા જીતેન્દ્ર, બારમેડા પંકજ, પોમલ રાજેશ, તાંબેડા યોગેશ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ગઢશીશા



(મહિલા મંડળ પ્રમુખ) બારમેડા મંજુલાબેન કિશોરભાઈ | (ઉ.પ્રમુખ) બુદ્ધભટ્ટી જયેષ્ઠાબેન હિંમતલાલ | (મંત્રી) બુદ્ધભટ્ટી પુષ્પાબેન વિનોદભાઈ | (ખજાનચી) બારમેડા હેતલબેન નિલેશભાઈ

મહિલા મંડળ વતી પ્રમુખશ્રી મંજુલાબેન કિશોરભાઈ બારમેડા સૌનું આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ સાકરીયા સોનલબેન બુદ્ધભટ્ટી, મીનાબેન બુદ્ધભટ્ટી, હેતશીબેન બુદ્ધભટ્ટી તેમજ જેષ્ઠાબેન બુદ્ધભટ્ટી એ સાંસ્કૃતિક કાર્યક્રમ સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

- **દાતાશ્રીઓ :** શ્રી હરિલાલ વેલજીભાઈ ભુતડા પરિવાર
- **ઈનામ વિતરણ :** શ્રી હિંમતલાલભાઈ મેનજીભાઈ બુદ્ધભટ્ટી પરિવાર
- **વડીલ વંદનાના દાતા :** શ્રી ગોપાલજી જેઠાલાલભાઈ બારમેડા પરિવાર
- **જ્ઞાતિબુકનું માહિતી એકત્રીકરણ :** શ્રી કિરણ ભગવાનજી બારમેડા તેમજ શ્રી તાંબેડા યોગેશ અમૃતલાલએ કરી હતી.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ગઢશીશા - વસતિ પત્રક-૨૦૧૩

કચ્છના માંડવી તાલુકાનું ગામ ગઢશીશા અને એની આજુબાજુના કેટલાક ગામોમાં વસતા ૪૩ પરિવારોનું વસતિ-પત્રક સુંદર બન્યું છે, જે આપણા સમાજના કચ્છના અંતરિયાળ ગામોમાં રહેતા પરિવારો વિષે આપણને પુરતી માહિતી આપે છે.



આ પત્રકમાં નીચેના ગામો સમાવિષ્ટ છે.

| **ગામનું નામ** | **પરિવારોની સંખ્યા** |
|---|---|
| ● ગઢશીશા | ૨૩ |
| ● મમાયમોરા | ૯ |
| ● રત્નાપર | ૩ |
| ● મંગવાણા | ૩ |
| ● દેવપર | ૧ |
| ● દરશડી | ૧ |
| ● મંગવાણા | ૧ |
| ● લુડવા | ૧ |
| ● રાજપર | ૧ |
| ● રામપર (વેકરા) | ૧ |

પારિવારિક વિગતોમાં શિક્ષણસ્તર વિષે જાણવું રસપ્રદ થશે.

| | |
|---|---|
| ધો. ૧૦ અથવા ધો. ૧૨ પાસ થયેલા | ૫૧ |
| ધો. ૧૨ પછીના અભ્યાસ કરતા | ૧૨ |
| ગ્રેજ્યુએટ અથવા વધુ અભ્યાસ | ૮ |
| | ૭૧ |

એમ કુલ ૭૧ વ્યક્તિઓ છે. જે પ્રગતિ સૂચક છે. **— મુખ્યતંત્રી**

**જ્ઞાતિ સમાચાર**

# નખત્રાણા ખાતે સોની સમાજે મા કાલીકાઓત્સવ ઉજવણી

**હીરાલાલ મોહનલાલ સોની**



નખત્રાણા ખાતે પોષ સુદ ચૌદસના રોજ સોની સમાજના વિવિધ ક્ષેત્રમાં વ્યવસાય કરતા દરેક લોકો સહકુટુંબ પાંખી પાડી મા કાલીકાઓત્સવ સોની સમાજવાડી ખાતે એકઠા થયા અને ભક્તિભાવે રંગાઈને સમુહ આરતીમાં જોડાયા.

સવારે ૧૦-૦૦ કલાકે સમાજના પ્રમુખ શ્રી હીરાલાલ મોહનલાલ સોનીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જનરલ સભામાં સમાજને લગતા વિવિધ ઠરાવો કરવામાં આવ્યા. સમાજમાં સગપણ વખતે સમાજે બહાર પાડેલ ફાર્મ (૩) નકલમાં ભરવાનું જેમાં પુત્ર-પુત્રી અને વાલીઓની સહી કરીને સમાજના આગેવાનની સહી કરાવી લાગત સાથે એક નકલ પુત્ર પક્ષ, બીજી નકલ પુત્રી પક્ષ અને ત્રીજી નકલ સમાજમાં રજુ કરવાની પદ્ધતિનો ચુસ્તપાલન કરવા સૌ સહમત થયા હતા. વિધવા વિવાહ કે ગરગેણું વિગેરે સમાજમાં જ હોય તો આજ રીતે સમાજના ફોર્મ ભરવાના રહે છે તથા સમાજમાં થતા સગાઈ સગપણને સમાજના નિયમો મુજબ ચુસ્તપણ વડગી રહેવું તથા તોડફોડ કરવી નહીં. તેથી સગાઈ કરતાં પહેલાં પુરતી ચકાસણી કર્યા બાદ જ કરવાની હોય છે.

સવારે ૧૦-૦૦ કલાકે મળેલી જનરલ સભા બાદ સૌ મહાકાલીની સમુહ આરતીમાં શ્રદ્ધાપૂર્વક જોડાયા અને બપોરે મહાપ્રસાદ લઈ ભાવવિભોર થયા હતા અને આખો દિવસ પોતાના ધંધારોજગાર બંધ રાખી આ કાર્યક્રમમાં જોડાયા હતા. યુવક મંડળના પ્રમુખશ્રી મહેશભાઈ મંત્રી શ્રી બેગીનભાઈ ખજાનચી શ્રી કૌશિકભાઈ વિગેરે સમુહ આરતી અને અડદીયા વિતરણ વગેરે કામગીરી ધાર્મિક સમિતિના ગૌરીભાઈ તથા ભોજન સમિતિના અમુભાઈ, મનુભાઈ, તુલસીભાઈ, પ્રવિણભાઈના સહકારમાં સંભાળી હતી. આ કાર્યક્રમમાં માજી પ્રમુખશ્રી હિંમતલાલ, ઉપપ્રમુખશ્રી હેમેન્દ્રભાઈ, દિનેશભાઈ, મંત્રીશ્રી કિશોરભાઈ ખજાનચી શ્રી જેરામભાઈ સહ ખજાનચી શ્રી મહેન્દ્રભાઈ, લખમશીભાઈ, ભરતભાઈ, ભોગીલાલ, રમેશભાઈ, હરિભાઈ, ભગવાન, કાનજીભાઈ વગેરે બાળકો અને વૃદ્ધો સહિત સૌ કોઈ સહકુટુંબ હાજર રહ્યા હતા.

# શ્રી વિથોણ સોની સમાજ - વડીલ સન્માન

વિનુભાઈ બગ્ગા

દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૫-૧-૨૦૧૩ને શુક્રવારના દિવસે વિથોણ સોની સમાજ વાડીમાં પોષ સુદ ચૌદસ શ્રી મહાકાલીય માતાજી પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો અને હવન તેમજ માતાજીની આરતી કરી હતી. વિશેષમાં આ વર્ષે સમાજ વાડીનું સંચાલન કરનાર યુવા કાર્યકર તથા વિથોણ સોની સમાજના વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું.



બીજુ વિશેષમાં હવે આપણે વિથોણ સોની સમાજ તથા સમાજવાડી તથા સંગઠન બાબતમાં ભૂતકાળમાં ડોક્યુ કરીએ શ્રી વિથોણ સોની સમાજની સંગઠનમાં મૂળ પાયાના પથ્થર સમા શ્રી માધવજી રતનશી બારમેડા (ઉર્ફે માધુબાપા) એ પ્રથમ તો વિથોણ સોની ભાઈઓને આશરે ઈ.સ. ૧૯૮૨માં એક સંગઠન કરવા માટેની મિટીંગ તે પછી ૮૨ની સાલમાં નખત્રાણા તથા આજુબાજુના આશરે બાર ગામનું ગ્રુપ વિથોણ ખાતે મિટીંગ બોલાવવામાં આવી હતી. બીજી વાર તા. ૩૦-૪-૧૯૮૩ના રોજ શ્રી મારૂ કંસારા સોની વિથોણ ગ્રુપમાં અંદાજે ૧૨ ગામના દરેક સભ્યોની હાજરીમાં પ્રથમ કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રથમ પ્રમુખ શ્રી માધવજી રતનશી બારમેડા (માધુબાપા) અને ઉપપ્રમુખશ્રી પ્રેમજીભાઈ ધારશી પોમલ (સાંધરા), દિનેશ જેઠાલાલ બગ્ગા વિથોણ મંત્રી, શીવજી ઉમરશી બારમેડા, ખજાનચી એમ વગેરે માધુબાપા તન, મન અને ધન તેમજ સમયનો પુરેપુરો સદ્ઉપયોગ કરીને આપણી સોની સમાજના સંગઠનનો એક મહત્વનો અને પ્રથમ પાયો છે.

બીજા અમારા શ્રી વિથોણ સોની સમાજના સંગઠનના બીજા પાયા રૂપ ગણીએ વડીલ શ્રી સ્વ. શીવજી ઉમરશી બારમેડા (ગાભુબાપા) નામે બોલાવતા એ પણ વિથોણ સોની સમાજ ગ્રુપને આર્થિક તેમજ શારીરિક રીતે વેપારી બુદ્ધિથી જીવવાળા તેમનો શ્રી વિથોણ ગ્રુપ સોની સમાજના સંગઠનનો વિશેષ ફાળો છે.

શ્રી વિથોણ સોની સમાજના અત્યારે હાજર છે એવા વડીલ શ્રી કલ્યાણજીભાઈ નથુભાઈ બારમેડા (ઉર્ફે આઈધનબાપા) નામે બોલાવવામાં આવે છે તે ૧૯૮૦ થી કરીને હજી સુધી હાલ આશરે ઉંમર ૭૫ થી ૮૦ વર્ષ થયા હતા. સમાજનું કામ આવે તો તરત પોતાને ચાલવાની તકલીફ પડે તોય પણ હજી સુધી મિટીંગમાં હાજર રહે અને અમને સરલ તથા સમાજ ઉપયોગી સરળ માર્ગ અમને બતાવે છે. તે તમામ સભ્યો પણ આમ પણ સહજ રીતે સ્વીકારે છે.

શ્રી વિથોણ મારૂ કંસારા સોની જ્ઞાતિ ગ્રુપના મંત્રી તરીકે ઘણા વર્ષો સુધી ફરજ બજાવેલ તે શ્રી દિનેશભાઈ જેઠાભાઈ બગ્ગા જ્યાં સુધી વિથોણમાં હતા ત્યાં સુધી મંત્રી તરીકેની તેમની ફરજને કદીન ભુલાય તેવી સેવા તેમને અદા કરેલી તે એક પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમણે પણ સમાજ માટે તન, મન. ધન આપીને સમાજને સેવા આપેલ છે.

શ્રી વિથોણ સોની સમાજવાડી જેમાં આગળ જણાવેલ. પાયાના પથ્થર સમા અમારા શ્રી સ્વ. માધવજી રતનશી બારમેડા. સ્વ. શ્રી શીવજી ઉમરશી બારમેડા, શ્રી કલ્યાણજી નથુભાઈ બારમેડા, ખેંગારભાઈ વિશનજી કટ્ટા, રસીકભાઈ પદમશી કટ્ટા તેમજ વિચેમ અમારા હાલના વર્તમાન યુવાન પ્રમુખ શ્રી હિંમતલાલ શીવજી બારમેડા જે સમાજવાડીમાં વિશેષ ફાળો આપેલ છે જે સમાજ વાડીનું નિર્માણ તા. ૨-૧૦-૧૯૯૮ ના રોજ થયેલ જેમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ પશ્ચિમ કચ્છ તેમજ ભુજ, અંજાર બહાર વસવાટ કરતા તમામ કંસારા ભાઈઓને હાજરી પણ આપેલી હતી. આ સમાજવાડી બનાવવા માટે દરેક વિથોણ સોની સમાજના સભ્યો યથાશક્તિ ફાળો તેમજ મહેનત આપી અને ફરજ અદા કરી હતી. સમાજના સભ્યો વારા ફરતી તમામ સોની ભાઈઓ પાસે બહાર ગામના સોની ભાઈઓ પાસેથી ફાળો એકત્ર કરેલ તેથી સર્વે



અનુસંધાન પાના નં. ૨૯ ઉપર

## ફ્રેન્ડસ ફોર એવર...

**મીતા સોલંકી - ભુજ**

જીવનમાં સાચી મિત્રતા હોવી ખૂબ જ જરૂરી છે. પરંતુ સાંપ્રત સમયમાં કે મિત્રતા કરવી સહેલી છે, નિભાવવી અઘરી છે.

મિત્રોના ઘણા પ્રકાર છે, મિત્ર કેવો હોવો જોઈએ, તેનો જવાબ એ છે મિત્ર પણ પોતાની આત્મા જેવો હોય, જે આપણી આત્મા આપણે જેવા છીએ તેવો સ્વીકાર કરે છે. સુખ અને દુઃખમાં સરખો સાથ આપે ખુશામત ન કરે પરંતુ જરૂર હોય ત્યાં પ્રશંસા કરે ! નિરાશાની પળોમાં આશ્વાસન અને માર્ગદર્શન આપે. દિલ ખોલીને વાત કરે. જેના પ્રત્યે કોઈ શંકા ઉત્પન્ન ન થાય.

અનેક મિત્રોની વચ્ચે રહીને પણ તમને જો એકલતાનો અનુભવ થતો હોય તો તમારી પાસે સાચો મિત્ર જ નથી. કારણકે જો સાચો મિત્ર હોય તો તે તેમને એકલો ન પડવા દે. તમે માનસિક રીતે એને તમારી સાથે જ મહેસુસ કરો.

બાળપણની મૈત્રી, ગાળો આપે તો પણ પ્રેમ છલકાતો હોય એ ગાળીયા મિત્ર અને તાળીયા મિત્ર એટલે હાથતાળી દઈ આનંદિત થાય, વાતો કરે અને છુટા પડે, એવા ઔપચારિક મિત્રો... મિત્રતા જીવનની અનમોલ ભેટ છે. થોડા પરિચય પછી મિત્રતા પર કેટલો વિશ્વાસ કરવો એ વ્યક્તિની આવડત અને સંજોગોને ધ્યાનમાં રાખીને નક્કી કરવાની બાબત છે, કૃષ્ણ-દ્રૌપદીની મિત્રતાએ વિજાતીય મિત્રતાનું ઉત્તમ ઉદાહરણ છે.

મારી એક ફ્રેન્ડ પાસે ૧૫૦ ફ્રેન્ડ છે, આશ્ચર્ય ત્યારે થયું કે તે બધા જ ફ્રેન્ડ F.b. ફ્રેન્ડ છે ! દોસ્તીની વ્યાખ્યા ધરમૂળથી બદલી નાખતી એક સોશ્યલ સાઈટ્સ, ટ્વિટર, Face book જેવી સાઈટમાં ઢગલાબંધ ફ્રેન્ડસ બનાવી શકો છો તે પણ તમારા ઘર બેઠા બેઠા !! શું આ મૈત્રી ? સાચા જીવનમાં ખરા મિત્રોની જે જરૂરીયાત છે તે પૂરી કરી શકે છે ?

આપણા જીવનમાં ખાસ થોડા મિત્ર એવા હોવા જોઈએ કે મુશ્કેલી પારખી, સલાહ આપી શકે, સાંત્વન આપી શકે, મદદ કરી શકે, મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકે, દરેક મિત્રોમાં આમાંથી અલગ અલગ ગુણ હોઈ શકે છે, એ જિંગલ ટીવીમાં ખૂબ લોકપ્રિય થઈ હતી જેના શબ્દો છે હર એક ફ્રેન્ડ જરૂરી હોતા હૈ....

સારા અને સાચા મિત્રો હોવા ખૂબ જરૂરી છે, તમારી વાણી અને તમારું મૌન બંને સમજી શકે તેવા ફ્રેન્ડ મળે એ સદ્‌ભાગ્યની નિશાની છે.

મિત્રતામાં શરત અને સોદાબાજી નથી હોતી, હોય છે કેવળ અપેક્ષા વગરના સંબંધ... જ્યારે દુઃખ આવે છે ત્યારે તમારો એક સારો મિત્ર તમારું દુઃખ હળવું કરે છે, એક ખોટો મિત્ર જીવનમાં દુશ્મનની ગરજ સારે છે. મિત્રતાના નામે ચાલાક લોકો મીઠુ બોલી પોતાનો સ્વાર્થ સાધી લે છે.

તમારા 'કોન્ટેક્ટસ વધારવા' તમે ગમે તેની સાથે દોસ્તી કરો તે વ્યાજબી નથી. તેના કરતાં કોઈ ગ્રુપ, સંસ્થા, મંડળ, કલાસીસમાં જોડાઓ જ્યાં એક સાથે 'લાઈક માઈન્ડેડ' લોકોના સંપર્કમાં આવી, યોગ્ય મિત્ર બનાવી શકો છે ! પણ દોસ્તને ન બનાવતા ! તમારી પાસે છે આવી દોસ્તી ?




**ચોથી વાર્ષિક શ્રદ્ધાંજલિ**

પરમકૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ.ધનજીભાઈ ઉમરશી બુદ્ધભટ્ટી**

સ્વ. તા. ૫-૩-૨૦૦૯

**હર્ષદ ડી. બુદ્ધભટ્ટી પરિવાર**

પંચમ, હરકીશન, હર્નિશ, પૂર્વલ, કૃતિકા

**શિલ્પ જ્વેલર્સ**
૪૩/૨, જ્યુબિલી કોલોની,
વિજયનગર રોડ, ભુજ

**પંચમ એચ.બુદ્ધભટ્ટી**
૭, ઝવેરી કોમ્પલેક્ષ, વ્હાઈટ બિલ્ડીંગ સામે,
વાણિયાવાડ, ભુજ

## જ્ઞાતિસેતુ દ્વારા વડીલવંદના કાર્યક્રમનું સુંદર કવરેજ

મહામંડળના કાર્યક્રમ મહાસંમેલન તા. ૯-૧૨-૨૦૧૨ વખતે મહામંડળના તમામ કાર્યક્રમોનું બહુ જ સુંદર કવરેજ જ્ઞાતિસેતુમાં આપશ્રીએ છાપેલ છે. સેતુ દ્વારા મહામંડળના તેમજ અન્ય વિસ્તારના કાર્યક્રમોની માહિતી બહુ સારી છાપી. આપણી જ્ઞાતિને જાણ થાય છે આ રીતે આપશ્રીએ મહામંડળને ખૂબ જ આભાર માને છે. જ્ઞાતિસેતુ દ્વારા આપણા સમાજને ઘણી બધી માહિતી મળે છે.

મહામંડળ દ્વારા આપણી જ્ઞાતિ માટે 'મેરેજ બ્યુરો' ચલાવવાનો વિચાર છે. જેથી આપણી જ્ઞાતિના સગપણ લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓના બાયોડેટા - મેળવી તેમને મદદરૂપ થવાનો પ્રયત્ન કરવામાં આવશે. જેની વિગતવાર માહિતી ટુંક સમયમાં બહાર પાડવામાં આવશે જેની નોંધ 'જ્ઞાતિ સેતુ'ને મોકલવામાં આવશે. 'જ્ઞાતિ સેતુ' દ્વારા મહામંડળ માટે કોઈ સુચનો મળશે તો તે ઉપર વિચાર કરવામાં આવશે.

**પ્રેમજીભાઈ કે. સોની મહામંડળ-મહામંત્રીશ્રી**

## વડીલ વંદના વિશેષાંક બદલ અભિનંદન

તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ આયોજીત 'વડીલ વંદના'નું દ્વિતીય કાર્યક્રમ ભુજ ખાતે યોજાયેલ, આ પહેલા આ વર્ષે રાયપુર ખાતે 'વડીલ વંદના' નું કાર્યક્રમ યોજાયેલ. જેમાં માત્ર ત્યાંના લાણેદાર વડીલોને સન્માનીત કરાયેલા, ભુજ ખાતેના આ કાર્યક્રમમાં દેશ-પરદેશમાં વસતા જ્ઞાતિના ૭૫ વર્ષ કે તેથી ઉપરના અઢીસો જેટલા મહિલા-પુરુષ વડીલોને સન્માનીત કરાયા. સન્માનીતો તેમના પરિવારજનો સાથે તેમજ હાજર રહેલા જ્ઞાતિજનોએ આ કાર્યક્રમ નિહાળી ખૂબ જ ખુશ થયેલ. આપણી સમસ્ત જ્ઞાતિના વડીલો એક સાથે સન્માનીત થયા હોય તેવું આ પ્રથમ કાર્ય હતું. આ કાર્યક્રમમાં હાજર ન રહી શકયા તેવા જ્ઞાતિજનોને આ કાર્યક્રમની વિશેષ જાણકારી મળે અને તેઓ આ વિશેષાંક વાંચી તસ્વીરો જોઈ આ કાર્યમાં પોતાની હાજરી મહેસુસ કરે તેવા હેતુથી સુંદર રીતે આપણી જ્ઞાતિના સમાચારો પ્રસિદ્ધ કરતા જ્ઞાતિના ચાહિતા શુભચિંતક 'જ્ઞાતિસેતુ' એ 'વડીલ વંદના વિશેષાંક' પ્રસિદ્ધ કરી આ કાર્યને બિરદાવેલ તે માટે તેઓના તંત્રીમંડળ અને ખાસનોંધ લેનાર પી.જી. સોની (દાસભાઈ)ને ખૂબ ખૂબ અભિનંદન. આ કાર્ય વિશે આ અંકમાં વિશેષ લેખો, અભિપ્રાયો, સુચનો આપનારા તેમજ વિશેષ નોંધ લઈ કાર્યને બિરદાવનારા, બધાને મારા અભિનંદન.

૨૭મો સમુહ લગ્ન-ભુજ, સમુહ ભાગવત્ સપ્તાહ-ભુજ મહામંડળ આયોજીત મહાસંમેલન, શૈક્ષણિક સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ, કલા સાંસ્કૃતિક મેળો-ભુજને વિશેષાંકમાં સમાવી 'જ્ઞાતિસેતુ' અંકને અલંકૃત કરી વિશેષાંક સાબિત કરી તંત્રીમંડળ પ્રશંસાના હકદાર થયેલ છે. વિશેષાંક બદલ ફરી અભિનંદન અને જ્ઞાતિસેતુ જ્ઞાતિમાં વધુને વધુ લોકચાહના મેળવે તેવી શુભેચ્છા સાથે જય માતાજી. **— એ.જે. સોલંકી-ભુજ**

## વડીલ વંદના વિશેષાંક

જ્ઞાતિ સેતુના વડીલ વંદના વિશેષાંકના તંત્રી લેખથી લઈ ઘડપણ કોણે મોકલ્યું કાવ્ય સુધીના વડીલો માટેના અલગ અલગ વિષયોને આવરી લેતા માહિતીપ્રદ લેખો વડીલો માટે જ નહીં પરંતુ વડીલોના સંતાનો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા આયોજીત મહાઅધિવેશન દરમિયાન વડીલ વંદનાના કાર્યક્રમને સમસ્ત જ્ઞાતિજનોએ હૃદયથી આવકાર્ય છે. આ કાર્યક્રમનો શાબ્દિક અને ફોટોગ્રાફીક અહેવાલ વિસ્તારપૂર્વકનો અને જીણામાં જીણી વિગતોથી સભર છે. સમાજના અગ્રણીઓના પ્રતિભાવ છે એનો સાર એ કે વડીલને હૂંફ, માન, થોડો સમય, થોડી લાગણી સંતાનોએ પોતાના વ્યસ્ત જીવનમાંથી આપવા જોઈએ. વડીલો નિવૃત્તિમાં પ્રવૃત્તિમય બને. એવા સમાજ દ્વારા કાર્યક્રમ ગોઠવવા જોઈએ. વડીલો માટે નાનકડો પ્રવાસ, મનોરંજન કાર્યક્રમ, મેડિકલ કેમ્પ ગોઠવાય. તેમના અનુભવના ભાથાનો લાભ લેવામાં આવે આ બધા પ્રતિભાવો દર્શાવે છે કે વડીલો એ સમાજના વડલા છે અને આપણે વડવાઈઓ બની એમની સુખાકારીના નિમિત બનીએ. વડીલોની સુખાકારી એ આપણી સુખાકારીનો પાયો છે. ભાઈલાલભાઈ કે પટેલનો લેખ 'વરિષ્ઠ નાગરિકોને મળતા ફાયદા' માહિતીપ્રદ છે. વિરેન્દ્ર એસ. પોમલ, સૂર્યકાંત ભટ્ટના લેખો સમાજની માનસિકતા ઉજાગર કરે છે.

આ સાથે શ્રી અ.ભા.મા.કં. સોની જ્ઞાતિ મહામંડળના અધિવેશન દરમિયાન યોજાયેલ 'કલાકૃતિ મેળો' 'સાંસ્કૃતિક કાર્યક્રમ', 'શૈક્ષણિક કાર્યક્રમ' અને 'સમૂહલગ્ન'ના અહેવાલ હોય કે 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ'નો અહેવાલ વિસ્તૃત અને સુંદર માહિતીપ્રદ છે.

આ અંકના અતિથિ સંપાદક શ્રી પી. જી. સોની 'દાસ' ભાઈએ ખૂબ જ મહેનત અને લગનથી સંકલીત કરી 'વડીલ વંદના વિશેષાંક' ને સાચવી રાખવા જેવો બનાવવા માટે ખૂબ ખૂબ અભિનંદન અને જ્ઞાતિસેતુની સમસ્ત ટીમને હાર્દિક અભિનંદન. **— લતા સોલંકી-ભુજ**

## વાત નાની, પણ ખૂબ પ્રેરણાદાયી

ઓક્ટો-નવેમ્બર-૦૮ 'જ્ઞાતિસેતુ' માં વિચાર મંચ હેઠળ 'સામાજીક વ્યવહારમાં પરિવર્તનની આવશ્યકતા' હેઠળ પહેરામણી ના પરંપરાગત રિવાજ વિશે મારો લેખ તે વખતે વાંચકોમાં ખૂબ સારો પ્રતિભાવ પામ્યો હતો, પરંતુ હાલમાં તેનો અમલ પણ નજરોનજર જોઈને આનંદ થયો.

હાલમાં અંજાર લગ્ન પ્રસંગે જવાનું થતા ત્યાં એક પ્રેરણાદાયી કિસ્સો મારો લેખક જીવને લખવા માટે પ્રેરક બન્યો. વિગતે વાત કરું તો, અંજારમાં રહેતા (મૂળ નારાણપર) દક્ષાબેન તેમજ વસંતભાઈ ઓધવજી બુદ્ધભટ્ટીના સુપુત્ર ચિ. મિતેષના લગ્ન પ્રસંગે કન્યાપક્ષ તરફથી વરપક્ષને લગ્નપ્રસંગમાં અપાતી 'પહેરામણી' નો પરંપરાગત રિવાજનો વરપક્ષવાળા માતા-પિતા દક્ષાબેન તથા વસંતભાઈ એ સવિનય ઈન્કાર કરી, કન્યા પક્ષ તરફથી મળતી પહેરામણીની રીત કાઢી નાખી એક સુંદર દૃષ્ટાંત પુરુ પાડેલ છે.

વરપક્ષના વડીલોએ આવી પહેલ કરી, આવા રીવાજો જે ખટરાગના કે મનદુઃખના કારણો ઉભા કરતી હોય તેવી રીતરીવાજને તિલાજંલી આપી એ કુટુંબને આ પહેલ કરી એ બદલ અભિનંદનને પાત્ર છે.

**– મીતા નીતિન સોલંકી-ભુજ**

## વડીલોને આદર કરીએ..

તાજેતરમાં વડીલ વંદના કાર્યક્રમ યોજાયો. તે બહુ સરાહનીય બન્યો અને આવા કાર્યક્રમ યોજાય તે બહુ જરૂરી છે. કેમ કે આજ વડીલોને આદર આપતા બધાને શરમ આવતી હોય છે. પણ વડીલોનો આદર કરવો એ પ્રત્યેક યુવાનની ફરજ છે અને એનું કર્તવ્ય પણ છે.

સામાન્ય રીતે જોઈએ તો દરેક માનવે જીવનના ત્રણ તબક્કામાંથી પસાર થવાનું હોય છે. એક તો બાળપણ, બીજું યુવાની અને ત્રીજું વૃદ્ધાવસ્થા.

પહેલા તો બે તબક્કા રમત-રમતાની સાથે જ રમતમાં જ પસાર થઈ જતા હોય છે. જ્યારે ત્રીજું વૃદ્ધાવસ્થા એ બહુ કપરી કસોટીમાંથી પસાર કરવું પડે છે. વડીલ એટલે શું ? તો આપણે કહેતા હોઈએ છીએ. વડીલ એટલે ઘરનું તાળું, વડીલ એટલે ખરતું પાન, વડીલ એટલે અનુભવનું ભાથું, પરંતુ વડીલ એટલે 'પૂર્ણજ્ઞાન થી ભરેલો પ્યાલો' કેમકે એમણે જે જીવનમાં ઉતાર-ચડાવો જોયા હોય છે. એ બીજાને કહેતા હોય છે કેમકે પૂર્ણ જ્ઞાનથી ભરેલું જીવન જેનું છે એ બીજાને જ્ઞાની બનાવે છે. તેવી રીતે વડીલો પણ બીજાને જે પોતા પાસે છે એ અનુભવ બીજાને કહેતા હોય છે. આજ અમે આ રીતે જીવીને વૃદ્ધવસ્થાની આરે પહોંચ્યા છીએ. કાલ તમારો વારો આવવાનો છે. આપણે ત્યાં પુરાણી કહેવત છે.

'પાન ખરતી દેખતે હસતી કૂપડીયા,

મુજ વીતિ તુજ વિતશે ધીરી બાપુડિયા'

એકવાર ખરતું પાન જોઈને કૂપડો હસવા લાગી ત્યારે ખરતું પાન કહે છે કે તું પણ એક દિવસ આમ જ ખરી પડીશ. જે મારા પર વીતી છે એ તારા પર પણ વીતશે.

તો આજના યુવાનોને રાજી થવા જેવું કે હસવા જેવું કંઈ નથી. વૃદ્ધોને જોઈને યુવાનોને એક દિવસ વૃદ્ધાવસ્થા આવવાની છે. તો સહુ સાથે મળીને વૃદ્ધોનો આદર કરીએ. વડીલોને વંદન કરીએ.

**– લતા કે. હેડાઉ (નાગલપુર)**

## વડીલ વંદના વિશેષાંક બદલ અભિનંદન

ગત જ્ઞાતિસેતુનો વડીલ વંદના વિશેષાંક બહુ સરસ રહ્યો પ્રથમ તો આ અંકના અતિથી સંપાદક શ્રી પી.જી. સોની 'દાસ'ને અભિનંદન. સાથે સાથે અન્ય લેખકોએ લેખને પણ બિરદાવવા રહ્યા. હકીકતમાં કહુ તો આ અંકે તમામ લોકોની ભાવનાઓને વાચા આપી છે. એટલે એમાં વડીલ વંદના વખતે 'વડીલોની' નિઃશબ્દ ભાવનાઓ પણ સમાયેલી છે. સામાન્ય વ્યક્તિને પોતાનું નામ લખાયેલું વાંચવું ગમે છે અને પોતાનું નામ સાંભળવું પણ ગમે છે. આ અંકમાં સન્માનિત તમામ વડીલોના નામ સમાવીને ઉપરાંત વિવિધ રસભર માહિતીસભર લેખો આપીને સોનામાં સુગંધ ભેળવી છે. મને વિશ્વાસ છે કે કમસેકમ ૨૪૦ વડીલો તો આ અંકને અલમારીમાં સાચવી રાખશે એમને પણ ઊંડે ઊંડે થશે કે આ અમારો અંક છે. ફરી ફરીને અભિનંદન...

**જીનલ સોલંકી-માંડવી**

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

### જીવનસાથી પસંદગી સંમેલન

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ દ્વારા આયોજીત યુવક-યુવતી પ્રથમ જીવનસાથી પરિચય પસંદગી સંમેલન તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ યોજાયેલ. સંમેલનના આયોજકોને હાર્દિક અભિનંદન. સંમેલનના આયોજનમાં વ્યવસ્થા ખૂબ પ્રભાવી હતી. યુવક-યુવતીઓના સ્ટેજ પર પરિચય સમયે સ્ટેજ પર યુવકોને ખૂબ જ ઓછો સમય ફાળવવામાં આવ્યો સ્ટેજ પર ચાર-પાંચ યુવકોને એક સાથે નહીં પરંતુ એક યુવકને બોલાવી પુરતો પરિચય આપવો જોઈતો હતો. સ્ટેજ પર પરિચય આપવાની બાબતમાં યુવતીઓએ પાચી પાની કરી હતી. યુવતીઓએ પણ નિ:સંકોચ સ્ટેજ પર પોતાનો પરિચય આપવો જ જોઈએ. યુવતીના માતા-પિતાએ યુવતીઓને સ્ટેજ પર આવવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

પરિચય પસંદગી બુક પહેલાથી આપવામાં આવી તે ખૂબ જ ઉપયોગી થઈ હતી. ટેલીફોનિક વાતચીત પણ આવકાર્ય બની હતી. કેટલાક કિસ્સાઓમાં વિચારીને જવાબ આપવાની વાત થાય. પણ જવાબ અપાતો નથી. હા ! આપણે સમજી જવાનું હોય છે કે એનો અર્થ શું છે ? પણ પક્ષકારોએ સ્પષ્ટ હા કે ના નો જવાબ દેવાનું વલણ અપનાવવું જોઈએ.

આપણા સમાજમાં પણ અન્ય સમાજની જેમ ભણતર બાબતે યુવક-યુવતીઓમાં અસમાનતા છે. યુવતીઓ અભ્યાસમાં આગળ છે તો યુવકો આગળ આવી રહ્યા છે. યુવકો વ્યવસાયમાં જોડાઈ જતા તેઓ અભ્યાસમાં પાછળ છે. એવું કારણ આપણે સમજી શકીએ જેમ યુવતીઓ માતાનો હેલ્પીંગ હેન્ડ બની અભ્યાસ કરે છે. તેમ યુવકો પણ પિતાના વ્યવસાયમાં મદદરૂપ થઈને પણ ભણી શકે છે. ઘણી એવી યુનિવર્સીટી છે જે 'External Exam' લઈ ઘર બેઠા ભણવાની સગવડ આપે છે. માતા-પિતાએ યુવકોને પણ વ્યવસાય સાથે અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. ત્યારે જ ભણતરનો રેસીયો બરાબર થશે. આપણા સમાજના અગ્રણીઓએ પણ આ બાબતે ધ્યાન દોર્યું છે.

પરિચય સંમેલન દરમિયાન અને પછી જે શુભ સંબંધો બંધાય તેની જાણકારી સંમેલનના આયોજકોને કરવી જોઈએ અને આયોજકો સંમેલન દ્વારા બંધાતા સંબંધોની જાણકારી 'જ્ઞાતિ સેતુ' દ્વારા સમાજ સુધી પહોંચાડે જેથી પરિચય સંમેલનની બહોળી ઉપયોગિતા અને જરૂરિયાત વિશે સમાજનું ધ્યાન દોરી શકાય. પરિચય સંમેલન ખૂબ જ મહેનત અને ચીવટ માગી લે છે. સાબરકાંઠા દ્વારા આયોજીત સંમેલનના સંચાલકોની મહેનતના મીઠા ફળ સમસ્ત સમાજને મળશે. એમાં બેમત નથી. અને સાબરકાંઠા ઘટકથી પ્રેરણા લઈ અન્ય ઘટકો પણ આવા યુવક-યુવતી પરિચય સંમેલનનું આયોજન શુભ કાર્યના યશભાગી થશે એવી શુભેચ્છા... સાબરકાંઠાના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ સોની, દિનેશભાઈ સોની, ધર્મેન્દ્રભાઈ સોની અને એમની સમસ્ત ટીમને અભિનંદન સહ શુભેચ્છા...

**લતાબેન સોલંકી-ભુજ**

---

સાબરકાંઠા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ દ્વારા આયોજીત સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક-યુવતિ પ્રથમ જીવનસાથી પરિચય પસંદગી મેળો યોજાયો. જેમાં ૧૦૦૦ થી વધુની સંખ્યામાં જ્ઞાતિ સમુદાય ઉપસ્થિત રહેલ. પસંદગી પરિચય પુસ્તકમાં ૧૦૦ થી ઉપર યુવતીઓ અને ૨૪૨ જેટલા યુવકોની માહિતી છે પસંદગી પરિચય વખતે સ્ટેજ ઉપર યુવકો આવેલા. પરંતુ, બહુ ઓછી યુવતીઓ સ્ટેજ ઉપર આવી જેનું કારણ 'ક્ષોભ' જણાતું હતું. ક્રમ પ્રમાણે સ્ટેપ બાય સ્ટેપ સ્ટેજ પ્રોગ્રામ ખુબ વ્યવસ્થિત કરવાના આયોજકોના પ્રયત્નો દાદ માંગી લેતા હતા. વચ્ચે વચ્ચે સમાજના વક્તાઓને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાનો મોકો આપવામાં આવતો હતો. આ મેળામાં કચ્છ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, રાયપુર તેમજ અન્ય સ્થળોએથી પણ સારી સંખ્યામાં યુવક-યુવતીઓ અને વાલીઓ આનંદભેર હાજર રહ્યા હતા. કેટલાકનું કહેવું એવું થતું હતું કે આ કાર્યક્રમ બે દિવસનો હોવો જોઈતો હતો.

**– હીરાલાલ મોહનલાલ સોની-નખત્રાણા**

---

### પરિચય પુસ્તિકા

પરિચય પુસ્તિકા પ્રકાશનનું કામ ખૂબ જ જહેમત અને ચોકસાઈ માગી લે છે જો ક્યાંક પણ બાયોડેટામાં માહિતી દોષ રહી જાય તો - જેનો પરિચય આપ્યો હોય તેના વિષે ખોટી બાબત છપાઈ જાય છે. જેનાથી ઉમેદવારને આજીવન સહન કરવું પડે છે. આવી જ એક 'ભૂલ' - પરિચય પુસ્તિકામાં નજરે પડી, જેની અત્રે નોંધ લેવી હું આવશ્યક ગણું છું. આ ભૂલ એક ઉમેદવારની વિગતોમાં - શારીરિક ખામી કોલમમાં હતી અહીં **'ના'** ને બદલે **'હા'** છપાઈ ગયું છે. પરિણામે એ ઉમેદવાર અને એના પરિવારને જે સહન કરવું પડ્યું છે તેનું વર્ણન અત્રે અસ્થાને છે.

આશા છે પરિચય પુસ્તિકા પ્રકાશન - આયોજક - આવી ગંભીર ભૂલ વિષે જ્ઞાતિસેતુના આગામી અંકમાં સ્પષ્ટતા કરશે જેથી કદાચ એ ઉમેદવાર વિષે છપાયેલી ખોટી માહિતી સુધારી શકાય.

**– હંસરાજ કંસારા-અમદાવાદ**

## કચ્છના સર્વાંગી ઈતિહાસના સંપાદન બદલ
## સેતુના મુખ્યતંત્રીશ્રી હંસરાજભાઈ કંસારાનું બહુમાન



ગત તા. ૩-૨-૨૦૧૩ના રોજ કચ્છ ડેવપલમેન્ટ કાઉન્સીલ પ્રાયોજીત કચ્છના સર્વાંગી ઈતિહાસ ગ્રંથ (ભાગ-૧ અને ૨)નું જાણીતા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા અતિથિ વિશેષ કચ્છ જિલ્લાના અધિક કલેક્ટર શ્રી ડી. બી. શાહ તેમજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન. આર. ટોપરાણી અને ભુજ નગરપતિ શ્રી નરેન્દ્રભાઈ ઠક્કરની નિશ્રામાંકાર્યક્રમમાં વિમોચન તેમજ એમના લેખકોનું સન્માન થયું.

આ ગ્રંથના આલેખને કચ્છના ૩૦ જેટલા વિદ્વાનો લેખકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાઉન્સીલ દ્વારા ગઠીત પરામર્શક સમિતિના અધ્યક્ષ ડો. કાન્તિ ગોર, સંપાદન સમિતિના કન્વીનર શ્રી હંસરાજભાઈ કંસારા અને સંકલન સમિતિના શ્રી નરેશ અંતાણીનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી હંસરાજભાઈને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન. **— મનુભાઈ કોટડીયા**



હંસરાજભાઈનું બહુમાન કરતા
કચ્છના અધિક કલેક્ટરશ્રી જે. સી. શાહ.

## શ્રી નિશાંત રસિકભાઈ મહિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેશ એનાલીસ્ટનો વાઈસ પ્રેસીડન્ટ ચૂંટાયા




નિશાંત રસિકભાઈ મહિયા મૂળ આદિપુર-કચ્છના વતની છે અને અમેરિકાની બેન્કો સેન્ટેનડર નામની કંપનીમાં બીઝનેસ એનાલીસ્ટ તરીકે સેવા આપે છે. તાજેતરમાં તેઓ ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીઝનેસ એનાલીસ્ટના વાઈસ પ્રેસિડન્ટ તરીકે ચૂંટાઈ આવી મારુ કંસારા સોની જ્ઞાતિનું ગૌરવ પ્રદાન કર્યું છે. નિશાંતભાઈએ પ્રો. રસિકભાઈ અને ઈન્દુબેન મહિયા, આદિપુરના પુત્ર અને ઉત્પલ મહીયાના નાનાભાઈ થાય છે. કસ્ટમ સુપ્રીટેન્ડન્ટ શ્રી કાંતિભાઈ વાલજી કંસારાના જમાઈ થાય છે.


તેઓએ મોરબીની લખધીરજી એન્જીનીયરીંગ કોલેજમાંથી બી.ઈ. મીકેનીકલ ડીસ્ટીનકશન સાથે પાસ કરીને મુંબઈ યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ સીસ્ટમ મેનેજમેન્ટમાં ફસ્ટ કલાસ સાથે ઉત્તીર્ણ થયા છે. મુંબઈની સુવિખ્યાત આઈ.ટી. કંપનીઓ જેવી કે આઈ ફ્લેક્ષ સોલ્યુશન, રીલાયન્સ ઈન્ફોકોમ અને સી.એમ.સી. લિમીટેડ વગેરેમાં સોફ્ટ એન્જીનીયર તરીકે અનુભવ પ્રાપ્ત કરીને અમેરિકાની વિવિધ કંપનીઓ જેવી કે વિપ્રો લિમીટેડ અને બેંક ઓફ ન્યુયોર્કમાં કાર્ય કર્યુ છે.



Google દ્વારા આયોજીત Doodle4Google સ્પર્ધામાં મુંબઈના કુ. કાજલ ચંદ્રકાંત સોની વિજેતા થયેલ તેમને જ્ઞાતિસેતુ પરિવાર તરફથી અભિનંદન તેમની સફળતાની વિગત તેમના જ શબ્દોમાં...

Kajal Chandrakant Soni Doodle4Google contest forms were given in our school. Our topic was unity in diversity in India. I participatd and submitted my form. My doodle got selected. We were called to Delhi from Google. My vice principal and my brother accompanied me. Top 12 entries from all over India had been chosen from over 2, 00, 000 entries, 1000 schools and 60 cities. We 12 were called and our stay was in the Courtyard Marriott. We were taken to the National Rail Museum for the final event. I won 2 trophies, 1 certificate, a Samsung Galaxy n800, Sony Headphones, a Google goodie with classmate products inside it, a shirt printed with my doodle on it, a box full of chocolates. The guests at the event were Mr. Boman Irani, a cartoonist Ajit Ninann, the cartoonist of tinkle comics, the CEO of the Google company. It was and will always remain as the most memorable experience.





॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark
Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯

Chimanlal Soni 98985 15125 Pratish C. Soni 98240 31029

# PRATISH Industries

## MANUFACTURER OF :

- Sheet Metal Press Components
- Electronics Sheet Metal Press Components
- Tools & Dies
- CNC Wire Cut



Factory : 390 GIDC, Makarpura, Baroda-390010

Tel. : 0265-2637736 Telefax : 0265-2643155

E-mail : pratishindustries@yahoo.in